દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 7 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૮ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# તિબેટમાં ૬.૮નો વિનાશક ધરતીકંપઃ ૧૨૬નાં મોત

## ઉત્તર ભારત, નેપાળ, ચીન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનમાં આંચકા અનુભવાયા

બીજિંગઃ તિબેટના સૌથી પવિત્ર મનાતા શહેર ઝીગેઝના ડિંગ્રી કાઉન્ટીમાં મંગળવારે સવારે ૬.૮નો વિનાશક ધરતીકંપ આવતાં ૧૨૬ લોકો માર્યા ગયા હતા અને ૧૮૮થી વધુ ઘાયલ થયા હતા. આ ધરતીકંપની અસર ઉત્તર ભારત, નેપાળ, ચીન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન સહિત અનેક દેશમાં જોવા મળી હતી. ભારતમાં બિહાર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ઝારખંડ સહિત અનેક રાજ્યમાં સવારે ૬.૩૫ વાગ્યે ભૂકંપના આંચકા લાગ્યા હતા અને ત્યાર બાદ અંદાજે દોઢ કલાકમાં વધુ પાંચ પાછોતરા આંચકા આવ્યા હતા.

ભૂકંપનું કેન્દ્ર નેપાળના સોલુખુમ્બુ જિલ્લામાં હતું.


બિહારમાં પટનાથી પૂર્ણિયા સુધીના ક્ષેત્ર અને મધુબની તેમ જ સીતામઢી ખાતે ધરતી ધ્રૂજી હતી. મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ભાગલપુર, મુંગેર, વૈશાલી, શિવાન, સુપૌલ, ગોપાલગંજ, પૂર્વ ચંપારણ સહિતના અનેક

વિસ્તારમાં ભૂકંપની અસર જોવા મળી હતી.

નેપાળ અને તિબેટની સરહદે મંગળવારે સવારે આવેલા ધરતીકંપની તીવ્રતા ૭.૧ હતી એમ અમેરિકાની જિયોલોજિકલ સર્વિસે જણાવ્યું હતું. ચીનના ઝિઝાંગ પ્રાંતમાં જાનમાલને ભારે હાનિ થઇ હતી.

ચીનના તિબેટ ઝિગેઝમાં ડિંગી કાઉન્ટીમાં સવારે ૯.૦૫ વાગ્યે (ચીનના સ્થાનિક સમય) આવેલા ધરતીકંપમાં ૧૨૬થી વધુ લોકો માર્યા ગયા હતા અને

(જુઓ પાનું ૨) ▶▶





## માઉન્ટ એવરેસ્ટનું દર્શનીય ક્ષેત્ર બંધ

બીજિંગઃ તિબેટના સ્વાયત્ત વિસ્તારની ડિંગરી કાઉન્ટીને ૬.૮ પરિમાણવાળા ભૂકંપે હચમચાવી નાખતાં ચીને મંગળવારે માઉન્ટ એવરેસ્ટની પોતાની તરફના દર્શનીય ક્ષેત્રને સહેલાણીઓ માટે બંધ કરી દીધું છે. ચીનમાં માઉન્ટ એવરેસ્ટને માઉન્ટ ક્વોમોલાંગમા તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વના સર્વોચ્ચ શિખરનો બેઝ કેમ્પ ડિંગરીમાં છે. સ્થાનિક વહીવટીકર્તાના જણાવ્યા પ્રમાણે મંગળવારે સવારે ૯-૦૫ કલાકે (બીજિંગના સમય પ્રમાણે) ભૂકંપ આવ્યો ત્યાર બાદ કર્મચારી વર્ગ અને સહેલાણીઓ સલામત સ્થિતિમાં છે.

રીજનલ ડિઝાસ્ટર રીલીફ વડા મથકના જણાવ્યા પ્રમાણે ભૂકંપમાં ૯૫ લોકો મરણ પામ્યાં હતાં અને ૧૩૦થી

વધુ લોકોને ઈજા પહોંચી હતી.

સરકારી સમાચાર સંસ્થા ઝિનહુઆએ ડિંગરી કલ્ચર એન્ડ ટુરિસ્ટ બ્યુરોને ટાંકીને કહ્યું હતું કે દર્શનીય ક્ષેત્રમાં હોટેલનાં મકાનો અને આસપાસના વિસ્તારો સલામત છે.

જોકે ડિંગરીમાં આવેલા ક્વોમોલાંગમા સ્ટેશન ફોર એટમોસ્ફેરિક એન્ડ એન્વાઈરોનમેન્ટલ રીસર્ચ ઑફ ધ ચાઈનીઝ એકેડેમી ઑફ સાયન્સીસમાં વીજળી ડુલ થઈ ગઈ છે. આમ છતાં સુવિધાઓ સારી

(જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીમાં ચૂંટણી જાહેર

## પાંચમી ફેબ્રુઆરીએ મતદાન, આઠમીએ પરિણામ

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે મંગળવારે બપોરે દિલ્હી વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જાહેરાત કરી કે એક જ તબક્કામાં મતદાન થશે, પાંચ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે, જેનું પરિણામ આઠમી ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવશે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ઇવીએમ એક ફૂલપ્રૂફ ઉપકરણ છે. ઈવીએમમાં વાઇરસ પ્રવેશી શકતો નથી. ચૂંટણીમાં પારદર્શિતા અમારી પ્રાથમિકતા છે.

ઇવીએમ પર ઉઠાવવામાં આવેલા સવાલ પર રાજીવ કુમારે કહ્યું કે બેટરી એ જ દિવસે સીલ થઈ જાય છે. મતદાનના

(જુઓ પાનું ૨) ▶▶




**ચૂંટણીની જાહેરાતઃ** દિલ્હી વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવા યોજાયેલી પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની સાથે ચૂંટણી કમિશનરો - જ્ઞાનેશ્વર કુમાર અને સુખવીર સિંહ. (પીટીઆઇ)

## કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની ટ્રમ્પની ઑફર

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની ફરી ઑફર કરી હતી.

૫૩ વર્ષીય જસ્ટિન ટ્રુડોએ પોતાની લિબરલ પાર્ટી સરકાર લઘુમતીમાં આવી જતાં રાજીનામું આપવાની સોમવારે જાહેરાત કરી હતી. ૭૮ વર્ષીય ડોનલ્ડ ટ્રમ્પના સંબંધ કેનેડાના વિદાય લઇ રહેલા વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો સાથે ખરાબ છે. તેઓ વચ્ચે ૨૦૧૭થી ૨૦૨૧ના સમયગાળા દરમિયાન અનેક વખત વિવાદ ઊભો થયો હતો.ટ્રમ્પે જણાવ્યું હતું કે કેનેડાના અનેક લોકો પોતાના દેશને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવા માગે છે. અમેરિકા વધુ લાંબો સમય કેનેડા સાથેની વેપારમાંની ખાધ ચાલુ નહિ રાખે અને કેનેડાને વધુ આર્થિક સહાય કરી નહિ શકે. જસ્ટિન ટ્રુડોને આ વાતની ખબર છે અને હવે તેમણે રાજીનામું આપી દીધું છે.

અમેરિકાના ચૂંટાયેલા નવા પ્રમુખે જણાવ્યું હતું કે જો કેનેડાને અમેરિકામાં વિલીન કરાશે, તો કેનેડાથી માલસામાનની આયાત પર અમેરિકા જકાત-વેરો નહિ લાદે તેમ જ રશિયા અને ચીનના જહાજોથી કેનેડા સલામત રહી શકશે. અમે સાથે મળીને મહાન રાષ્ટ્રનું નિર્માણ કરીશું. અગાઉ, ટ્રમ્પે કેનેડાથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા જકાત લાદવાની ચીમકી આપી હતી. (એજન્સી)■

## ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં જોવા મળશે ભારતીય-અમેરિકન ‘ઢોલ બેન્ડ’ની ઝલક

વોશિંગ્ટનઃ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે ૨૦ જાન્યુઆરીએ ડોનલ્ડ ટ્રમ્પના શપથ લીધા બાદ આયોજિત થનારી પરેડમાં ભાગ લેવા માટે ભારતીય અમેરિકન ‘ઢોલ બેન્ડ’ને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પરેડ કેપિટોલ હિલ (અમેરિકન સંસદ પરિસર) થી વ્હાઇટ હાઉસ (અમેરિકાના રાષ્ટ્રપતિનું સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય) સુધી કાઢવામાં આવશે.

સોમવારે જાહેર કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું હતું કે ટેક્સાસસ્થિત ભારતીય પરંપરાગત ‘ઢોલ બેન્ડ’ ગ્રૂપ ‘શિવમ ઢોલ તાશા પાઠક’ પોતાના જીવંત તાલ અને જોશીલી ધૂન સાથે વોશિંગ્ટનમાં યોજાનારા આ કાર્યક્રમ દરમિયાન વિશ્વને ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાઓની એક ઝલક રજૂ કરશે જેને વિશ્વભરના લાખો લોકો જોશે. રિલીઝમાં કહેવામાં આવ્યું હતું કે આ સિદ્ધિ માત્ર આ ગ્રૂપ માટે જ નહીં પરંતુ ટેક્સાસ અને અમેરિકા અને સમગ્ર દુનિયામાં રહેનારા ભારતીય સમુદાય માટે પણ એક ગર્વની ક્ષણ છે. આ પ્રથમ વખત છે જ્યારે ટેક્સાસ રાજ્યમાંથી ભારતીય પરંપરાગત ‘ઢોલ બેન્ડ’ ગ્રૂપ આટલા ભવ્ય સ્ટેજ પર પરફોર્મ કરશે. ■

## આર્થિક વિકાસ છેલ્લાં ચાર વર્ષનો સૌથી વધુ ધીમો રહેવાની વકી

નવી દિલ્હીઃ ભારતનો આર્થિક વિકાસદર ૨૦૨૪-૨૫માં ૬.૪ ટકા એટલે કે છેલ્લાં ચાર વર્ષમાંનો સૌથી વધુ ધીમો રહેવાની શક્યતા મંગળવારે જાહેર કરાયેલા સરકારી આંકડામાં વ્યક્ત કરાઇ હતી.

દેશમાં ૨૦૨૦-૨૧માં કોવિડનો રોગચાળો ફેલાયો, તે પછીના સમયગાળા દરમિયાન ૨૦૨૪-૨૫માં કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) સૌથી ઓછું રહેવાની ધારણા છે. દેશનો આર્થિક વિકાસદર ૨૦૨૧-૨૨માં ૯.૭ ટકા, ૨૦૨૨-૨૩માં સાત ટકા અને ૨૦૨૪ના માર્ચમાં પૂરા થયેલા છેલ્લાં નાણાકીય વર્ષમાં ૮.૨ ટકા નોંધાયો હતો.

મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ (સેવા) ક્ષેત્રે ખરાબ કામગીરીને લીધે ૨૦૨૪-૨૫માં આર્થિક વિકાસદર ઓછો રહેવાનો અંદાજ છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસે ૨૦૨૪-૨૫ની રાષ્ટ્રીય આવકનો સૌપ્રથમ આગોતરો અંદાજ જાહેર કર્યો હતો અને તેમાં આર્થિક વિકાસદર ૨૦૨૪-૨૫માં ૬.૪ ટકા રહેવાની આગાહી કરાઇ હતી.

અગાઉ, ભારતીય રિઝર્વ બૅન્કે ૨૦૨૪માં ચાલુ નાણાકીય વર્ષનો

(જુઓ પાનું ૨) ▶▶

## શ્વાસોચ્છ્વાસને લગતી બીમારી અંગે ધ્યાન રાખવા રાજ્યોને સૂચના

નવી દિલ્હીઃ કેન્દ્રે રાજ્યોને શ્વાસોચ્છ્વાસને લગતી બીમારીના વધી રહેલા દરદીઓ અંગે ધ્યાન રાખવાની ખાસ સૂચના આપી હતી. દેશમાં હ્યુમન મેટાન્યૂમોવાઇરસ (એચએમપીવી)ના દરદીઓની સંખ્યા વધીને પાંચ થઇ છે, જ્યારે મહારાષ્ટ્રના નાગપુરમાં બે શંકાસ્પદ દરદી નોંધાયા હતા.

નાગપુરમાં મળેલા શ્વસનતંત્રના બે દરદીના નમૂના નાગપુરની ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ (એઇમ્સ)ને અને પુણેની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાઇરોલોજીને મોકલાયા હતા. ગુજરાત, કર્ણાટક, તમિળનાડુમાં હ્યુમન મેટાન્યૂમોવાઇરસ (એચએમપીવી)ના કુલ પાંચ દરદી નોંધાયા હતા.

કેન્દ્રના આરોગ્ય પ્રધાન જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે સરકાર આ વાઇરસના ફેલાવા પર નજર રાખી રહી છે અને તેને વધુ ફેલાતો રોકવા માટે જરૂરી પગલાં લેવાઇ રહ્યા છે. આ પ્રકરણમાં ચિંતા કરવાની ખાસ જરૂર નથી. હ્યુમન મેટાન્યૂમોવાઇરસ (એચએમપીવી)નો ચેપ દરેક ઉંમરના લોકોને થાય છે. આ વાઇરસ ચીનમાંથી વિશ્વભરમાં ફેલાયા છે. શિયાળામાં ઇન્ફ્લૂએન્ઝા જેવી બીમારી અને સિવર એક્યૂટ રેસ્પિરેટરી ઇલનેસમાં વધારો જોવા મળ્યો છે.

તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટેલિને આરોગ્ય વિભાગના અધિકારીઓને આ કિસ્સામાં જરૂરી પગલાં લેવાની સૂચના આપી હતી. (એજન્સી)■

**હિમવર્ષાઃ** અમેરિકાના મિશિગનના રોમુલસમાં ડેટ્રોઇટ મેટ્રોપોલિટન વાયન કાઉન્ટી વિમાનમથકે પડેલો બરફ સાફ કરી રહેલો કર્મચારી. અમેરિકાના અનેક રાજ્યમાં આ વખતે ગયા શિયાળાની સરખામણીમાં વધારે હિમવર્ષા થવાની આગાહી છે. (એપી / પીટીઆઇ)




## આસામમાં કોલસાની ખાણમાં ફસાયા શ્રમિકો, બચાવ અભિયાનમાં જોડાયા ઈન્ડિયન નેવીના ડાઈવર્સ



**બચાવ કામગીરીઃ** આસામના દિમા હસાઓ જિલ્લામાં કોલસાની ખાણ ખાતે ચાલતી બચાવ કામગીરી. ખાણિયાઓને બચાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાઈ હતી. (પીટીઆઇ)

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિશ્વા શર્માએ મંગળવારે જણાવ્યું હતું કે દીમા હસાઓ જિલ્લામાં કોલસાની એક ખાણમાં ફસાયેલા નવ કામદારોને બચાવવામાં સ્થાનિક અધિકારીઓની મદદ માટે ભારતીય નૌકાદળના ડાઇવર્સને બોલાવવામાં આવ્યા છે કારણ કે ખીણની અંદર પાણીનું સ્તર લગભગ ૧૦૦ ફૂટ વધી ગયું છે. સર્માએ જણાવ્યું હતું કે ડાઇવર્સ વિશાખાપટ્ટનમથી આવ્યા છે.

આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિશ્વા સર્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર કહ્યું હતું કે, બચાવ અભિયાનમાં મદદ માટે નેવીના ડાઇવર્સને બોલાવવામાં આવ્યા છે. તૈનાત ટીમના મૂલ્યાંકન અનુસાર ખાણની અંદર પાણીનું સ્તર લગભગ ૧૦૦ ફૂટ સુધી વધી ગયું છે. એક જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઇ શ્રમિકને ખાણમાંથી બહાર કાઢવામાં આવ્યા નથી.

એક સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે નવ કામદારોને બચાવવા માટે આર્મીના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે અને કામદારોને બચાવવા માટે ડાઇવર્સ અને ‘સૈપર્સ’ જેવા નિષ્ણાતોની એક રાહત ટાસ્ક ફોર્સ ઉમરાંગસોમાં ઘટનાસ્થળ પર પહોંચી હતી. તેમણે કહ્યું હતું કે ભારતીય સેના અને આસામ રાઈફલ્સનું એક કાર્યદળ શ્રમિકોને બચાવવાના અભિયાનમાં સામેલ થયું હતું.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ફસાયેલા લોકોને બચાવવા માટે તમામ પ્રયાસો નાગરિક વહીવટીતંત્ર સાથે સંકલન કરીને કરવામાં આવી રહ્યા છે. મુખ્ય પ્રધાને બચાવ કામગીરીમાં મદદ કરવા બદલ આર્મીનો આભાર માન્યો હતો.

મુખ્ય પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે, ‘આ ઝડપી પ્રતિસાદ માટે તમારો ખૂબ ખૂબ આભાર. કોલસાની ખાણમાં ફસાયેલા શ્રમિકોને બચાવવા માટે તમામ સંભવિત પ્રયાસો કરી રહ્યા છીએ. એસડીઆરએફના જવાનો પણ બચાવ અભિયાનમાં જોડાયા છે. એક અધિકારીએ જણાવ્યું કે, પાણી બહાર કાઢવા માટે બે મશીનો લગાવવામાં આવી છે. ઉમરાંગસોમાં આવેલી આસામ કોલસાની ખાણમાં અચાનક પાણી ભરાવાના કારણે ૯ કામદારો સોમવારથી ફસાયા હતા. કર્મચારીઓના મતે ખાણની અંદર લગભગ ૧૫ શ્રમિક હતા. જોકે અધિકારીઓએ સંખ્યાની પુષ્ટી કરી નહોતી. મુખ્ય પ્રધાને ફસાયેલા શ્રમિકોના નામ આપ્યા હતા જેમાં ગંગા બહાદુર શ્રેથ, હુસૈન અલી, ઝાકિર હુસેન, સરપા બર્મન, મુસ્તફા શેખ, ખુશી મોહન રાય, સંજીત સરકાર, લિઝાન મગર અને સરત ગોયારીનો સમાવેશ થાય છે.’ ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જસ્ટિન ટ્રુડોની વિદાય, ભારતીયો ખુશ છે

**છેલ્લા** ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આણીને છેવટે કેનેડાના વડા પ્રધાનપદેથી જસ્ટિન ટ્રુડોએ રાજીનામું આપી દીધું હતું. જસ્ટિન ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા છે અને તેમણે લિબરલ પાર્ટીના નેતાપદેથી પણ રાજીનામું આપી દીધું. ટ્રુડોના પક્ષ લિબરલ પાર્ટીના ૨૪ સાંસદોએ ઓક્ટોબરમાં જાહેરમાં તેમના રાજીનામાની માગ કરી ત્યારથી ટ્રુડો આજે જશે કાલે જશે એવું ચાલતું હતું પણ ટ્રુડો મગનું નામ મરી નહોતા પાડતા. છેવટે સોમવારના સપરમા દાડે તેમણે અલવિદા કરી નાખ્યું.

રાજીનામું આપતા પહેલાં ટ્રુડોએ રાષ્ટ્રને સંબોધન કર્યું તેમાં કહ્યું કે, હું આગામી ચૂંટણી માટે સારો વિકલ્પ નથી. ટ્રુડોએ એમ પણ કહ્યું કે, હું હંમેશાં કેનેડિયનોના ભલા માટે કામ કરીશ. ટ્રુડોના આ નિવેદનનો એવો અર્થ કઢાઈ રહ્યો છે કે, ટ્રુડો હવે પછીની ચૂંટણી નહીં લડે પણ લિબરલ પાર્ટીમાં સક્રિય રહેશે. અલબત્ત નવેમ્બર ૨૦૧૫થી ૧૦ વર્ષ સુધી દેશના વડા પ્રધાન રહ્યા પછી લિબરલ પાર્ટીમાં ટ્રુડો માટે શું ભૂમિકા હશે એ સવાલ મોટો છે.

ટ્રુડો કેનેડામાં રહીને ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરતા ખાલિસ્તાનવાદીઓને પંપાળતા હતા ને ભારત સાથેના સંબંધો પણ બગાડીને બેસી ગયેલા તેથી સ્વાભાવિક રીતે જ ભારતમાં ટ્રુડોની વિદાયથી ખુશી છે. ટ્રુડોની મહેરબાનીથી ભારત અને કેનેડાના સંબંધોમાં લાંબા સમયથી તણાવ છે. ગયા વરસના સપ્ટેમ્બરમાં જસ્ટિન ટ્રુડોએ ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ બ્રિટિશ કોલંબિયામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટની સંભવિત સંડોવણીનો આક્ષેપ મૂક્યો પછી ભારત-કેનેડા વચ્ચેના સંબંધો અત્યંત તંગ બની ગયા હતા.

ભારતે ૨૦૨૦માં નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો છતાં કેનેડા તેને પોષતું હતું એ મુદ્દે લાજવાના બદલે ગાજીને ટ્રુડો સરકારે ભારત પર દોષારોપણ કરેલું ને ભારતના રાજદ્વારીઓને કાઢી મૂકેલા. ભારતે ટ્રુડોના આરોપોને વાહિયાત ગણાવીને નકારી કાઢ્યા હતા ને સામે એ જ ભાષામાં જવાબ આપ્યો તેના કારણે બંને દેશોના સંબંધો તંગ બની ગયેલા ને હજુ તંગ જ છે. આ કારણે ઘણા ચાવળા ભારતના કારણે ટ્રુડોએ જવું પડ્યું એવી ફાલતુ વાત પણ ચલાવી રહ્યા છે પણ એ વાતમાં દમ નથી.

ટ્રુડો તેમની ખરાબ આર્થિક નીતિઓના કારણે ગયા છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ ફરી પ્રમુખપદે ચૂંટાયા એ પણ એક કારણ છે. સતત વધી રહેલી મોંઘવારીને કારણે ટ્રુડો સામે કેનેડિયનોમાં નારાજગી છે. ટ્રુડોએ કેનેડાને મજબૂત ઈકોનોમી બનાવવા માટે વિદેશીઓ માટે દરવાજા ખોલ્યા પણ તેમના માટે સવલતો ઊભી ના કરી શક્યા. આ કારણે કેનેડામાં અત્યારે ઘરોની તંગી છે. આ કારણે પણ લોકો બહુ પરેશાન છે. કેનેડામાં ઇમિગ્રન્ટ્સ એટલે કે વિદેશથી આવનારાં લોકોની વધતી સંખ્યા અને કોવિડ-૧૯ પછી સર્જાયેલી પરિસ્થિતિને કારણે દેશ પર પડી રહેલા બોજ અને ચીજવસ્તુઓની તંગી સહિતના પ્રશ્નો પણ સતાવી રહ્યા હતા.

ભારત અને કેનેડાના સંબંધો તો ગયા વરસના જૂનમાં હરદીપસિંહ નિજ્જરની હત્યાના મુદ્દે ઓક્ટોબરમાં રાજદ્વારીઓની હકાલપટ્ટીના કારણે વણસ્યા પણ ટ્રુડો સામેનો વિરોધ બહુ પહેલાં ચાલુ થઈ ગયેલો. કેનેડાની સંસદ, હાઉસ ઓફ કોમન્સમાં ૩૩૮ બેઠકો છે કે જેમાં લિબરલ પાર્ટી પાસે ૧૫૩ સાંસદો છે. કેનેડિયન હાઉસ ઓફ કોમન્સમાં સાદી બહુમતીનો આંકડો ૧૭૦ છે.

ટ્રુડોની પાર્ટી પાસે પહેલેથી બહુમતી નહોતી પણ ખાલિસ્તાની તરફી કેનેડિયન શીખ સાંસદ જગમીત સિંહની પાર્ટી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) એ ટેકો આપતાં સરકાર ચાલતી હતી. એનડીપીના ૨૫ સાંસદો છે ને તેમણે સપ્ટેમ્બરમાં સમર્થન પાછું ખેંચી લીધું હતું. એનડીપી સાથેનું જોડાણ તૂટવાને કારણે ટ્રુડો સરકાર લઘુમતીમાં આવી ગઈ પછી જગમીત સિંહે ટ્રુડો સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી.

આ દરખાસ્ત પર ૧ ઓક્ટોબરે મતદાન થયું તેમાં ટ્રુડોની લિબરલ પાર્ટીને ૩૩ સાંસદો ધરાવતી બ્લોક ક્યુબેકોઈસનો ટેકો મળતાં ટ્રુડોની સરકાર બચી ગઈ હતી. અણી ચૂક્યો સો વરસ જીવે એ હિસાબે ટ્રુડોએ વરસ ખેંચી કાઢ્યું પણ હવે બ્લોક ક્યુબેકોઈસ પણ ટ્રુડોની પડખે નથી. તેનું કારણ એ કે, ઓક્ટોબરમાં ચૂંટણી છે ને ટ્રુડોને ટેકો આપીને બ્લોક ક્યુબેકોઈસ પોતાનું જનસમર્થન ખોવા તૈયાર નથી. તેના કારણે ટ્રુડોના વિરોધીઓએ ફરી માથું ઊંચક્યું.

જો કે ટ્રુડો મચક આપવાના મૂડમાં નહોતા પણ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખપદની ચૂંટણીમાં જીતી જતાં બાજી બગડી ગઈ. ટ્રમ્પે કેનેડાના માલ પર જંગી ડ્યૂટી ઠોકવાની ધમકી આપી તેમાં ટ્રુડોના વિરોધીઓને તક મળી ગઈ. કેનેડાની ઈકોનોમી અમેરિકા પર આધારિત છે ત્યારે અમેરિકા ડ્યૂટી ઠોકી દેશે તો આપણું આવી બનશે એવો પ્રચાર શરૂ થયો.

ટ્રુડોએ બચવાના છેલ્લા હવાતિયા તરીકે દરેક નાગરિકના ખાતામાં ચોક્કસ રકમ જમા કરાવવાની જાહેરાત કરી નાંખી. આ પગલાના વિરોધમાં કેનેડાના ડેપ્યુટી પીએમ અને નાણાં મંત્રી ક્રિસ્ટિયાએ રાજીનામું આપી દીધું છે. ક્રિસ્ટિયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કે, છેલ્લા કેટલાક સમયથી ટ્રુડો અને પોતે ઘણી બાબતો પર સહમત ન હતા.

ક્રિસ્ટિયા લાંબા સમયથી ટ્રુડોના સૌથી વિશ્વાસુ અને વફાદાર મંત્રી મનાતાં હતાં પણ ક્રિસ્ટિયાએ ટ્રુડો દ્વારા નાગરિકોના ખાતામાં રોકડ રકમ જમા કરાવવાના નિર્ણય સામે અસંમતિ વ્યક્ત કરી હતી. ક્રિસ્ટિયાએ કહ્યું હતું કે, કેનેડા અમેરિકામાં નિકાસ પર ટેરિફના જોખમનો સામનો કરી રહ્યું છે ત્યારે વધારે ખર્ચ કરવાથી બચવું જોઈએ. તેના બદલે ટ્રુડો તો લહાણી કરી રહ્યા છે. ક્રિસ્ટિયાના રાજીનામાના પગલે ભડકો થઈ ગયો અને લિબરલ પાર્ટીના ૧૫૨ સાંસદોમાંથી ૧૪૦થી વધુ સભ્યોએ તેમનાં રાજીનામાં માટે દબાણ કરતાં ટ્રુડો પાસે ઘરભેગા થવા સિવાય વિકલ્પ નહોતો.

ટ્રુડોના રાજીનામાના પગલે હવે નવા વડા પ્રધાન નિમાય છે કે સીધી ચૂંટણી આવી પડે છે એ જોવાનું રહે છે. લિબરલ પાર્ટીમાં વિદેશ મંત્રી મેલાની જોલી, ડોમિનિક લેબ્લેન્ક, માર્ક કાની જેવા ઘણા નામ છે જે ટ્રુડોનું સ્થાન લઈ શકે છે પણ સવાલ તેમાંથી કોઈને બીજા પક્ષ ટેકો આપવા તૈયાર થાય છે કે નહીં તેનો છે. કેનેડામાં આ વર્ષે ચૂંટણી યોજાવાની છે અને સંસદસભ્યો ચૂંટવા માટે ઓક્ટોબર પહેલાં ચૂંટણી કરવી પડશે. ટ્રુડોની પાર્ટી પાસે બહુમતી નથી ને કોઈ ટેકો ના આપે તો તાત્કાલિક ચૂંટણી થઈ જાય એવું પણ બને. ભારતને તેનાથી બહુ ફરક પડતો નથી કેમ કે કેનેડામાં ગમે તે સરકાર આવે, ભારત તરફના વલણમાં બહુ ફરક નહીં પડે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, બુધવાર, તા. ૮-૧-૨૦૨૫, શ્રી હરી નવમી.

ભારતીય દ્નિાંક ૧૮, માહે પૌષ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૯
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૯
પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૭મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૯મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
નક્ષત્ર અશ્વિની સાંજે ક. ૧૬-૨૯ સુધી, પછી ભરણી.
ચંદ્ર મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતી : સાંજે ક. ૧૯-૨૫,
ઓટઃ બપોરે ક. ૧૨-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૯ (તા. ૯)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - નવમી. શ્રી હરી નવમી.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, બુધ કેતુ ગ્રહ દેવતાનું પૂજન, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, પુરુષ સુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, નિત્ય થતાં દુકાન, વેપાર, દસ્તાવેજ, પશુ લે-વેચનાં કામકાજ, બી વાવવું, ધાન્ય ભરવું.
આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ કળા પ્રેમી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ (તા. ૯)
ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઈન્ટરપોલની તર્જ પર હવે 'ભારતપોલ'ની શરૂઆત

**નવું પોર્ટલઃ** સીબીઆઇ દ્વારા તૈયાર કરાયેલા નવા પોર્ટલ 'ભારતપોલ'ને નવી દિલ્હીમાં મંગળવારે શરૂ કરાવતા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ. (પીટીઆઇ)




નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે સીબીઆઈનું ભારતપોલ પોર્ટલ શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય દેશમાં ઇન્ટરપોલ જેવી સિસ્ટમ સ્થાપિત કરવાનો છે. સીબીઆઈએ આ અત્યાધુનિક ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કર્યું છે અને આ પોર્ટલ સીબીઆઈ હેઠળ કામ કરશે. આની મદદથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓ વિદેશમાં છુપાયેલા ભાગેડુઓ અથવા અન્ય મામલાની માહિતી સીધી ઈન્ટરપોલ પાસેથી મેળવી શકશે. આમ, આ પોર્ટલ આંતરરાષ્ટ્રીય પોલીસિંગ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સહાયક સાબિત થશે. આ પોર્ટલ ખાસ કરીને સાયબર ક્રાઈમ, ફાયનાન્સિયલ ક્રાઈમ, ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ, હ્યુમન ટ્રાફિકિંગ અને ઈન્ટરનેશનલ ગુનાઓની તપાસ ઝડપી બનાવવા માટે બનાવવામાં આવ્યું છે. આના દ્વારા રિયલ ટાઈમ માહિતી મેળવવાનું પણ શક્ય બનશે.

ગૃહ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તાજેતરનાં વર્ષોમાં સાયબર ગુનાઓ, નાણાકીય ગુનાઓ, ઓનલાઈન કટ્ટરપંથીકરણ, સંગઠિત અપરાધ, માદક દ્રવ્યોની હેરાફેરી, માનવ તસ્કરી વગેરેની વધતી જતી અસરને કારણે કેસોની તપાસ ઝડપી બનાવવાની જરૂર છે. એવા સમયે ભારતપોલ બહુ કામ લાગશે. ભારતપોલની મદદથી રાજ્ય પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ ઇન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય મદદ મેળવી શકશે.

ઈન્ટરપોલ દરેક સભ્ય દેશમાં તેના નેશનલ સેન્ટ્રલ બ્યુરો એનસીબી દ્વારા કામ કરે છે. ભારતમાં એનસીબી તરીકે સીબીઆઇ છે જે દેશભરની વિવિધ એજન્સીઓ સાથે સહયોગ કરીને ફોજદારી કેસોમાં આંતરરાષ્ટ્રીય સહયોગમાં મદદ કરે છે. કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરે આ સંકલન ઇન્ટરપોલ લાયઝન ઓફિસર્સ દ્વારા કરવામાં આવે છે. આઇએલઓ પોલીસ અધિક્ષક, પોલીસ કમિશનર અને તેમની સંબંધિત સંસ્થાઓમાં શાખાના વડાઓના સ્તરે યુનિટ ઓફિસર્સ સાથે સંકલન સાધે છે. હાલમાં સીબીઆઇ અને યુઓએસ વચ્ચે જરૂરી માહિતીઓની આપ-લે પત્રો, ઈમેલ અને ફેક્સ દ્વારા થાય છે, પણ એમાં ઘણો સમય લાગે છે. ઉપરાંત સમાચાર લીક થવાનું પણ જોખમ રહે છે. એવા સમયે ભારતપોલ ઘણું મદદરૂપ સાબિત થશે. હવે રાજ્યોની પોલીસ આ પોર્ટલ દ્વારા ઈન્ટરપોલને કોઈ પણ અપરાધીની માહિતી માટે સીધી વિનંતી કરી શકશે અને તેમને સીબીઆઇ પાસે જવાની જરૂર નહીં રહે. અમિત શાહે જણાવ્યું હતું કે ભારતપોલથી મોદી સરકારના બધા માટે સુરક્ષિત ભારત બનાવવાનું સ્વપ્ન પૂર્ણ થશે.

# ટ્રમ્પની સજાની સુનાવણી રોકવાનો કોર્ટનો ઈનકાર

ન્યૂ યોર્કઃ અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાની સજાની શુક્રવારે થનારી સુનાવણી અચોક્કસ મુદત માટે મુલતવી રાખવા કરેલી વિનંતિને મેનહેટનના ન્યાયાધીશ જુઆન એમ. મેર્ચેને નકારી કાઢી હતી.

ન્યાયાધીશે શુક્રવારની નિર્ધારિત સુનાવણીને મોકૂફ રાખવાનો ઇનકાર કર્યો હતો.

ડોનલ્ડ ટ્રમ્પ હજી પણ અપીલ્સ કોર્ટને આ કિસ્સામાં દરમિયાનગીરી કરવાની વિનંતિ કરીને સજાની સુનાવણી મુલતવી રખાવી શકે છે. જો તેમને સજા થશે, તો તેઓ મહાપરાધ માટે દોષી ઠરનારા અને દંડ થયો હોય એવા સૌપ્રથમ પ્રમુખ બનશે.

ટ્રમ્પ સત્તા પર આવે, તેના દસ દિવસ પહેલાં જ એટલે કે ૧૦ જાન્યુઆરીએ અહીંના એક ન્યાયાધીશ ટ્રમ્પની પોર્ન સ્ટારને 'ચૂપ રહેવા માટે નાણાં (લાંચ) આપવાના કેસ' સહિતના વિવિધ કેસમાંની સજા સંભળાવશે.

આમ છતાં, ટ્રમ્પને જેલની સજા નહિ કરાય એવો નિર્દેશ મળ્યો હતો. ન્યાયાધીશ જુઆન એમ. મેર્ચેને ટ્રમ્પના ખટલાની સુનાવણી કરી હતી અને દોષી જાહેર કર્યા હતા અને હવે તેઓ સજા સંભળાવશે.

ટ્રમ્પે પોતે અમેરિકાના પ્રમુખ ચૂંટાયા હોવાથી સજામાંથી માફી મળવી જોઇએ એવી દલીલ ન્યાયાધીશે નકારી કાઢી હતી.

૭૮ વર્ષીય ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે વીસમી જાન્યુઆરીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવાના છે.

ટ્રમ્પને 'બિઝનેસ રેકોર્ડ્સ' સાથે ચેડાં કરવાના અંદાજે ૩૪ કેસમાં મે મહિનામાં દોષી ઠરાવાયા હતા. તેમાં તેમણે પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને ૨૦૧૬માં પોતાની 'ખરાબ વાત' જાહેર નહિ કરવા બદલ લાંચ આપી હોવાના ગુનાનો સમાવેશ થાય છે. પરણેલા ડોનલ્ડ ટ્રમ્પે આ પોર્ન સ્ટાર સાથે સેક્સ માણ્યું હોવાનો અને બાદમાં પોતાની આ વાત જાહેર નહિ કરવા લાંચ આપી હોવાનો આક્ષેપ છે. અગાઉ, ટ્રમ્પે પાંચ નવેમ્બરની પ્રમુખપદની ચૂંટણી જીતી તે પછી ન્યાયાધીશે તેમની સજા સંભળાવવાની તારીખ પાછળ ઠેલી હતી. (એજન્સી)

# જમ્મુ અને કાશ્મીરના વિધાનસભ્યોને ત્રણ મહિના મોડું વેતન મળ્યું

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરની પહેલી વિધાનસભાના સભ્ય એટલે કે વિધાનસભ્યો છેલ્લાં ત્રણ મહિનાથી વગર પગારે જ કામ કરી રહ્યા હતા. જોકે હવે તેમને પહેલું વેતન મળ્યું છે. હજી બે મહિનાનું વેતન બાકી છે. ત્રણ મહિના બાદ મળેલું વેતન પહેલાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય હતું ત્યારે અપાતું હતું એના જેટલું જ છે. અધિકારીઓનું કહેવું છે કે કોન્સ્ટિટ્યુઅન્સી ડેવલપમેન્ટ ફંડ (મતદારક્ષેત્ર વિકાસ નિધિ, સીડીએફ) માટે બધા વિધાનસભ્યોએ રાહ જોવી પડશે.

સીડીએફ વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં અંદાજપત્રીયની જોગવાઈ પ્રમાણે મળશે. એ હજી નક્કી નથી કે તેમને દરેક વર્ષે ત્રણ કરોડ રૂપિયા મળશે કે એમાં કાપ મુકાશે.

વિધાનસભાના સંબંધિત અધિકારીઓએ માહિતી આપી હતી કે મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનમંડળના સાથીદારોને તથા વિધાનસભ્યોને વેતન પાંચ ઓગસ્ટ ૨૦૧૯ પહેલાંના જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં વિધાનસભ્યો અને પ્રધાનો માટે નક્કી કરેલા વેતનના આધારે મળશે. વિધાનસભ્યોનું કુલ માસિક વેતન ભથ્થા સહિત રૂપિયા ૧.૬ લાખ છે.

અગાઉના જમ્મુ અને કાશ્મીરના રાજ્યમાં વિધાનસભ્યોને દર વર્ષે ત્રણ કરોડ રૂપિયા સીડીએફ મળતું હતું. જમ્મુ અને કાશ્મીરના વિધાનસભ્યોના વેતન અને ભથ્થાં હજી નક્કી કરવાના બાકી છે. આનો અંતિમ અધિકાર ઉપરાજ્યપાલ મનોજ સિંહા પાસે છે. પ્રદેશ કેબિનેટે વિધાયકોના વેતનમાં વધારો કરવાના પ્રસ્તાવ ઉપરાજ્યપાલને મોકલ્યો છે. જોકે એમાં કોઈ પ્રગતિ થઈ નથી.

અહીં ઉલ્લેખનીય છે કે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની રચના ઓક્ટોબર ૨૦૨૪એ કરવામાં આવી હતી. વિધાનસભામાં ૯૦ ચૂંટાયેલા અને પાંચ નામાંકિત વિધાનસભ્યની જોગવાઈ છે. હાલમાં ૮૮ વિધાનસભ્ય છે. પ્રદેશના વાર્ષિક બજેટ ૨૦૨૪-૨૫માં વિધાનસભ્યોના વેતન અને સીડીએફની કોઈ જોગવાઈ નથી. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટને ફેબ્રુઆરી ૨૦૨૪માં બજેટ સત્ર દરમિયાન મંજૂરી મળી.

# અમેરિકાના લ્યુઇસિયાનામાં બર્ડ ફ્લૂથી પ્રથમ મૃત્યુ

ન્યૂયોર્કઃ અમેરિકામાં બર્ડ ફ્લૂથી પ્રથમ મૃત્યુ નોંધાયું હોવાના અહેવાલ છે. લ્યુઇસિયાનામાં બર્ડ ફ્લૂથી એક વ્યક્તિનું મોત થયું હતું. આ વ્યક્તિ ગંભીર શ્વસન લક્ષણો સાથે હોસ્પિટલમાં દાખલ થયો હતો. લ્યુઇસિયાનામાં વ્યક્તિનું મૃત્યુ અમેરિકામાં બર્ડ ફ્લૂથી થનારું પહેલું મોત છે. લ્યુઇસિયાનાના આરોગ્ય અધિકારીઓએ સોમવારે મૃત્યુની જાહેરાત કરી હતી. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું કે તે વ્યક્તિ ૬૫ વર્ષથી વધુ ઉંમરનો હતો, તેને અગાઉથી જ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ હતી. તે બીમાર અને મૃત પક્ષીઓના સંપર્કમાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે આનુવંશિક વિશ્લેષણ દર્શાવે છે કે બર્ડ ફ્લૂ વાઇરસ દર્દીની અંદર પરિવર્તિત થયો હતો, જેથી વધુ ગંભીર બીમારી થઇ શકતી હતી. આરોગ્ય અધિકારીઓએ વ્યક્તિ અંગે કેટલીક અન્ય વિગતો જાહેર કરી હતી. અમેરિકામાં માર્ચથી અત્યાર સુધીમાં બર્ડ ફ્લૂના ૬૬ કેસોની પુષ્ટિ થઇ છે. પરંતુ અગાઉની બીમારીઓ હળવી હતી. મોટાભાગના બીમાર ખેત મજૂરો હતા અને તેઓ પોલ્ટ્રી અથવા ડેરી ગાયના સંપર્કમાં આવવાથી સંક્રમિત થયા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### તિબેટમાં

૧૮૮થી વધુ લોકો ઘાયલ થયા હતા, એમ ઝિન્હુઆ એજન્સીએ જણાવ્યું હતું. તિબેટમાં માત્ર ૫૫ મિનિટમાં જ ધરતીકંપના પાંચ આંચકા આવ્યા હતા અને છઠ્ઠો આંચકો પહેલાં આંચકાના દોઢ કલાકની અંદર જ નોંધાયો હતો. પાછોતરા આંચકાની તીવ્રતા ૪.૮થી પાંચની હતી.

વિવિધ દેશના લશ્કર અને સ્થાનિક વહીવટીતંત્રે મોટા પાયે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

ભૂકંપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં તંબૂ, ઠંડીથી બચવા માટેના કોટ, પથારી, ખાદ્યસામગ્રી, પાણી, દવા વગેરે મોકલાયા હતા.

મંગળવારે સવારે ધરતીકંપ થયો ત્યારે કેટલાક લોકો હજી ઊંઘતા હતા, જ્યારે અમુક લોકોએ પોતાનું દૈનિક કામકાજ હજી શરૂ જ કર્યું હતું.

ભૂકંપના આંચકાને લીધે લોકો ઘર છોડીને જાહેર, ખાસ કરીને મેદાનમાં દોડી ગયા હતા. સૌથી વધુ તકલીફ બહુમાળી ઇમારતોમાં રહેતા લોકોને પડી હતી. તેઓએ ઘરની બહાર નીકળીને લિફ્ટને બદલે દાદરા-સીડી પરથી ઇમારતની બહાર નીકળવાનું પસંદ કર્યું હતું.

અનેક જગ્યાએ લોકોની બૂમ અને ચીસ સંભળાતી હતી તેમ જ લોકો આમતેમ દોડતા હતા. સવારે ઘણી અંધાધૂંધી ફેલાઇ હતી. લોકો ધરતીકંપના છ આંચકા બાદ પાછા ઘરમાં જતાં પણ ડરતા હતા અને તેઓ મોડી સાંજ સુધી ઘરની બહાર રહ્યા હતા.

ધરતીકંપથી સૌથી વધુ અસરગ્રસ્ત ઝિગાઝેને શિગાસ્તે તરીકે પણ ઓળખવામાં આવે છે અને ત્યાં બૌદ્ધ ધર્મના (ગુરુ) લામાનો મઠ છે. જિંગરી પરગણામાં અંદાજે ૬૧,૦૦૦ લોકોને ભૂકંપની અસર થઇ હતી. ચીન તિબેટના વિસ્તારને ઝિઝાંગ તરીકે ઓળખાવે છે અને તે હિમાલયનો એક ભાગ છે.

અગાઉ, નેપાળમાં ૨૦૧૫માં આવેલા ધરતીકંપમાં ઓછામાં ઓછા ૯,૦૦૦ લોકો માર્યા ગયા હતા. (એજન્સી)

### માઉન્ટ એવરેસ્ટનું

સ્થિતિમાં છે. ચીન-નેપાળ સરહદે રહેલા માઉન્ટ ક્વોમોલાંગમાની પર્વતમાળા ૮,૮૪૦ મીટરની ઊંચાઈએ છે. તેનો ઉત્તરીય ભાગ તિબેટમાં જેને ચીન ઝિઝાન્ગ કહે છે.

હવામાન ખાતાની આગાહી સૂચવે છે કે ડિંગરીનું તાપમાન માઈનસ ૧૮થી શૂન્યની રેન્જની છે. માઉન્ટ ક્વોમોલાંગમાની ચીનની બાજુએ ૨૦૨૪માં ૧૩,૬૭૪ ટુરિસ્ટો આવ્યા હતા જે ૨૦૨૩થી બમણા છે. (એજન્સી)

### આર્થિક વિકાસ

આર્થિક વિકાસદર ૬.૬ ટકા રહેવાની આશા વ્યક્ત કરી હતી, પરંતુ સરકારે મંગળવારે જાહેર કરેલા આંકડામાં આર્થિક વિકાસદર માત્ર ૬.૪ ટકા રહેવાની ધારણા કરાઇ હતી.

આર્થિક વિકાસદરના આગોતરા અંદાજનો ઉપયોગ કેન્દ્રનું અંદાજપત્ર તૈયાર કરવામાં થાય છે.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ લોકસભામાં અંદાજપત્ર રજૂ કરશે.

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિકાસદર અગાઉના નાણાકીય વર્ષમાં ૯.૯ ટકા હતો, તે ઘટીને ચાલુ નાણાકીય વર્ષમાં ૫.૩ ટકા રહેવાની ધારણા છે.

વેપાર (ટ્રેડ), હોટેલ્સ, પરિવહન અને સંદેશવ્યવહાર ક્ષેત્રને સમાવતા સર્વિસ ક્ષેત્રનો વિકાસદર ૨૦૨૩-૨૪ના ૬.૪ ટકાની સરખામણીમાં ૨૦૨૪-૨૫માં માત્ર ૫.૩ ટકા જ રહેવાની શક્યતા છે. (એજન્સી)

### દિલ્હીમાં ચૂંટણી

દિવસે સીલ તોડવામાં આવશે. સવારે મોક પોલ થાય છે. કોણ આવ્યું અને કોણ ગયું તેનો રેકોર્ડ દિવસભર રાખવામાં આવે છે. ઈવીએમને સ્ટોર રૂમમાં પરત લાવવામાં આવે છે. જો ફોર્મ ૧૭ઈમાંથી પ્રાપ્ત થાય તો જ મતગણતરી શરૂ થાય છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. આજે આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાન ચૂંટણી ૨૦૨૫ માટે તેનું પ્રચાર ગીત 'ફિર લાયેંગે કેજરીવાલ' લોન્ચ કર્યું. આ દરમિયાન 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, દિલ્હીના મુખ્ય પ્રધાન આતિશી, પાર્ટીના નેતા મનીષ સિસોદિયા અને અન્ય નેતાઓ પણ હાજર હતા.

સત્તારુઢ આમ આદમી પાર્ટીએ દિલ્હીની તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અત્યાર સુધીમાં ૪૮ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જ્યારે ભાજપે માત્ર ૨૯ ઉમેદવારો જાહેર કર્યા છે.

અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળ આમ આદમી પાર્ટી ચોથી વખત સત્તા જાળવવા દમ લગાવી રહી છે, તો ભાજપ સત્તા પરિવર્તન થવાના દાવા કરી રહી છે. નોંધનીય છે કે ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં 'આપ' એ ૭૦માંથી ૬૭ બેઠકો મેળવીને જંગી જીત નોંધાવી હતી. ત્યાર બાદ ૨૦૨૦ વિધાનસભા ચૂંટણીમાં, 'આપ' એ ૭૦માંથી ૬૨ બેઠકો જીતી હતી. ભાજપને ૨૦૧૫માં માત્ર ત્રણ અને ૨૦૨૦માં માત્ર આઠ બેઠક જ મળી હતી.

દિલ્હી વિધાનસભા ચૂંટણીની અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે, દિલ્હીમાં કુલ એક કરોડ ૫૫ લાખ ૨૪ હજાર ૮૫૮ મતદારો નોંધાય છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીએ સોમવારે મતદારોની અંતિમ યાદી જાહેર કરી, જેમાં કુલ ૮૩ લાખ ૪૯ હજાર ૬૪૫ પુરૂષ અને ૭૧ લાખ ૭૩ હજાર ૯૫૨ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. થર્ડ જેન્ડરના મતદારોની સંખ્યા ૧૨૬૧ છે.

# આસામમાં ૧૧ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું

ગુવાહાટી : આસામના કાચર અને કાર્બી આંગલોગ જિલ્લામાં ત્રણ અલગ ઓપરેશનમાં ૧૧ કરોડ રૂપિયાનું કેફી દ્રવ્ય પકડાયું હતું, એવી માહિતી આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ આપી હતી.

પોલીસે સોમવારે કાચર જિલ્લાના ડિઘર ફુલેરટોલ વિસ્તારમાં રૂપિયા ૫.૧ કરોડ રૂપિયાનું ૧.૧૭ કિલો હેરોઈન પકડાયું હતું. બીજા ઓપરેશનમાં પોલીસે ધનેહરીમાં ૩૮ લાખ રૂપિયાની કિંમતનો ૭૩.૯૭ કિલો ગાંજો પકડ્યો હતો.

અધિકારીઓએ પડોશી રાજ્યમાંથી દિલ્લાઈ ટિનિઅલી જઈ રહેલી બસને કાર્બી આંગલોગ જિલ્લામાં આંતરીને છ કરોડ રૂપિયાનું હેરોઈન પકડ્યું હતું એવી માહિતી મુખ્ય પ્રધાને આપી હતી.

મુખ્ય પ્રધાને 'એક્સ' પર મુકેલી પોસ્ટમાં લખ્યું હતું કે ૧૧ કરોડ રૂપિયાના કેફીદ્રવ્યો પકડાયા હતા. આસામ પોલીસે ત્રણ આપેરેશનમાં આ કામ કર્યું હતું. પોલીસની સારી કામગીરી.

જોકે આ ઓપરેશનમાં કોઈ ધરપકડ કરાઈ છે કે નહીં એનો ઉલ્લેખ મુખ્ય પ્રધાન કર્યો નથી. (એજન્સી)

# ગુજરાતમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતરઃ કૃષિપ્રધાન રાઘવજીભાઈ પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર થયું છે. રાજ્યમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. આ અંગે માહિતી આપતા કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે. ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્ત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે. કૃષિપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે. એટલે કે, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ચણાનું વાવેતર ૧૩૩.૩૮ ટકા જેટલું થયું છે. તેવી જ રીતે, અત્યાર સુધીમાં રાજ્યમાં જીરા પાકનું ૪.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ તેલીબિયા પાકોમાં રાઈનું કુલ ૨.૫૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

તે જ પ્રકારે રાજ્યમાં ચાલુ રવી સિઝન દરમિયાન બટાટા અને ડુંગળીનું પણ મબલખ વાવેતર જોવા મળ્યું છે. ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયું હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૩૩.૩૩ ટકા જેટલું છે. આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧.૫૬ લાખ હેક્ટરમાં બટાટાનું વાવેતર નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૫.૫૫ ટકા જેટલું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાઓમાં કુલ ૧૯.૮૮ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર થયું છે. જેમાં ચણા પાકનું ૬.૧૭ લાખ હેક્ટરમાં વાવેતર મહત્તમ નોંધાયું છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં ૧.૯૩ લાખ હેક્ટર, ઉત્તર ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૧૨.૯૬ લાખ હેક્ટરમાં, મધ્ય ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૯.૧૬ લાખ હેક્ટરમાં અને દક્ષિણ ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૩.૬૧ લાખ હેક્ટરમાં રવી પાકોનું વાવેતર નોંધાયું છે. ■

# એચએમપીવી વાઈરસ સામે અમદાવાદ સિવિલની તૈયારીઃ હોસ્પિટલમાં માત્ર ૧૫ બેડ-૨૫ ટેસ્ટિંગ કીટની વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એચએમપીવી વાઇરસનો કેસ નોંધાયા બાદ આરોગ્ય દોડતું થયું છે. અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં એક બાળકનો રિપોર્ટ એચએમપીવી પોઝિટિવ આવતા મનપા તંત્રએ આગોતરી તૈયારીઓ શરૂ કરી દીધી છે. એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલ ખાતે પણ આ મુસીબતને પહોંચી વળવાની તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે હોસ્પિટલ તંત્ર દ્વારા ટેસ્ટિંગ કીટ, દવા, ડોક્ટર્સ સ્ટાફ અને બેડ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, અમને ટેસ્ટિંગ માટેની સૂચના મળતા જ અમે તૈયારીઓ પૂરી કરી લીધી છે. સિવિલમાં આ માટે ડોક્ટર્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સની વ્યવસ્થા પુરી કરી લેવાઈ છે. આ વાઇરલ ઈન્ફેક્શન છે જેના માટે કોઈ વેક્સિન નથી. જરૂરી તમામ દવાઓની આપણી પાસે ઉપલબ્ધ છે. સોમવાર સાંજથી જ અમે ૧૫ બેડનું આઈસોલેશન બનાવી કાઢ્યું છે, માટે લોકોએ આ વાઇરસથી ગભરાવાની જરૂર નથી. જો કે સરકારે એડવાઈઝરી બહાર પાડ્યા પછી પણ આટલી મોટી હોસ્પિટલમાં માત્ર ૧૫ બેડની જ વ્યવસ્થા ઊભી કરવામા આવી એ બાબત ચર્ચાનો વિષય બની છે. સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, આટલા મોટા અમદાવાદ શહેર માટે સિવિલ તંત્રએ માત્ર ૧૫ બેડની વ્યવસ્થા જ કરી છે, વળી એચએમપીવી વાઇરસની ટેસ્ટિંગ પ્રક્રિયા માટે સિવિલ તંત્ર પાસે ફક્ત ૨૫ કીટ જ ઉપલબ્ધ છે. આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટને આ મામલે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, હાલ કોઈ કેસ ન હોવાથી માત્ર ૧૫ બેડની વ્યવસ્થા કરી હોવાની જાણકારી આપી હતી. ■

# ભુજના કંઢેરાઈ ગામમાં ૩૨ કલાક રેસ્ક્યુ ઓપરેશન કારગત ન નીવડ્યું: ૫૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયેલી ઈન્દ્રાનો હાથ લાગ્યો મૃતદેહ

## પ્રશાસન,પોલીસ, એનડીઆરએફ, સેના અને બીએસએફની એકધારી મહેનતનો કરુણ અંત

ભુજઃ ભુજ તાલુકાના કંઢેરાઈ ગામના એક ખેતરની બોરવેલમાં પડી ગયેલી ઇન્દ્રા કાનાજી મીણા નામની ૨૧ વર્ષીય યુવતીને બહાર કાઢવા હાથ ધરાયેલા કચ્છમાં અત્યારસુધીના સૌથી લાંબા રેસ્ક્યુ ઓપરેશનના અંતે આજે આખરે આ માં-બાપ વિહોણી અને પોતાના પિતરાઈ ભાઈ સાથે રહેતી હતભાગી કન્યાનો ખાલી મૃતદેહ જ હાથમાં આવ્યો હતો. આ યુવતી મૂળ રાજસ્થાનના પ્રતાપગઢની હોવાનું જાણવા મળ્યું હતું હતું.

આ કરુણાંતિકાની વિગતો પ્રમાણે ભુજથી આશરે ૧૭ કિલોમીટર દૂર આવેલા વણકરોની વસ્તીવાળા કંઢેરાઈ ગામમાં આવેલા એક ખેતરમાં સોમવારે વહેલી સવારે એક ૫૪૦ ફૂટ ઊંડા બંધ હાલતમાં રહેલા બોરવેલમાં આ યુવતી ભેદી સંજોગોમાં પડી ગઈ હતી. પોલીસને જણાવ્યાનુસાર વહેલી સવારે હાડ થીજવતી ઠંડીમાં બે બહેનો બાથરૂમ જવા બહાર નીકળી હતી. થોડા સમય પછી એક બહેન ઘરે પરત આવી હતી પણ મોટી બહેન ઇન્દ્રા (ઉ.વ.૨૧) પરત આવી ન હતી અને સૌના અચંબા વચ્ચે બોરવેલમાંથી બચાવો,બચાવો અવાજ આવવા લાગ્યો હતો જેથી ઘરના સભ્યો બહાર દોડી આવ્યા હતા અને આ પરિવારે વાડી માલિક રમેશ ઠક્કરને આ અંગે જાણ કરી હતી. ગામલોકો ભુજ ધસી આવ્યા હતા અને આ યુવતીને બચાવી લેવા પ્રયાસો કરવા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ કચ્છ જિલ્લા સમાહર્તાની સૂચનાથી એક પોલીસ ટુકડી અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. આ ઉપરાંત ગાંધીનગરથી પણ એનડીઆરએફની ટુકડીને બોલાવાઇ હતી.આ ટુકડી દ્વારા ૩૨ કલાકથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવાયું હતું અને આખરે તેણીને બહાર કાઢી લેવાઈ હતી અને તેને સરકારી જી.કે જનરલ હોસ્પિટલમાં લઇ જવાઈ હતી જો કે કમભાગ્યે તબીબોએ તેણીને મૃત જાહેર કરી હતી.

સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનની અતિ કરુણ બાબત એ હતી કે, જયારે યુવતીને સફળતાપૂર્વક ૪૮૦ ફૂટ સુધી ઉપર જીવતી ખેંચી લેવાઈ હતી પણ રેસ્ક્યુ સાધનનો ગાળિયો છટકી જતાં તેની ફરી બોરવેલમાં ખાબકી હતી. આવું બે વખત બન્યું હોવાનું જાણવા મળે છે. આ બંધ બોરવેલ ૫૪૦ ફૂટ ઊંડો હોવાનું જાણવા મળે છે અને સમગ્ર રેસ્ક્યુ ટીમમાં એનડીઆરએફ ઉપરાંત ભારતીય સૈન્ય અને સરહદી દળના જવાનોએ પણ ભાગ લીધો હતો. તેણી કયા સંજોગોમાં ટ્યૂબવેલમાં ખાબકી છે તે હજુ પણ તપાસનો વિષય છે કારણ કે ખેતર માલિકે આ ગોઝારા બંધ બોરવેલ પર ઊંધું તગારું મૂકી, તેના પર મોટા પથ્થરો મૂકી, અને કાંટાળી વાડ પણ બાંધી હતી પણ આ બધી અડચણોને હટાવી દઈને ઇન્દ્રાને શા માટે ટ્યૂબવેલમાં ખાબકવું પડ્યું એ વાતની પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

એક વાત એવી પણ બહાર આવી હતી કે, ઇન્દ્રાની સગાઇ ગત ઓગસ્ટ મહિનામાં થઇ હતી અને ગત રવિવારે રાત્રે ઇન્દ્રાએ પોતાના મંગેતર સાથે મોબાઈલ ફોન પર વાત કરી હતી ત્યારે કોઈ બાબતે થયેલા મનદુઃખને લઈને આ શ્રમજીવી યુવતીએ બોરવેલમાં ઝંપલાવ્યું હોવાની પણ શક્યતાની પોલીસ તપાસ કરી રહી છે. ■

# ડિજિટલ ગુજરાતઃ રાજ્યનાં ગ્રામીણ ઘરો હવે બનશે સ્માર્ટ હોમ્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ઘરોને 'સ્માર્ટ હોમ્સ' માં રૂપાંતરિત કરીને તેમને ડિજિટલી સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે ગત સુશાસન દિવસ એટલે કે ૨૫ ડિસેમ્બરના રોજ મુખ્ય પ્રધાનના દિશાનિર્દેશનમાં હર ઘર કનેક્ટિવિટી (ફાઇબર ટુ ફેમિલિ) પહેલની શરૂઆત કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના ઘરોને માર્કેટ કરતા સસ્તા દરોએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ કનેક્શન તેમજ અન્ય વેલ્યુ એડેડ સર્વિસિસ પૂરી પાડવામાં આવશે. વિવિધ એજન્સીઓ સાથે ભાગીદારી કરીને પાઇલટ પ્રોજેક્ટ તરીકે અંદાજિત ૨૫,૦૦૦ ફાઇબર ટુ હોમ જોડાણ આપવામાં આવશે. ભવિષ્યમાં આ જોડાણો વધારવામાં આવશે અને વધુને વધુ ગ્રામ્ય વિસ્તારના ઘરોને તેનો લાભ આપવામાં આવશે. આ પહેલ થકી ગ્રામ્ય વિસ્તારોના ઘરોને ટેલિવિઝન મનોરંજન, યુટિલિટી બિલોની ચુકવણી, ડિજિટલ સર્વિસ સ્ટેક, ગવર્મેન્ટ ટુ સિટિઝન્સ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ ઉપરાંત, ઓનલાઇન એજ્યુકેશન (ઇ-એજ્યુકેશન), કૃષિ કે ખેતીવાડી માટે આઈઓટી સોલ્યુશન્સ, ઇ-એગ્રીકલ્ચર, પશુપાલન સંલગ્ન માહિતી પ્રસારણ, આરોગ્ય માટે ઇ-હેલ્થ અને ટેલિ-મેડિસિન્સ જેવી સેવાઓ પણ ઘરબેઠા જ ઉપલબ્ધ થઈ શકશે. આ પહેલ દ્વારા ગ્રામીણ ઘરોને ડિજિટલી સશક્ત બનાવીને 'સ્માર્ટ હોમ્સ' રૂપાંતરિત કરવામાં આવશે.

# વલસાડના ધરમપુર ખાતે સર્પ સંશોધન સંસ્થાની સ્થાપના

## ૮૫૦ મેડિકલ અધિકારીને તાલીમ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડના ધરમપુર ખાતે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા મુજબ સૌપ્રથમ સર્પ સંશોધન સંસ્થાનની સ્થાપના કરવામાં આવી હતી. વૈશ્વિક ભૌગોલિક પરિસ્થિતિના આધારે સર્પના ઝેરની રચનામાં ફેરફાર થવાથી એન્ટી સ્નેક વેનમની અસરકારકતા પ્રભાવિત થાય છે. જેને અનુલક્ષીને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ પ્રદેશોમાં સાપના ઝેરની અસર દૂર કરવા નિષ્કર્ષણ કેન્દ્રો બનાવવાની ભલામણ કરી હતી. આ જ કારણે ધરમપુરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા મુજબ સૌપ્રથમ સર્પ સંશોધન સંસ્થાનની સ્થાપાઈ છે.

ધરમપુર ગીચ જંગલ ધરાવે છે તેમજ આજુબાજુના વિસ્તારમાં મોટી સંખ્યામાં ઝેરી અને બિનઝેરી સાપો વસવાટ કરે છે. આ વિસ્તારમાં સ્થાપવામાં આવેલા સર્પ સંશોધન સંસ્થાનમાં સર્પદંશને લગતા સંશોધન, નિવારણ, નિદાન, સારવાર, પુનર્વસન તેમજ ગુજરાત અને પડોશી રાજ્યોના મેડિકલ અધિકારીઓને સર્પદંશના ઉપચાર તથા વ્યવસ્થાપન અંગે તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે.

ધરમપુર ખાતેના આ સર્પ સંશોધન સંસ્થાનમાં મુખ્ય ચાર ઝેરી સાપોને રાખવામાં આવે છે. જેમાં ભારતીય કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપરનો સમાવેશ થાય છે. સંસ્થા દ્વારા ૨૯૦થી વધુ સ્થાનિક સર્પ બચાવકર્તાઓને ગુજરાતભરમાં તાલીમ આપવામાં આવી હતી. તે ઉપરાંત સર્પ સંશોધન સંસ્થાનના ઉપાધ્યક્ષ ડો. ડી.સી.પટેલ દ્વારા ૮૫૦થી વધુ મેડિકલ ઓફિસરોને ગુજરાતભરમાં તાલીમ અપાઈ હતી. સર્પ સંશોધન સંસ્થાનમાં હાલમાં લગભગ ૩૦૦થી વધારે ઝેરી સાપ રખાયા છે, જેની સંખ્યા ભવિષ્યમાં ૩,૦૦૦ સુધી લઈ જવામાં આવશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા અનુસાર સર્પ સંશોધન સંસ્થાન દ્વારા સાપમાંથી વેનમ કલેક્શનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સર્પ સંશોધન સંસ્થાનમાં દરેક રેસ્ક્યૂ કરેલ સાપનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવે છે. જો કોઈ સાપને બીમાર તરીકે ઓળખવામાં આવે છે તો તેને તરત જ સારવાર આપવામાં આવે છે અને ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવે છે. સર્પમાંથી નિકળેલા આ ઝેરને લાયોફિલાઇઝેશનની પ્રક્રિયા કરીને પાઉડર બનાવીને ભારતના મુખ્ય એન્ટિ સ્નેક વેનમ ઉત્પાદકોને સપ્લાય કરવામાં આવશે. એન્ટિ સ્નેક વેનમ સર્પદંશના દર્દીના ઉપચારમાં ખૂબ ઉપયોગી બનશે. ■

# વડોદરામાં ૧૦૩ મકાન માટે લાખો લોકોની પડાપડીઃ મકાનોના ફોર્મ માટે કતારો લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ઘરનું ઘર મેળવવા લોકોનો જબરદસ્ત ધસારો જોવા મળી રહ્યો છે. શહેરમાં પ્રધાન મંત્રી આવાસ યોજનાના ઇડબલ્યુએસના ૧૦૩ ખાલી પડેલા મકાનો માટે ફોર્મનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જો કે મકાનનું એક ફોર્મ મેળવવા માટે શહેરમાં લાંબી લાઈનો હતી. શહેરમાં ૧૦૩ મકાન મેળવવા લાખો લોકોએ પડાપડી કરી હતી. કોટક મહિન્દ્ર બેંકની તમામ બ્રાન્ચો બહાર વહેલી સવારથી જ કતાર જોવા મળી હતી. ૫.૫૦ લાખ રૂપિયામાં ૨ બીએચકે ઘર આપવાની જાહેરાત કરાઈ છે અને ૨૦ જાન્યુઆરી સુધી મકાન માટે ફોર્મ મળશે. જોકે કોટક મહિન્દ્ર બેંકમાં ફોર્મની અછતના કારણે લોકો રોજ ધક્કા ખાઈ રહ્યા છે.

શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી કોટક મહિન્દ્રા બેંકની બ્રાન્ચ દ્વારા આવાસ યોજનાના ફોર્મનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વડોદરામાં ઘરના ઘરનું સપનું જોતાં ગરીબ પરિવારના લોકોની લાંબી લાઈનો લાગી હતી, જોકે પહેલી તારીખથી ફોર્મની અછત હોવાનું જાણવા મળ્યું હતું. જેને કારણે અરજદારોને સવાર- સવારમાં ધક્કો પડી રહ્યો છે. વહેલી સવારથી ઘરનું ઘર મેળવવા લોકો પોતાના નાના બાળકોને ઘરે મૂકી ઠંડીમાં ફોર્મ મેળવવા લાઈનમાં ઉભા રહે છે અને છેલ્લે નિરાશા જ સાંપડી રહી છે. ફોર્મ વિતરણ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકોએ માગ કરી હતી. ■

# અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની સંખ્યા વધી, કાર્ગો બુકિંગમાં ૧૭ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરકથી)

અમદાવાદઃ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મુસાફરોની સાથે કાર્ગોની સંખ્યામાં પણ વધારો થયો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ સંચાલિત આ એરપોર્ટ પરથી ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં મુસાફરોની સંખ્યામાં મજબૂત વધારો થયો હતો. આ સમયગાળા દરમિયાન ૩૫ લાખથી વધુ મુસાફરોએ એરપોર્ટ પરથી સીધી ફ્લાઇટ લીધી હતી. ગત વર્ષના સમાનગાળામાં આ સંખ્યા ૩૦ લાખ હતી, એટલે કે મુસાફરોની સંખ્યામાં ૧૮ ટકાનો વધારો નોંધાયો હતો.

ત્રીજા ત્રિમાસિક સમયગાળા દરમિયાન એરપોર્ટ પર ૨૭,૦૦૦થી વધુ એરક્રાફ્ટ ટ્રાફિક મૂવમેન્ટના સંચાલન સાથે ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. વિવિધ એરલાઇન્સ દ્વારા સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવતાં મુસાફરોની સંખ્યામાં વધારો થયો હતો. એરપોર્ટ પર વિવિધ સુવિધા પણ શરૂ કરવામાં આવી હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે આંતરરાષ્ટ્રીય એરલાઇન્સ કારગોની સંખ્યામાં ૧૭ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. એરપોર્ટે ૧૭,૯૦૦ એમટીથી વધુ કાર્ગોનું સંચાલન કર્યું હતું. જેમાં ૧૮૫૦ એમટીથી વધુ આંતરરાષ્ટ્રીય કાર્ગોનો સમાવેશ થતો હતો. ગત વર્ષના સમાનગાળાની તુલનાએ આ વર્ષે ૩૦૦ ટકાથી વધુનો વધારો થયો હતો. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૨૪માં અમદાવાદ એરપોર્ટને ઊર્જા સંરક્ષણ માટેની અસાધારણ પ્રતિબદ્ધતા માટે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ્સ ૨૦૨૪ પ્રતિષ્ઠિત સર્ટિફિકેટ ઓફ મેરિટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં તાલીમનો સમયગાળો પૂરો થતાં ૩૭ ડીવાયએસપીને નિમણૂક આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૩૭ ડીવાયએસપીને પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું. નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી), વર્ગ-૧ સંવર્ગમાં અજમાયશી ધોરણે નિમણૂક પામેલા ૨૦૧૭, ૨૦૨૧ અને ૨૦૨૨ની બેચના અધિકારીઓની તાલીમનો સમયગાળો પૂર્ણ થતાં તેમને નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવી હતી.

શિલ્પાબેન ભારાઈને નાયબ પોલીસ અધિક્ષક એસ.સી., એસ.ટી સેલ, થરાદ, ચિરાગકુમાર વાડદોરીયા - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી, એસ.ટી સેલ સુરત ગ્રામ્ય, વિરલકુમાર દલવાડી - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી-એસ.ટી સેલ મોરબી, દીપ પટેલની મદદનીશ પોલીસ કમિશ્નરએસ.સી, એસ.ટી સેલ-૨, અમદાવાદ શહેર, પાર્થ પરમારની નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક, સુરેન્દ્રનગર, મિલન મોદી- નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી-એસ.ટી. સેલ, વડોદરા ગ્રામ્ય, રોશની સોલંકીની મદદનીશ પોલીસ કમિશ્નર એસ.સી/એસ.ટી સેલ-૧,અમદાવાદ શહેર તરીકે નિમણૂક આપવામાં આવી હતી.

અદ્વૈત ગાંધીની મદદનીશ પોલીસ કમિશ્નર, મુખ્ય મથક અને પૂર્વ મિની મુખ્યમથક, અમદાવાદ શહેર,ધૃવલ સુતરીયા - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ, પોરબંદર, કૃણાલ રાઠોડ નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી. સેલ ખેડા, ચંદ્રરાજ સોલંકી મદદનીશ પોલીસ કમિશ્નર, એસ.સી. એસ.ટી સેલ-વડોદરા શહેર, નિકિતા શિરોયા નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ-વ્યારા (તાપી), નયના ગોરડીયા- નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ અમરેલી, જયકુમાર ધીરજલાલ કંસારા- નાયબ પોલીસ અધિક્ષક - એસ.સી.એસ.ટી સેલ મહેસાણા, શ્રીજીતા પટેલ - નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી. એસ.ટી સેલ રાજકોટ ગ્રામ્ય, પાર્થકુમાર ચોવટીયા - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ આણંદ, પરેશ રેણુકા - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી. સેલ પાટણ, જનેશ્વરસિંહ નલવાયા - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ ડાંગ,કૃણાલસિંહ પરમાર - નાયબ પોલીસ અધિક્ષક એસ.સી. એસ.ટી સેલ બનાસકાંઠા તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ■

# લેટરકાંડ પીડિતાના સમર્થનમાં આવ્યા પરેશ ધાનાણીઃ ધારાસભ્ય કૌશિક વેકરિયાને ચીમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડની પીડિતા પાયલ ગોટી મામલે સૌરાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે, પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી પીડિતાના સમર્થનમાં મેદાનમાં ઉતર્યા હતા. પરેશ ધાનાણીએ પ્રેસ કોન્ફરન્સ કરીને યુવતીને ન્યાય અપાવવાની વાત કરી હતી. પરેશ ધાનાણી આ પહેલા પણ પ્રતાપ દૂધાત સાથે પીડિતાના ઘરે જઈને મળ્યા હતા. ત્યારે યુવતીએ પોલીસે પર આક્ષેપ કર્યો હતો કે, પોલીસે તેને ડરાવી હતી અને પગમાં પટ્ટા પણ માર્યા હતા.

કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ કહ્યું હતું કે વાડ ચીભડા ગળે તો તેને કોણ છોડાવે, ચોર-કોટવાળ ભેગા થઈ જાય તો ન્યાય ક્યાંથી મળે? પાયલને પોલીસે ૧૬ કલાક ગેરકાયદે ગોંધી રાખી હતી. એટલું જ નહીં તેને ઢોર માર પણ મારવામાં આવ્યો હતો. હવે જો ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરીયા ૨૪ કલાકમાં દીકરી પાયલબેન ગોટીનું અપમાન કરનાર અને માર મારનાર અધિકારીઓ ડિસમિસ નહીં કરે તો પોતે મેદાનમાં ઉતરશે અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત ચાલું રાખશે. આ સાથે જ અમરેલીની પાટીદાર યુવતી પાયલ ગોટીને ન્યાય અપાવવા કોંગ્રેસના નેતાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલને અપીલ કરી હતી. પરેશ ધાનાણીએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, એક સામાન્ય પરિવારની દીકરી સાત હજારના પગારે ખાનગી કંપનીમાં કામ કરે છે તે રાજકીય કાવાદાવાનો ભોગ બની છે. આ દીકરી ગુજરાતની દીકરી છે. તમારી અંદરો અંદરની લડાઈમાં નિર્દોષ લોકોને ભોગ બનાવો છો તેની સામે અમને વાંધો છે. રાજ્યમાં ક્યારેય નિર્દોષ દીકરીઓના વરઘોડા જોયા નથી.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૪ કલાકમાં દીકરીને પટ્ટા મારનારના પટ્ટા ઉતારી દીકરીને ન્યાય આપો. જો ૨૪ કલાકમાં પગલા નહીં લેવાય તો ગુરુવારે સવારે ૧૦ વાગ્યાથી અમરેલી જિલ્લા પોલીસ વડા સામે ૨૪ કલાકના ઉપવાસ કરીશ. આ સાથે પરેશ ધાનાણીએ રાજકીય અને સામાજિક આગેવાનોને આ લડાઈમાં જોડાવવાનું આહવાન કર્યુ હતું. તેમણે ધારાસભ્ય કૌશિક વેકરીયાને પણ પડકાર ફેંકતા કહ્યું હતું કે, તે જો દૂધે ધોયેલાં હોય તો આવતીકાલે સાંજે ૬ વાગે રાજકમલ ચોકમાં જાહેરમાં ચર્ચા કરવા આવી જાય. ■

# અમદાવાદમાં ૧૧થી ૧૪ જાન્યુઆરી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા માટે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. લોકસંસ્કૃતિ, કલા કારીગરી અને પ્રવાસન ક્ષેત્રની પ્રસિદ્ધિના ભાગરૂપે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' અગત્યની ભૂમિકા ભજવે છે. શરૂઆતના વર્ષોમાં ફક્ત અમદાવાદ શહેર ખાતે યોજાતો પતંગ મહોત્સવ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ આયોજિત કરવામાં આવે છે.

આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ઉદઘાટન સમારંભ ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદમાં વલ્લભસદન રિવરફ્રન્ટ ખાતે યોજાશે. અમદાવાદમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫ના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન પ્રધાન મૂળૂભાઇ બેરા તેમજ અન્ય અતિથિગણ ઉપસ્થિત રહેશે.

૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લેશે. આ ઉપરાંત ગુજરાતના ૧૧ જેટલાં શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લેશે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ગુજરાતમાં ઉત્તરાયણ ઉજવશે. તેઓ ૧૪, ૧૫ અને ૧૬ જાન્યુઆરીએ ગુજરાતના પ્રવાસે આવશે. તેઓ તેમના સંસદીય વિસ્તારમાં પતંગ ચગાવશે. આ પ્રવાસ દરમિયાન તેઓ ભાજપ સંગઠનની બેઠક પણ કરશે. ■

# ગુજરાતમાં બે દિવસ બાદ તાપમાનનો પારો ઊંચકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બે દિવસથી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં બે દિવસ પછી ફરી તાપમાનનો પારો ઉંચકાશે. હાલ પવનની દિશા બદલાતા રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં બે દિવસ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. ઉત્તર ભારતમાં હિમ વર્ષો અને પવનની દિશા બદલાતા રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી ઠંડી સતત વધી રહી છે. દિવસ દરમિયાન પણ લોકો શાલ, સ્વેટરમાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. ઉત્તરાયણ સુધી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ યથાવત્ રહેશે એવી આગાહી કરવામાં આવી છે. નલિયા ૬.૪ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું. અમદાવાદમાં ૧૩.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૧.૭ ડિગ્રી, વડોદરામાં ૧૪.૨ ડિગ્રી, સુરતમાં ૧૬.૨ ડિગ્રી અને રાજકોટમાં ૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

# સંસ્થા સમાચાર

## ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા તેમના કલ્ચરલ ફોરમ અંતગર્ત શુક્રવાર તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના દિને સાંજે છ વાગે ભૂરીબેન સભાગૃહ, કામાલેન ઘાટકોપરમાં દિવંગત સંગીતકલાના સુરોતમ શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયને સ્વરાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાતી સંગીતના ધુરંધર કલાકારો શ્રી પુરુષોત્તમભાઇની રચનાઓ રજૂ કરશે. આ કાર્યક્રમ સંગીત પ્રેમીઓ માટે નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. જેના પ્રવેશપત્રો શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના કાર્યાલયમાંથી તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૨૫થી સાંજે ૫થી ૭.૩૦ સુધી મળી શકશે.

# થાણેના અટગાંવ સ્ટેશન પાસે ટ્રેક પર હતો લોખંડનો ટુકડો

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અટગાંવ અને થાન્સિત સ્ટેશનો વચ્ચે રેલવે ટ્રેકની આજુબાજુ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા રાખેલા એક ફૂટ લાંબા લોખંડના ટુકડાને એક એન્જિન અથડાયું હતું. સરકારી રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટના સોમવારે સવારે ૩.૩૦ વાગ્યે મધ્ય રેલવે લાઇન પર બની હતી. જીઆરપી અધિકારીએ જણાવ્યું હતું કે, ઓવરહેડ વાયર એન્જિન કસારા સ્ટેશન તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે તે રેલવે ટ્રેક પર રાખવામાં આવેલા એક ફૂટ લાંબા લોખંડના ટુકડા સાથે અથડાયું હતું . આ તોફાન અથવા તોડફોડનો પ્રયાસ હતો કે કેમ તે હજુ સુધી જાણી શકાયું નથી.આનાથી ટ્રેનોને નુકસાન થતા મોટી દુર્ઘટના થઇ હોત અને લોકોના જીવનને જોખમમાં મુકાયા હોત, એમ તેમણે ઉમેર્યું હતું. (પીટીઆઈ)

# ઝડપી અને પારદર્શક કારભાર માટે મહારાષ્ટ્રમાં 'ઈ-કેબિનેટ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ઝડપી અને પારદર્શક કારભાર માટે 'ઈ-કેબિનેટ' લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈ-કેબિનેટથી સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયો પોર્ટલ દ્વારા લોકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના કારભારને ગતિશીલ અને પારદર્શક બનાવવા પર ભાર મૂક્યો છે અને કેબિનેટના નિર્ણયો તાત્કાલિક લોકો સુધી પહોંચાડવા અને સામાન્ય લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા પર ભાર મૂક્યો છે. આ અંગેની રજૂઆત મંગળવારે કેબિનેટની બેઠક બાદ રાજ્યના મુખ્ય સચિવ સુજાતા સૌનિકે કરી હતી.

'ઈ-કેબિનેટ'એ રાજ્ય સરકારની પર્યાવરણને અનુકૂળ પહેલ છે. આ સંપૂર્ણ આઈસીટી સોલ્યુશન કેબિનેટની બેઠકો માટે કાગળના મોટા પાયે ઉપયોગને ઘટાડવામાં નિમિત્ત બનશે. આ ગ્રીન પહેલ હેઠળ પેપરલેસ કેબિનેટની બેઠકો સ્માર્ટ ટેબ્લેટ દ્વારા સરળતાથી આયોજિત કરી શકાય છે. આ વ્યવસ્થાના કારણે પ્રધાનો માટે અત્યંત સુલભ ડેશબોર્ડ ઉપલબ્ધ રહેશે. તે જ સમયે, જરૂરી સંદર્ભો શોધવા, કામના મુદ્દાઓ જોવા અને લીધેલા નિર્ણયોના અમલીકરણની સમીક્ષા કરવી સરળ બનશે.

ઈ-કેબિનેટ, કેબિનેટની બેઠકો, નિર્ણયો અને સંબંધિત દસ્તાવેજોને સાચવશે. કેબિનેટના નિર્ણયો અને તેના સંદર્ભો શોધવામાં સરળતા રહેશે. આ સિસ્ટમ સંપૂર્ણ રીતે ડિજિટલ છે અને તેના દ્વારા દરેક પગલા સરળતાથી પૂર્ણ થશે. આ સિસ્ટમ અત્યાર સુધી યોજાયેલી પરંપરાગત કેબિનેટ બેઠકોમાં આવતી વિવિધ મુશ્કેલીઓને દૂર કરી શકે છે. કેબિનેટ સમક્ષ રજૂ થનારી દરખાસ્તનું ઓનલાઈન અપલોડ કરવું, તેને ચર્ચા અને નિર્ણય માટે કેબિનેટ સમક્ષ રજૂ કરવું, તેના પર અંતિમ નિર્ણય લેવા અને તેને લગતા તમામ રેકોર્ડ રાખવા વગેરે પ્રક્રિયા સરળતાથી થઈ જશે.

## નવમા પાનાનું ચાલુ

### એચએમપીવી સામે સતર્કતા

હતી અને રાજ્ય સરકારને અનેક નિર્દેશો આપ્યા હતા. અરજીમાં જણાવ્યું છે કે એચએમપીવીના નોંધાયેલા કેસોમાં તાજેતરનો વધારો તકેદારી, સજ્જતા અને સક્રિય જાહેર આરોગ્ય પગલાંની જરૂરિયાત પર ભાર મૂકે છે. વકીલે હાઈકોર્ટને એચએમપીવી દેખરેખ, પરીક્ષણ અને એની જાણકારી સઘન બનાવવા અને શ્વસન વાઇરસની વધી રહેલી સમસ્યા પર ટાસ્ક ફોર્સની સ્થાપના કરવા માટે રાજ્યના આરોગ્ય વિભાગને નિર્દેશ આપવા વિનંતી કરી હતી. અરજીમાં અદાલતને એચએમપીવી લક્ષણો, કેવી રીતે ફેલાય છે અને નિવારણ પર ધ્યાન કેન્દ્રિત કરીને જાહેર આરોગ્ય જાગૃતિ અભિયાન શરૂ કરવા સરકારને નિર્દેશો આપવાની પણ માગ કરવામાં આવી હતી. હાલમાં કર્ણાટક, તમિલનાડુ અને ગુજરાતમાં એચએમપીવીના પાંચ કેસ સત્તાવાર નોંધાયા છે. (પીટીઆઈ)

### શાકભાજીવાળાના

આવ્યું હતું. આ સિવાય રોકાણ કરતી વખતે એક હીરો પણ આપવામાં આવતો હતો. તેની બજાર કિંમત નહોતી પણ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે તે હીરો અપાતો હતો. દર અઠવાડિયે કંપની દ્વારા રોકાણકારોના ખાતામાં પૈસા પણ જમા થતા હતા. કંપનીની એપ પર પણ દરેક માહિતી ઉપલબ્ધ કરાવાઈ હતી. છેલ્લાં બે અઠવાડિયાથી કંપની તરફથી કોઈ વ્યાજ ન મળતા આ સંપૂર્ણ કૌભાંડ બહાર આવ્યું હતું.

'ટોરેસ કંપનીની સામે મારો શાકભાજીનો ધંધો હતો. રોજ કંપનીની બહાર ભીડ થતાં એકવાર તેનું કારણ કોઈને પૂછ્યું ત્યારે ખબર પડી કે કંપની દ્વારા સારું વ્યાજ આપવામાં આવે છે. શરૂઆતમાં મેં સાડા છ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. વળતર સારું મળતા મારા પરિવાર, મિત્રોની પૂંજી અને પોતાનું ઘર પણ ગિરવે મૂકીને ચાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. અમુક વ્યવહાર ઓનલાઈન કર્યા હતા, જ્યારે અમુક વ્યવહાર રોકડમાં પણ થયા હતા', એમ ફરિયાદી શાકભાજી વેચાણકાર પ્રદીપકુમારે જણાવ્યું હતું.

### કૌભાંડ સેંકડો કરોડનું?

સંચાલક સર્વેશ અશોક સુર્વે, વિક્ટોરિયા કોવલેંકો, સીઇઓ તૌફિક રિયાઝ, જનરલ મેનેજર તાન્યા કેસાતોવા અને સ્ટોર ઇન્ચાર્જ વેલેન્ટિના કુમાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને એમપીઆઇડી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

શિવાજી પાર્ક પોલીસે બુધવારે ઉઝબેકિસ્તાનની તાન્યા કેસાતોવા, સંચાલક સર્વેશ સુર્વે અને વેલેન્ટિના કુમારની ધરપકડ કરી હતી. ત્રણેય જણને અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને ૧૩ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. વેલેન્ટિના કુમાર રશિયન મૂળની છે પણ તેણે ભારતીય સાથે લગ્ન કર્યાં છે. પોલીસના જણાવ્યા અનુસાર ૨૧ જૂન, ૨૦૨૪થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરાઇ હતી. આ પ્રકરણે શાકભાજી વિક્રેતા પ્રદીપકુમાર વૈશ્ય સહિત ૬૧ લોકોની ફરિયાદ લેવામાં આવી છે.

ટોરેસ સ્કૅમ સોમવારે પ્રકાશમાં આવ્યું હતું, જ્યારે રોકાણકારોને દાદર અને નવી મુંબઈમાં બ્રાન્ડના સ્ટોર્સ કોઇ પણ પૂર્વ સૂચના વિના બંધ જોઇને આઘાત લાગ્યો હતો.

### અધિકારીઓ માટે

કરી હતી. આ પ્રસંગે તેમણે રાજ્યના વહીવટીતંત્રને આગામી સો દિવસમાં અગ્રતાક્રમના કામો કરવા અંગે વિસ્તૃત સૂચનાઓ આપી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, આ સૂચનો પરની કાર્યવાહીની ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સમીક્ષા કરવામાં આવશે.

ફડણવીસે કહ્યું હતું કે બધા કાર્યાલયની વેબસાઈટ તૈયાર કરવી જોઈએ, માહિતી અધિકાર કાયદા હેઠળ જે માહિતી માગવામાં આવશે તે તમામ માહિતી અગાઉથી વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવી જોઈએ. વેબસાઇટને સાયબર-સુરક્ષિત રાખવી. સરકારી કચેરીઓની સફાઈ કરવી જોઈએ, બિનજરૂરી દસ્તાવેજો દૂર કરવા જોઈએ, ક્ષતિગ્રસ્ત અને બિનઉપયોગી વાહનોની નોંધણી રદ કરવી.

સરકારી કચેરીઓમાં આવતા નાગરિકો માટે પીવાનું પાણી અને શૌચાલય સ્વચ્છ રહે તેની ખાતરી કરવી જોઈએ. તેમણે કહ્યું કે અધિકારીઓની અચાનક મુલાકાતો આવે ત્યારે તે સ્વચ્છ દેખાવું જોઈએ.

નાગરિકોના રોજિંદા જીવનને સરળ બનાવવા (ઇઝ ઓફ લિવિંગ) સરકારી કાર્યાલયમાં ઓછામાં ઓછા બે સુધારા, નવી પ્રવૃત્તિઓ લાગુ કરવી જોઈએ. પેન્ડિંગ કામોની સંખ્યા શૂન્ય સુધી કેવી રીતે ઘટાડી શકાય તે માટે પ્રયાસ કરવો જોઈએ. તેમણે સૂચના આપી હતી કે નાગરિકો માટે અધિકારીઓ ક્યારે ઉપલબ્ધ થશે તેની માહિતી બોર્ડ પર દર્શાવવી જોઈએ.

રાજ્યમાં વિવિધ સ્થળોએ ઉદ્યોગ સાહસિકો રોકાણ કરવા આવે છે. તેઓ કોઈનાથી પરેશાન ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તે માત્ર ઉદ્યોગ વિભાગનું કામ નથી પરંતુ ઝોનલ ઓફિસરોનું પણ કામ છે. (ઇઝ ઓફ વર્કિંગ) આ માટે વિભાગીય કમિશનર અને કલેકટરે સંબંધિત વિભાગોના અધિકારીઓ અને સાહસિકો સાથે વાતચીત કરવી જોઈએ, એમ ફડણવીસે જણાવ્યું હતું

#### ક્યા છે સાત સૂત્રો?

- વિભાગ, કચેરીની વેબસાઈટ અપડેટ કરવી જોઈએ
- ઈઝ ઓફ લિવિંગના ખ્યાલ પર કામ કરો
- સરકારી કચેરીઓમાં સ્વચ્છતા અભિયાન અમલમાં મૂકો
- નાગરિકોની ફરિયાદો, પડતર કેસોનો નિકાલ કરો
- સાહસિકોને તકલીફ ન પડે તેનું ધ્યાન રાખો
- સરકારની મહત્વપૂર્ણ યોજનાઓ અને પ્રોજેક્ટની મુલાકાત લો
- સરકારી કચેરીઓમાં આવતા નાગરિકો માટે સગવડ-સુવિધા ઉપલબ્ધ કરાવો.

### મહારાષ્ટ્રમાં પહેલી

થશે તેવી અપેક્ષા છે. તેનાથી મુસાફરોનો સમય અને ઇંધણ પણ બચશે.

તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ફાસ્ટેગ વગરના વાહનો અથવા યોગ્ય ટેગ વગર સમર્પિત લેનમાં પ્રવેશનારા વાહનોએ બમણો ટોલ ચૂકવવો પડશે.

હાલમાં, જાહેર બાંધકામ વિભાગ હેઠળના ૧૩ રોડ પ્રોજેક્ટ્સ અને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા સંચાલિત નવ પ્રોજેક્ટ્સ પર ટોલ વસૂલવામાં આવી રહ્યો છે. આ નિર્ણય રાજ્યમાં આ અને ભવિષ્યના તમામ ટોલ પ્રોજેક્ટ્સ પર લાગુ થશે, એમ પણ નિવેદનમાં જણાવાયું છે.

### દીકરાના વરઘોડાને

તિલકવાડીના રહેવાસી જયેશ શાહ અને રક્ષા શાહે રવિવારે રાત્રે બે બાળકો સાથે જમવાનું પતાવીને ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. દંપતીએ આત્મહત્યા કરી હોવાની જાણ સવારે થઈ હતી. સરકાર વાડા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે.

સમાજમાં ખૂબ જ જાણીતા હોવાથી સમગ્ર જૈન સમાજ પર શોકની લાગણી છવાઈ ગઈ છે. નાશિકની સરકારવાડા પોલીસે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી, પણ કોઈ સુસાઇડ નોટ મળી નથી. શાહ પતિ-પત્નીએ શા માટે જીવનનો અંત આણ્યો? કારણ હજુ સ્પષ્ટ નથી, અને નાસિક પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. વેપારી જયેશ શાહે કેમ આ અંતિમ પગલું ભર્યું તે અંગે પરિવાર પણ મૂંઝવણમાં છે. પોલીસ હવે એ વાતની તપાસ કરી રહી છે કે આ ધંધામાં કોઈ સમસ્યા હતી કે નહીં.

### ગભરાશો નહીં,

છે. આ રોગ વિશે કોઈએ અફવા ફેલાવવી જોઈએ નહીં. નાગરિકોએ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને અફવાઓ પર વિશ્વાસ ન કરવો જોઈએ. બાળકો, વૃદ્ધો, ક્રોનિક રોગોવાળા દર્દીઓએ કાળજી લેવી જરૂરી છે. આ રોગના સંદર્ભમાં આરોગ્ય વિભાગની સમગ્ર ટીમ કામ કરી રહી છે અને ચોક્કસ કાર્યવાહી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. રાજ્યમાં આરોગ્ય વિભાગની સારી વ્યવસ્થા છે અને સિસ્ટમ તૈયાર છે એમ તેમણે કહ્યું હતું.

આરોગ્ય વિભાગના સચિવ ડો. નિપુણ વિનાયકે જણાવ્યું હતું કે, 'હાલમાં સોશિયલ મીડિયા પર ચીનમાં શ્વસન રોગના વાઇરસ વિશે માહિતી મળી રહી છે. ચીનમાં શિયાળાની આબોહવાને કારણે શ્વસનના ચેપમાં વધારો અકુદરતી નથી. ઈન્ફ્લ્યુએન્ઝા, આર. એસ. વી., એચએમપીવી (હ્યુમન મેટા ન્યુમો વાઇરસ) જેવા વાઇરસ આનું કારણ છે. આ વાઇરસ ભારત સહિત સમગ્ર વિશ્વમાં ફેલાઈ રહ્યો છે.

એચએમપીવી સામાન્ય રીતે હળવો રોગ છે. જેમાં શરદી, ઉધરસ જેવા લક્ષણો જોવા મળે છે. બાળકો, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને આ રોગનું વધુ જોખમ હોઈ શકે છે. તે એક મોસમી રોગ છે, જે સામાન્ય રીતે શ્વસનના વાઈરસ અને ફલૂની જેમ શિયાળામાં અને વસંતઋતુના પ્રારંભમાં ફેલાવો થાય છે. હાલમાં, ભારતમાં શ્વસન ચેપની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી અને આ પરિસ્થિતિ ચિંતાનું કારણ નથી. તમામ હોસ્પિટલોમાં જરૂરી દવાઓનો પૂરતો સ્ટોક છે. આ રોગ પેદા કરનાર વાયરસની પુણેની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાઇરોલોજીમાં તપાસ કરવામાં આવી રહી છે.

આ રોગની સારવાર લક્ષણોને આધારે કરવામાં આવે છે. આ રોગ માટે એન્ટિબાયોટિક્સ બિનજરૂરી છે અને આને માટે કોઈ રસી અથવા અસરકારક એન્ટિવાઇરલ દવા નથી. તેથી, તેમણે એવી પણ અપીલ કરી હતી કે ડોક્ટરની સલાહ વિના કોઈએ દવા (સ્વયં દવા) ન લેવી જોઈએ.

આ રોગની પૃષ્ઠભૂમિમાં, રાજ્યના જાહેર આરોગ્ય વિભાગે પણ તમામ જિલ્લાઓને સાવચેતી લેવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત અપીલ પણ કરવામાં આવી હતી કે લોકોએ સ્વચ્છતાના મૂળભૂત નિયમોનું પાલન કરવું જોઈએ જેથી કરીને શ્વસન સંબંધી ચેપ ન વધે.

### મુંબઈમાં કેબલ

કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના સંયુક્ત નાણાકીય સહયોગ દ્વારા અમલમાં મૂકવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. ગડકરીએ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવને એક સર્વેક્ષણ અને પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપી હતી. મહારાષ્ટ્રના પ્રધાને કહ્યું કે કેબલ કાર પ્રોજેક્ટની પરિકલ્પના રાયગડ જિલ્લામાં પાલઘરથી ઉરણ-પેણ સુધી ફેલાયેલી છે. રસ્તાઓ, રેલવે અને મેટ્રો સેવાઓ વધતા શહેરીકરણ સાથે ગતિ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે, કેબલ કાર જેવી હવાઈ સેવાને ટકાઉ અને કાર્યક્ષમ વિકલ્પ તરીકે જોવામાં આવે છે.

કેન્દ્રીય મંત્રી ગડકરીએ સમગ્ર એમએમઆર, ખાસ કરીને ઉપનગરો અને મુંબઈ એરપોર્ટ વચ્ચે મુસાફરીનો સમય ઘટાડવા માટે સંકલિત પરિવહન પ્રણાલી વિકસાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, એમ તેમણે ઉમેર્યું હતું. ''કેબલ કાર પ્રોજેક્ટની ટેકનિકલ અને નાણાકીય સંભવિતતાનું મૂલ્યાંકન કરવા માટે ટૂંક સમયમાં વિગતવાર સર્વે હાથ ધરવામાં આવશે. તારણોના આધારે, ડીપીઆર તૈયાર કરવામાં આવશે અને વધુ મંજૂરીઓ માટે સબમિટ કરવામાં આવશે,'' તેમણે જણાવ્યું હતું.

કેબલ કાર સિસ્ટમ ટ્રાફિકની ભીડને દૂર કરશે, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે અને મુસાફરો માટે વિશ્વસનીય વિકલ્પ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે. ''આ પહેલ એમએમઆરમાં પરિવહન પ્રણાલીમાં ક્રાંતિ લાવશે, અને ટ્રાફિકની ભીડ, પ્રદૂષણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ગાબડાં જેવા ગંભીર પડકારોને સંબોધિત કરશે. ગડકરીની સૈદ્ધાંતિક મંજૂરી સાથે, કેબલ કાર પ્રોજેક્ટ વાસ્તવિકતા બનવાની નજીક જાય છે, જે શહેર પરિવહન માટે પરિવર્તનકારી બની રહેશે,'' સરનાઈકે કહ્યું.

# હિન્દુ મરણ

**કપોળ**

જલાલપુરવાળા હાલ કાંદિવલી અ. સૌ. પૂર્ણિમા વળીયા (ઉં.વ. ૭૭) સોમવાર, તા. ૬-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પદ્યુમન ગિરધરલાલ વળીયાના પત્ની. દેવેન, ભાવિનના માતા. નયના, નિમિષાના સાસુ. ડો. ભૂમિ પ્રિયાંક ગાંધી, હેતના દાદી. પિયર પક્ષે ગં. સ્વ. દાણી કુંદનબેન રમણિકલાલ મહેતાના પુત્રીની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧-૨૫ના ૫ થી ૭. સ્થળઃ લોહાણા બાળાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ એકસટેન્શન રોડ, કાંદીવલી વેસ્ટ.

**નાઘેર દશા મોઢ માંડલીયા વણિક**

ગીર ગઢડા નિવાસી હાલ કાંદિવલી અરવિંદભાઈ પ્રભુદાસ મહેતાના ધર્મપત્ની વિજયાબેન (ઉં.વ. ૭૧) તા. ૭-૧-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયેશ - અશ્વિન, ગોપાલના કાકી. મીતલ કલ્પેશ દામાણીના મમ્મી. કલ્પેશ દામાણીના સાસુ. રીવા-મીકીનના નાની. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા - નવગામ ભાટીયા**

અંજારવાળા હાલ કાંદિવલી હરેશ કેશવજી કપાણી (ઉં.વ. ૮૭) તે સ્વ. કેશરબાઈ કેશવજી કપાણીના પુત્ર. સ્વ. ઈંદિરાબેનના પતિ. સ્વ. કોશીક, સ્વ. પરાગ, મુકેશ, ભાવેશના પિતા. અ. સૌ. રશ્મિ, અ. સૌ. પ્રીતિના સસરા. સ્વ. રામદાસ કલ્યાણજી વેદના જમાઈ. સ્વ. વિજયભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. કુસુમબેનના ભાઈ તા. ૬-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મેવાડા વૈષ્ણવ વણિક**

અમદાવાદ હાલ વાલકેશ્વર, મુંબઈ નિવાસી સ્વ. ઈંદુલાલ જીવણલાલ શાહના ધર્મપત્ની કોકીલાબેન (ઉં.વ. ૮૭) તા. ૬-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે યોગેશ, રાજેશ, અંજના, ઈલાના માતુશ્રી. મંદાકીની, બેલા, જયંતકુમાર, વિજયભાઈના સાસુ. કેયુર, ઉમંગ, મનાલી, પ્રાચી, દેવલના દાદીમા. કુંજન, આલોકના નાનીમા. અમદાવાદ નિવાસી સ્વ. કમળાબેન તથા સ્વ. રમણલાલ ચોકસીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે. નિવાસઃ રાજેશ શાહ, ૧બી, મેકર એપાર્ટમેન્ટ, ૨૩૨, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦૦૦૬.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મુંબઇ નિવાસી હેમંત સુરેશચંદ્ર મોદી. સ્વ. સુરેશચંદ્ર મોદી તથા સ્વ. ભાનુબેન મોદીના સુપુત્ર. પ્રતિમાબેનના પતિ. દેવાંશુ અને તેજસના પિતા. આસિતભાઇ તથા સ્વ. નીતાબેન શાહના મોટા ભાઇ. અમીષીબેનના જેઠ. હેમાલી અને વૈભવીના સસરા તા. ૨૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખ્યો નથી.

**રાજગોર**

ગામ આરીખાણા હાલે ડોમ્બીવલી ઉગાણી મણિલાલ કાનજી (ઉં. વ. ૮૦) તા. ૭/૧/૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ.પુરબાઈ ત્રિકમજી કાનજીના પુત્ર. મંજુલાબેનના પતિ. વરાળિયાના સ્વ.ધનબાઈ કરશનજી ગોર (નાકર)ના જમાઈ. ભાવના, કમલેશ, હિતેનના પિતા. ટુન્ડાના કીશોર વિસનજી ગોગરી. રીટાના સસરા. સ્વ.જમનાબેન રામજી, સ્વ.લક્ષ્મીશંકર, સ્વ.સુંદરજી, સ્વ.વીઠ્ઠલજી, નવલબેન વિશનજી કારાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. ઈ-૪૦૨, ઝિપરિયા આર્કેડ. સુભાષ રોડ. કુંભારકન પાડા. ડોમ્બીવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

મુંબઇ નિવાસી સ્વ. પૂર્ણિમા દિપકકુમાર કોઠારી (ઉં. વ. ૬૫) રવિવાર, તા. ૫-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિપક વનમાળીદાસ કોઠારીના પત્ની. તે નૈના સુરેન્દ્ર કોઠારીના દેરાણી. તે સ્વ. મહેન્દ્ર અને દિપક ઠાકરશી ટોપરાનીના બેન. તે પન્ના ગેજરીયા, મીના ઉદ્દેશ, પારૂલ શેઠના બેન. તે સમીર અને કરિશ્માના મમ્મી. તે જીજ્ઞાશાના સાસુ. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૯-૧-૨૫ના સાંજે ૪થી ૬, એમના નિવાસસ્થાને અક્ષર એપાર્ટમેન્ટ નં-૨, ઇરાની વાડી રોડ નં.૩, કાંદિવલી વેસ્ટ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સાવિત્રીબાઈ તુલસીદાસ વેલજી ગણાત્રા ગામ કચ્છ તેરા હાલ વડાલાના સુપુત્ર અશ્વિન (ઉં. વ. ૭૮) સોમવાર તા. ૬-૧-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ.વિશ્રામ જેઠમલના જમાઈ. ઉષાબેનના પતિ. રાખી અને સ્વ. તુષારના પિતાશ્રી. સ્વ.દીક્ષાબેન, પ્રતિમા, માયા, કલ્પના, શિરીષ, અમિતા, વંદનાના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

સ્વ. પ્રફુલ્લ ભાટિયા (કોલ્હાપુર) (ઉં. વ. ૭૬) સ્વ.પુષ્પાબેન અને સ્વ.ભગવાનદાસ રણછોડદાસ ભાટિયાના પુત્ર. સ્વ. ભગવાનદાસ લક્ષ્મીદાસ દુતિયાના જમાઈ. રોહિણી ભાટિયાના પતિ. બીજલ નિલેશ, તનુજા પરાગના પિતા. વિનોદ, પ્રવિણના ભાઈ. ૫મી જાન્યુઆરી કોલ્હાપુર મુક્કામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૮મી જાન્યુઆરી બુધવાર ૪:૩૦ થી ૫:૩૦. ગીતામંદિર, હોટેલ અયોધ્યા પાસે, કાવલા નાકા, સદર બજાર, કોલ્હાપુર.

**ઘોઘારી મોઢ વણિક**

અ.સૌ.અનસૂયાબેન (ઉં. વ. ૭૬) મૂળ ગામ બોટાદવાળા હાલ ઘાટકોપર તે રજનીકાંત ચીમનલાલ પારેખના ધર્મપત્ની તા. ૬-૧-૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે નિલમ, રૂપલ, પાયલના માતુશ્રી. સમીર, વીરેન અને કુનાલના સાસુ. કુશ, દ્રષ્ટિ, જસ્વી, આયુશ, હિતાંશના નાની. પિયરપક્ષે સ્વ.લીલાવતી બુધાલાલ શાહ અમદાવાદવાળાની દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદીવલી સ્વ.મંગળાબેન હરગોવિંદદાસ કાનજીભાઈ મહેતાના સુપુત્ર રમેશ (ઉં. વ. ૬૪) તા.૬/૧/૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે હીના (હર્ષા)ના પતિ. અમિષા હાર્દિક, પ્રિયા જયના પિતા. રાજેન્દ્રભાઈ, મધુબેન સુરેશકુમાર, હર્ષાબેન ધીરજલાલ, અલકાબેન ભરતકુમારના ભાઈ. તરેડવાળા ધીરજલાલ ચકુભાઈ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા તા.૯/૧/૨૦૨૫ ગુરુવારના ૪ થી ૬. ત્રીજે માળે, લુહાણા મહાજન વાડી, એસ વી રોડ, ભોળાનાથ શંકર મંદિરની બાજુમાં, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઔદીચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી હાલ ટીંટોઈ ગં.સ્વ.મધુબેન મનુભાઈ ભટ્ટ (ઉં. વ. ૮૭) તા. ૩/૦૧/૨૫ શુક્રવારના દેવલોક પામ્યા છે. તે શાંતાબેન બાલકૃષ્ણ રાવલના સુપુત્રી. સ્વ.પ્રવિણાબેન જોષી, ભૂપેશભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ ભટ્ટ, ઇલાબેન ભટ્ટ, હીનાબેન વ્યાસના માતુશ્રી. સ્વ.પદ્માબેન સુભાસચંદ્ર ભટ્ટના દેરાણી, ગં.સ્વ.જોશનાબેન, ગં.સ્વ. રંજનબેન, નીરુબેન, ભારતીબેન, સ્વ.રમેશભાઈ રાવલ, જગદીશભાઈ રાવલના બહેન, અ.સૌ.રેખાબેન ભટ્ટ, અ. સૌ. દર્શનાબેન ભટ્ટ, અશોકકુમાર જોષી, રાકેશકુમાર વ્યાસના સાસુ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯/૧/૨૫ના ગુરવારે ૫ થી ૭. શ્રી લોહાણા મહાજન વાડી, પહેલો માળ, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. ૪ થી ૬ ટીંટોઈમાં રાખેલ છે. ટીંટોઈ ઘર ૧/૬૨,બઝાર વિસ્તાર, ઠે. લૌકિક પ્રથા બંધ છે. ઉત્તર ક્રિયા ટીંટોઈમાં રાખેલ છે.

**માધવપુર ગિરીનારાયણ બ્રાહ્મણ**

સુધીર તારાબેન ભાનુભાઇ કાપડિયા (ઉં. વ. ૭૮) શનિવાર તા.૦૪/૦૧/૨૫ના શ્રીચરણ પામ્યા છે. તે મહેશ્વરીના પતિ. હર્ષદ, પયના, નીરા, મીનાક્ષી, પ્રતિભાના ભાઈ. કેયુર, ભાવિક, હાર્દિકના પિતા. બિંદિયા, માધુરી, પૂજાના સસરા. ખુશ, મીના, ઉર્જિતા, જુહીના દાદા. પ્રાર્થનાસભા ૪ થી ૬, ગુરવાર તા. ૦૯/૦૧/૨૫ના રાખેલ છે. શ્રી માધવહોલ, નેશનલ હોસ્પિટલની બાજુમાં, એમ.જી. રોડ, બોરીવલી (પૂર્વ).

**કપોળ**

વઢેરાવાળા હાલ બોરીવલી સ્વ.કમળાબેન શામજીભાઈ મંગળદાસ મહેતાના પુત્ર અરવિંદકુમાર (ઉં. વ. ૮૩) તા.૫-૧-૨૫ને રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રતિભાબેનના પતિ. રાજીવ-રાધિકા, હિમાંશુ-પાયલના પિતાશ્રી. સ્વ.નવનીત રાય, સ્વ.મંજુબેન, સ્વ.ધનલક્ષ્મીબેન, અંજનાબેનના ભાઈ. ધવલ-ધીયાના દાદા. સ્વ.મણિલાલ જગજીવનદાસ મહેતાના જમાઈ. લૌકિક ક્રિયા તથા પ્રાર્થનાસભા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

વાઘનગર નિવાસી હાલ દહિસર સ્વ. દિનકરરાય કેશવલાલ ભટ્ટના ધર્મપત્ની ગં.સ્વ.કુસુમબેન ભટ્ટ (ઉં. વ. ૭૫) તાઃ ૩-૧-૨૫ ને શુક્રવાર સ્વર્ગવાસી થયેલ છે. તે દિલીપ, નિમીષા, કાશ્મીરા, વિપુલના માતા. અ.સૌ. જાગૃતિ, અ.સૌ.જલ્પા, કમલ પંડ્યા, હિરેન શેઠના સાસુ. પ્રવીણભાઈ, હંસાબેન, સ્વ.પુષ્પાબેન, કનુભાઈ, પ્રદીપભાઈના ભાભી. કીર્તન, આસ્થા, જીલ, પંકતિના દાદી. દયાલ નિવાસી સ્વ.ગિરજાશંકર વાલજી મહેતાના દીકરી. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ગુરવાર તાઃ ૯-૧-૨૫ના ૫ થી ૭ઃ સમાજ કલ્યાણ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઝરીમરી ગાર્ડનની બાજુમાં, દહિસર પૂર્વ.

**જ્ઞાતિ- ઝાલાવાડી સઈ સુથાર**

મોજીદડ નિવાસી હાલ વિરાર અ.સૌ.અન્નપૂર્ણાબેન પાટડિયા (ઉં.વ. ૬૭) ૫-૧-૨૫ શ્રીજીચરણ પામેલ છે. તે ગિરિશભાઈ ચતુરદાસ પાટડિયાના પત્ની. સુમિત પાટડિયાના માતુશ્રી. ભક્તિ પાટડિયાના સાસુ. સવિતાબેન લાલજીભાઈ ચૌહાણના દીકરી. પ્રફુલ્લા, નરેશ, મંજુલા, હર્ષદ, રસિલાના મોટાબેન. દીપાબેન, હર્ષાબેનના ભાભી. પ્રાર્થનાસભા તા.૦૯-૦૧-૨૫ ગુરુવાર ૪ થી ૬. ગીતા સ્મૃતિ અચલગચ્છ જૈન ભવન, જૈન મંદિર રોડ. વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહારની પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

શિહોર નિવાસી હાલ વિલે પારલા ગં.સ્વ.ઉષાબેન (દમુબેન) જયંતકુમાર નવનીતરાય મહેતા (ઉં. વ. ૮૯) તે ભરત, તુષાર (નાનુ)ના માતુશ્રી. અ.સૌ.ભાવના, અ.સૌ.અલકાના સાસુ. દેવ ઈશાનીના દાદી. અ.સૌ. કૃપાલીના દાદીસાસુ. સાસરીયા પક્ષે અ.સૌ.વીણા - હર્ષદભાઈ, અ.સૌ. આશા-રોહિતભાઈ, અ.સૌ.ભારતી-હેમંતભાઈ, અ.સૌ.જયશ્રીબેન-નવનીતરાયના ભાભી. પિયરપક્ષે મંગલાબેન દ્વારકાદાસ દલાલના સુપુત્રી, તા ૬/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૯/૧/૨૫ના જ્યોત્સના વાલિયા હોલડી.એન.નગર, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

### માર્વે-મનોરી

ઝોન નોટિફિકેશન મુજબ એમસીઝેડએમએએ મીટિંગ દરમિયાન સ્પષ્ટતા કરી હતી કે બાંધકામ દરમિયાન મેનગ્રોવ્સના અસર કે નષ્ટ થયેલા વિસ્તાર કરતાં વાવેતરનો વિસ્તાર ઓછામાં ઓછો ત્રણ ગણો હોવો જોઇએ. પાલિકા જે બ્રિજનું નિર્માણ કરી રહી છે, તેણે કામ શરૂ કરતાં પહેલાં હાઈ કોર્ટ અને મેનગ્રોવ્સ પ્રોટેક્શન સેલ પાસેથી એનઓસી લેવું પડશે, એવું પણ મિનિટ્સમાં નોંધવામાં આવ્યું છે.

એમસીઝેડએમએએ પાલિકાને કહ્યું છે કે પ્રોજેક્ટ શરૂ થાય એ પહેલાં મેનગ્રોવ્સ સેલના સહયોગથી સાઈટ પર મેનગ્રોવ્સ ડેન્સિફિકેશન પ્લાન અમલમાં મૂકવો જોઇએ. પાલિકાએ આ માટે પ્રોજેક્ટ સાઈટની નજીક યોગ્ય જમીન ફાળવવી જોઇએ અને એન્વાયર્નમેન્ટલ મેનેજમેન્ટ પ્લાન (ઈએમપી)ના ભાગરૂપે મેનગ્રોવ્સ સેલને જરૂરી ભંડોળ પૂરું પાડવું જોઇએ, એવું મિનિટ્સમાં જણાવવામાં આવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓએ આ પ્રોજેક્ટ સામે અનેક વાંધાઓ ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે આ પુલ સ્થાનિક પર્યાવરણને નુકસાન પહોંચાડશે અને ખેડૂતો તેમ જ માછીમારોના પરંપરાગત વ્યવસાયને છીનવી લેશે. પાલિકા અને સ્થાનિક માછીમારો વચ્ચેની મીટિંગમાં હાજરી આપનારા એક પર્યાવરણવાદીએ જણાવ્યું હતું કે આ પુલ અનેક ગામડાઓનો નાશ કરશે.

### થાણે-બોરીવલીની ટનલ માટે ડેકનું કામ શરૂ થયું

અંડરગ્રાઉન્ડ ટનલ પ્રોજેક્ટ માટેનો રસ્તો સાફ કરીને એસઆરએએ આ નિર્ણાયક પૂર્વ-પશ્ચિમ કોરિડોરની જમણી બાજુ આવેલા માગાઠાણેના ઝૂંપડપટ્ટીવાસીઓને ૩૪૩ ટેનામેન્ટ્સ ફાળવ્યાં છે. ટ્વિન ટ્યૂબ ટનલ જે સંજય ગાંધી નેશનલ પાર્ક હેઠળથી પસાર થશે. બોરીવલીમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને થાણેના ઘોડબંદર રોડ થઇને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે સીધા જોડાણને પૂરું પાડવા માટે રેડી છે.

# પારસી મરણ

મરઝબાન મીનોચેર તોડીવાલા તે રોશન એમ તોડીવાલાના ખાવીંદ. તે મરહુમો કુમી તથા મીનોચેરના દીકરા. તે અનાહીતા કાયરસ હાંસોટીયા ને બીનાઇફર કાર્લ ફોટોગ્રાફરના પપ્પા. તે કાયરસ એચ. હાંસોટીયા ને કાર્લ એમ. ફોટોગ્રાફરના સસરા. તે સનાયા ને જેનીફરના ગ્રેન્ડ ફાધર. તે મરહુમો મહેરામાય તથા નરીમાન બામના જમાઇ. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૨એ/૨૨ તાતા મિલ્સ કો.ઓ.હા.સો. લિમિટેડ, એલફિન્સ્ટન રોડ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૧-૨૫ને દિને બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ મધ્યે વાડીયા અગિયારીમાં.

# જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ મુલુંડ સ્વ. નરભેરામભાઈ જશરાજભાઈ પારેખના ધર્મપત્ની તરુણબેન (ઉં.વ. ૮૪) તે દિપીકાબેન, મુકેશ, અશ્વિનના માતુશ્રી. બીનાબેન, ધર્મિષ્ઠાબેન, દેવેન્દ્રભાઈના સાસુ. તારાબેન રવિચંદભાઈ મહેતાના પુત્રી. કૃતિકા, પ્રિયંકા, સલોની, ક્રેયાના દાદી. નિકિત, બિન્નીના નાની તા. ૭-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વહેવાર સદંતર બંધ છે.

**વિજાપુર સત્તાવીસ વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

લિંબોદરા નિવાસી હાલ મુંબઇ કુસુમબેન સેવંતીલાલ માનચંદ શાહ (ઉં. વ. ૮૭) તા. ૬-૧-૨૫ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ચિરાગભાઇ, દિવ્યાબેન, અરૂણાબેન, વર્ષાબેન, જયશ્રીબેન, નયનાબેન, ઉર્વશીબેન, શર્મિષ્ઠાબેન, ડિમ્પલબેનના માતુશ્રી. આરતીબેન, ભૂપેન્દ્રકુમાર, સ્વ. રાજેશકુમાર, ભૂપેનકુમાર, દિલીપકુમાર, મનિષકુમાર, નિખીલકુમાર, કેતનકુમાર તથા લલિતકુમારના સાસુશ્રી. નિમીત તથા ધ્રુવીના દાદીમા. પિયર પક્ષે શ્રી છનાલાલ મગનલાલ શાહ (માણસા). પ્રાર્થનાસભા તા. ૮-૧-૨૫ના બુધવારના ૨.૩૦થી ૪. ઠે. પાટીદાર સમાજ હોલ, કેનેડીબ્રીજ, ઓપેરાહાઉસ, મુંબઇ-૪૦૦૦૦૭.

**માંગરોળ સ્થાનકવાસી જૈન**

સુધીરભાઈ ભણસાલી (ભાયંદર) (ઉં. વ. ૭૦) તે સ્વ.વસુબેન કાંતિલાલ ભણસાલીના પુત્ર. સ્મિતાબેનના પતિ. બગસરા નિવાસી જયંતીભાઈ ત્રીકમજી બજરીયાના જમાઈ. કીર્તિ, સંજય અને સ્વ. સુહાસભાઈના ભાઈ. ધવલ અને વિનીતના પિતાશ્રી. નિધિના સસરા તા.૬-૧-૨૫ના સોમવારે મુંબઈ મુકામે અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. મણીબેન કાનજી માડણ કારીઆ (ઉં. વ. ૬૯) સોમવાર તા. ૬.૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.વિશાબેન માડણ પુત્રવધૂ. સ્વ.કાનજીના ધર્મપત્ની, રાજેશ, સ્વ. સરલા, દર્શના, મધુ,શીતલના માતુશ્રી, ચાર્મી, કાનજી, કિરીટ, પ્રભુલાલ, પ્રવિણના સાસુ. ભચાઉના સ્વ. દિવાળીબેન માલશી જગશી ગાલાના દિકરી. પ્રાર્થના સભા બુધવાર તા. ૦૮.૦૧.૨૫ સમય સવારે ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. કરશન લઘુભાઈ નિસર સ્થાનક હોલ, દાદર-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ. શામજી ખેરાજ નંદુ (ઉં. વ. ૭૫) તા. ૪.૧.૨૫ના શનિવારના વાપી મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી સંતીબેન પુંજાના પૌત્ર. મા.રમાબેન ખેરાજના પુત્ર. સ્વ. અમૃતબેન/ગં.સ્વ.મંજુલાબેનના પતિ. મયુર, જીગ્નેશ, પ્રીતિ, પ્રફુલ્લા, સ્મિતાના પિતાશ્રી. કુંજન, આરતી, હાર્દિક, મનસુખ, હિરેનના સસરા. ઉગમશી, દામજી, ખીમઈના ભાઈ. સામખીયારીના રૂપાબેન ભીમશી દેવજી ગડા(ગેલાણી)ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે.૧૪/૧૩૪, ન્યુ બી ટાઈપ, અંબે માતાજી મંદિરની બાજુમાં, વાપી.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ.શામજી પેથાભાઈ છાડવા (ઉં. વ. ૯૩) શનિવાર, તા. ૪.૧.૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. સ્વ. વાલીબેન પેથાભાઈના સુપુત્ર. સ્વ. હિરાબેનના ધર્મપતિ. દામજી, મનસુખ, કસ્તુર, વિનોદ, હંસાના પિતાશ્રી. હિના, વંદ્ના, પુષ્પા, ભરત, રમેશના સસરા. બીના, સેજલ, ધવલ, નેહા, હર્ષિત, ઋષભના દાદા. ગામ મનફરાના સ્વ. લાખઈબેન ભુરા કુંભા ગાલાના જમાઈ. પ્રાર્થના સભા બુધવાર તા. ૦૮.૦૧.૨૫ સમય. ૩ થી ૪.૩૦ સ્થળ. રાજપુરીયા હોલ, નવિન ઠક્કર રોડ, વિલેપાર્લા-ઈસ્ટ, ઠે. ૬૦૨/૬૦૩ અરવિંદ વિલા, સહાર રોડ, અંધેરી-ઈસ્ટ,મુંબઈ-૬૯.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણી હાલે બોરીવલીના દેવકાબેન નાનજી દેવજી ધરોડ (ઉં. વ. ૯૪) તા. ૬-૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. દેમુબાઇ દેવજી ધરોડના પુત્રવધૂ. નાનજીના ધર્મપત્ની. હેમલતા, લક્ષ્મીચંદ, પૂણ્યશ્લોકી પ્રવિણ, મનસુખ, પ્રદીપના માતુશ્રી. છસરાના હાંસબાઈ શામજી વીરજી ગાલાની પુત્રી. વાલજી, વેલજીના બહેન. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝ ની સામે, એલ.ટી. રોડ, બોરીવલી (વે). ટા. ૨ થી ૩:૩૦.

મોખાના રતિલાલ કુંવરજી ભેદા (ઉં. વ. ૭૦) ૪-૧ના દેશમાં અવસાન પામેલ છે. પુરબાઈ કુંવરજીના પુત્ર. ભારતીના પતિ. રૂપલ, હિરેનના પિતા. સ્વ. વસનજી, રમણીકના ભાઈ. કુંદરોડીના ઝવેરબેન લાલજી જેઠુના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે) ટા ૨ થી ૩.૩૦.

મોખાના ઝુબીન રાજેન્દ્ર છેડા (ઉં. વ. ૩૪) તા. ૫-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. મીનાબેન રાજેન્દ્ર દામજીના સુપુત્ર. ફોરમના પતિ. યુવાનના પિતા. ડો. પૂર્વીના ભાઈ. સુખ્માબેન છોટાલાલ વોરાના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

નાના ભાડિયાના પ્રેમજી ખેતશી ગોગરી (ઉં. વ. ૮૭) તા. ૨૮-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. ભાણબાઈ ખેતશી તેજશીના સુપુત્ર. રતનબેનના પતિ. પ્રજ્ઞા, પ્રિયલના પિતાશ્રી. હરખચંદ, નવિનચંદ્ર, પ્રવિણ, ખેતબાઈ જેઠાલાલ કરમશી, બિદડા હેમલતા રામજી વેલજી, ફરાદી હીરાવંતી ચંદ્રકાંત ધરમશી, નાના ભાડીયા નંદીતા મનસુખ પ્રેમજીના ભાઈ. બિદડા તેજબાઈ તેજશી હંસરાજના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. ૩ થી ૪.૩૦. (શ્રદ્ધાંજલિ સભા : ૪.૩૦ થી ૫).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_ નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# શું જાન્યુઆરી આખલાની જાન લેશે?



શેરબજારમાં નવા વર્ષની શરૂઆત તો શાનદાર થઇ હતી અને બેન્ચમાર્કે ૧૫૦૦ પોઇન્ટના ઉછાળા સાથે પાછલા ગુરુવારે રોકાણકારોની સંપત્તિમાં રૂપિયા છ લાખ કરોડથી વધુનો ઉમેરો નોંધાવ્યો હતો. જોકે, તરત બીજા દિવસે ૭૦૦થી વધુ પોઇન્ટના ઘટાડા સાથે આગલા દિવસનો પચાસેક ટકા ઉછાળો ધોઇ નાંખ્યો હતો.

શેરબજારમાં તેજીનો જુવાળ એક જ દિવસમાં શમી ગયો હોય એ રીતે, સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સમાં ૭૨૦ પોઇન્ટનું મસમોટું ગાબડું નોંધાયું હતું, જ્યારે નિફ્ટી ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી શક્યો હતો.

આ ઓછું હોય તેમ સોમવારે સપ્તાહના પહેલા જ સત્રમાં સેન્સેક્સે ફરી ૧૨૫૮ પોઇન્ટનો જોરદાર કડાકો બોલાવીને રોકાણકારોને ગભરાવી નાંખ્યા! શેરબજારના માર્કેટ કેપિટલમાંથી એક ઝાટકે રૂ. ૧૦.૫૮ લાખ કરોડનું દોવાણ થઇ ગયું!

નોંધવું રહ્યું કે પાછલા ગુરુવારે સેન્સેક્સ ૮૦,૦૦૦ની સપાટી વટાવી પાછો ફર્યો હતો અને નિફ્ટી પણ ૨૪,૨૦૦ને સ્પર્શ્યો હતો. અલબત્ત સેન્સેક્સના ૧૫૦૦ પોઇન્ટના ઉછાળા પાછળ ખાસ કરીને વિદેશી ફંડનું શોર્ટ કવરિંગ જ મૂળ આમ તો મોટી તેજી માટે કોઇ ટ્રીગર નથી અને મોટા ધોવાણ માટે કોઇ કારણ નથી.

નિષ્ણાતો કહે છે કે જો કોઇ એક કારણ આપવું હોય તો વાસ્તવમાં ડોલરની મજબૂતી લોકોને ઉછાળે વેચવાલી માટે પ્રેરે છે. જોકે અહીં આપણે બજારની વર્તમાન પરિસ્થિતિની નહીં, પરંતુ જાન્યુઆરી મહિના સંદર્ભે હાથ ધરાયેલા એક અભ્યાસ વિશે વાત કરવી છે. આ અભ્યાસ અનુસાર પાછલા છ વર્ષથી જાન્યુઆરીમાં બજારમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. મહત્ત્વની વાત એ છે કે આ ઘટાડાનું મુખ્ય કારણ વિદેશી રોકાણકારોનું ભારે વેચાણ રહ્યું છે.

પાછલા કેલેન્ડર વર્ષ વિશે એક પોઝિટિવ બાબત એ છે કે ૨૦૨૪માં ઇક્વિટી રોકાણકારોમાં ૨૭ ટકાનો વધારો જોવા મળ્યો છે. હવે મૂળ મૂદ્દા પર પાછાં ફરીએ તો પાછલા ૧૦ વર્ષમાં સાત વખત જાન્યુઆરીમાં નિફ્ટી ખોટમાં રહ્યો છે.

આ ઘટાડો મુખ્યત્વે વિદેશી રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા ભારે વેચાણને કારણે જોવા મળ્યો હતો. અહીં ચિંતાનું કારણ એ છે કે, જો આપણે પાછલા કેટલાક મહિનાના ડેટા તપાસીએ તો જાણવા મળે છે કે, તાજેતરમાં વિદેશી ફંડો સતત વેચવાલ રહ્યાં છે અને આગળ પણ તેમની વેચવાલી વહેલી બંધ થાય એવા અણસાર નથી.

અધૂરામાં પૂરું હવે તો ધોળિયાઓને મજબૂત ડોલર કે ઊંચી બોન્ડ યિલ્ડ ઉપરાંત ચાઇનીઝ એચએમપીવી વાઇરસનું નવું જોરદાર કારણ મળ્યું છે. આ જોતાં તેમની વેચવાલી વહેલી અટકે એવું લાગતું નથી. અભ્યાસ અનુસાર વિદેશી રોકાણકારો ૨૦૧૫ અને ૨૦૨૪ વચ્ચે છ વખત નેટ સેલર્સ રહ્યા છે. જાન્યુઆરીમાં પાછલા ૧૦ વર્ષમાં નિફ્ટીનું સરેરાશ વળતર ૦.૩૮ ટકા રહ્યું છે. વિદેશી રોકાણકારોએ પાછલા ત્રણ વર્ષથી જાન્યુઆરીમાં શેર ઠાલવીને નાણાં ઘેરભેગા કર્યા હતા.

વિદેશી ફંડોએ પાછલા ત્રણ વર્ષમાં જાન્યુઆરીમાં ભારતીય શેરબજારમાંથી રૂ. ૮૭,૮૯૯ કરોડ ઉસેડી લીધા હતા. અગાઉ જાન્યુઆરી ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૯માં પણ એફઆઇઆઇ નેટ સેલર રહ્યાં હતા. જોકે, એ પણ નોંધવું રહ્યું કે, આ વર્ગે જાન્યુઆરી ૨૦૧૫, ૨૦૧૮, ૨૦૨૦ અને ૨૦૨૧માં ભારતીય શેર ખરીદ્યા હતા.

એ જ સામે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૧૦માંથી સાત વર્ષ દરમિયાન રોકાણ વધાર્યું છે. ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ) જાન્યુઆરીમાં ૧૦માંથી ૭ પ્રસંગોએ બાયર્સ રહીને બજારને ટેકો આપ્યો હતો અને હાલ પણ આપી રહ્યાં છે.

સ્થાનિક ફંડોએ પાછલા ત્રણ વર્ષમાં જાન્યુઆરીમાં રૂ. ૮૭,૮૯૯ કરોડનું રોકાણ કર્યું છે. જોકે, તેઓ જાન્યુઆરી ૨૦૧૫, ૨૦૨૦ અને ૨૦૨૧માં ચોખ્ખા વેચાણકર્તા હતા. તે જ સમયે ૨૦૧૬થી ૨૦૧૯ સુધીના ચાર વર્ષ માટે તેમણે જાન્યુઆરીમાં ખરીદી કરી છે.

અલબત્ત, નવા રોકાણકારો માટે ૨૦૨૪ એક શાનદાર વર્ષ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન બજારે ઘણા રેકોર્ડ બનાવ્યા. ગયા વર્ષે રિટેલ રોકાણકારો વાર્ષિક ધોરણે ૨૭ ટકા વધીને ૧૧ કરોડની નજીક પહોંચી ગયા હતા. મહારાષ્ટ્ર અને યુપીમાં પ્રથમ વખત રોકાણકારોની સંખ્યા એક કરોડને વટાવી ગઈ છે.

જોકે, મહિલા રોકાણકારોની ભાગીદારી અપેક્ષા મુજબ જોવા મળી નહોતી. કુલ રોકાણકારોમાં તેમનો હિસ્સો માત્ર ૨૪ ટકા રહ્યો હતો, જે વર્ષ ૨૦૨૩માં ૨૩ ટકાના સ્તરે હતો. માર્કેટમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. ૪૩૮.૯ લાખ કરોડ (૫.૧૩ ટ્રિલિયન) હતું. ગયા વર્ષે તે ૩૬૧.૧ લાખ કરોડ રૂપિયા હતો. એટલે કે લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં ૨૧.૫ ટકાનો વધારો થયો છે.

શેરબજારમાં યાદીબદ્ધ થનારી કંપનીઓની વાત કરીએ તો વિશ્વની પ્રત્યેક ચારમાંથી એક કંપની ભારતમાં લિસ્ટેડ હતી. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં નવેમ્બર સુધીમાં વૈશ્વિક સ્તરે નવી લિસ્ટેડ કંપનીઓનો હિસ્સો એનએસઇ પર લિસ્ટેડ કંપનીઓમાં ૨૩ ટકા હતો.

અગાઉ જણાવ્યા પ્રમાણે રોકાણકારો એક વર્ષમાં ૨૭ ટકા વધીને ૧૧ કરોડની નજીક પહોંચ્યા છે. ઓગસ્ટ ૨૦૨૪માં રોકાણકારોની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ. પાછલા એક કરોડ માત્ર પાંચ મહિનામાં ઉમેરાયા હતા. ડિસેમ્બરમાં આ આંકડો ૧૦.૯ કરોડ હતો.

રોકાણકારોની સરેરાશ ઉંમર ૩૫.૮ વર્ષ, મહિલા રોકાણકારોમાં માત્ર એક ટકાનો વધારો થયો છે. નવેમ્બર ૨૦૨૪ સુધીમાં રોકાણકારોની સરેરાશ ઉંમર ઘટીને ૩૬ વર્ષ થઈ ગઈ છે. ચાર વર્ષ પહેલા તે ૪૧ વર્ષ હતી. નવેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ રોકાણકારોમાં મહિલાઓની સંખ્યા વધીને ૨૪ ટકા થશે. નવેમ્બર ૨૦૨૩માં તે ૨૩ ટકા હતી.

પ્રથમ વખત એસએમઇ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. બે લાખ કરોડને વટાવી ગયું છે. એનએસઇ ઇમર્જ પર એસએમઇ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. ૨.૨ લાખ કરોડ ( ૨૬ અબજ) હતી. ૨૦૨૪માં એનએસઇ પર કુલ ૩૦૧ કંપનીઓ લિસ્ટ થઈ હતી. તેમાંથી ૯૦ કંપનીઓ મેઇનબોર્ડ પર અને ૧૭૮ કંપનીઓ એનએસઇ ઇમર્જ (એસએમઇ) પર લિસ્ટેડ હતી.

રિટેલ રોકાણકારોનો કુલ માર્કેટ કેપમાં ૧૭.૬૦ ટકા હિસ્સો છે. રિટેલ રોકાણકારો સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં એનએસઇ લિસ્ટેડ માર્કેટ કેપમાં ૧૭.૬ ટકા હિસ્સો ધરાવે છે, જે માર્ચ ૨૦૧૪માં તે ૧૦.૯૦ ટકા હતો. પાછલા ૧૦ વર્ષમાં રિટેલ હોલ્ડિંગ ૨૫ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક દરે (સીએજીઆર) વધ્યું છે. તે માર્ચ ૨૦૧૪માં રૂ. ૭.૯ લાખ કરોડથી ૧૦ ગણો વધીને સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ. ૮૨.૫ લાખ કરોડ થઈ ગયો હતો.

સ્થાનિક રોકાણકારોએ ૨૦૨૪માં રૂ. ૧૩ લાખ કરોડનો નફો કર્યો છે. શેરબજારમાં સ્થાનિક રોકાણકારોએ કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં આશરે રૂ. ૧૩.૨ લાખ કરોડનો નફો કર્યો હતો. પાછલા ત્રણ વર્ષમાં ૨૦૨૨-૨૪માં તેમના રોકાણના મૂલ્યમાં રૂ. ૨૮ લાખ કરોડનો વધારો થયો છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# દોસ્તીનો હાથ લંબાવીને ચીને ફરી દગો કર્યો

## ચીને બ્રહ્મપુત્રા નદી પર જે વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાનો પ્રકલ્પ શરૂ કર્યો છે એ આપણા માટે 'વૉટર બૉમ્બ' પુરવાર થઈ શકે!



બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાની ચીનની ખતરનાક યોજના

કૂતરાની પૂંછડીને ભોંયમાં દાટો તો વાંકીને વાંકી જ રહેવાની. વિસ્તારવાદી અને વિશ્વાસઘાતી ચીનનું પણ એવું જ છે. ચીનની કથની અને કરણીમાં કદી સુમેળ નથી હોતો. ૨૦૨૦માં સરહદ પર ભારત- ચીનના લશ્કરના જવાનો વચ્ચેની જીવલેણ અથડામણ બાદ ૨૦૨૪માં બરફ પીગળ્યો હતો. ચીન અને ભારતે બન્ને દેશો વચ્ચે વિશ્વાસ સ્થાપવાનાં પગલાં લીધા હતા. ભારતના જવાનોને પૂર્વ લદાખમાં ૨૦૨૦ ના સ્થાને પેટ્રોલિંગ કરવાની સમજૂતી બન્ને દેશો વચ્ચે થઈ હતી. સરહદ પરની તંગદિલી દૂર કરવાની પણ આમાં વાત હતી. આ સમજૂતીને પગલે ભારત - ચીન વચ્ચેના સંબંધ સામાન્ય થાય એવી આશા જાગી હતી, પરંતુ ચીનના ડીએનએમાં જ દગાખોરી, અવળચંડાઈ, લુચ્ચાઈ અને વિશ્વાસઘાત છે.

### ચીનની આંખ ખૂલશે?

ચીન બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવા માગે છે, પરંતુ આને લીધે પ્રકૃતિને ભારે હાનિ પહોંચશે. ચીન તિબેટમાં આ ડેમ બાંધવા માગે છે, પરંતુ ત્યાં મંગળવારે આવેલા ભૂકંપે બતાડી આપ્યું છે કે પ્રકૃત્તિ સાથે ચેડાં કરવાથી ભારે કિંમત ચૂકવવી પડે છે. ચીન આમાંથી બોધપાઠ નહીં લે તો પ્રકૃત્તિ તેને પાઠ ભણાવશે.

એ વખતે, ચીને એક નહીં, પરંતુ બે ઝાટકા ભારતને આપ્યા હતા. ચીને પહેલાં તો ભારત જેણે પોતાનો ગણે છે એ અકસાઈ ચીનમાં બે નવી કાઉન્ટિ બનાવવાની વાત કરી. બીજું, ચીને બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાનો પ્રકલ્પ શરૂ કર્યો છે.

આ બે આંચકાને લીધે ભારત હચમચી ગયું છે. હવે ભારતે સમજી લેવું જોઈએ કે 'લાતો કે ભૂત બાતો સે નહીં માનતે હૈ...'. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારફતે ચીનને મેસેજ દેવાથી ખંધા ચીન પર કોઈ અસર નહીં થાય. નક્કર પગલાં લેવા પડશે. ભારતે મર્મસ્થાન પર ત્રાટકવું પડશે.. વેપારી સંબંધો પર પ્રહાર કરવો પડશે. સૂફિયાણી વાતો કરવાથી કશો અર્થ સરવાનો નથી.

૨૦૨૪ના છેલ્લા ત્રિમાસિકમાં ભારત અને ચીન વચ્ચે અનેક ઉચ્ચસ્તરીય બેઠકો થઈ. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ જિનપિંગ વચ્ચે ૨૩ ઓક્ટોબરે લાંબા અંતર બાદ શિખર પરિષદ થઈ. ચીનના બે સ્વાર્થી પગલાંને લીધે બધું દળી દળીને ઢાંકણીમાં નાખવા જેવો ઘાટ સર્જાયો છે.

ભારતના વિદેશ ખાતાનાં મંત્રાલયના પ્રવક્તા રણધીર જૈસવાલે એક આકરા નિવેદનમાં કહ્યું હતું કે ચીન હોટન પ્રાંતમાં બે નવી કાઉન્ટિ રચવાનો છે એ અમને મંજૂર નથી. ભારત કહે છે કે આ ક્ષેત્રોનો અમુક હિસ્સો ભારતના લદાખમાં આવે છે. ભારતે તિબેટ ક્ષેત્રમાં બ્રહ્મપુત્રા નદી જે ચીનમાં યાર લુંગ ઝામ્બોના નામે ઓળખાય છે એના પર ડેમ બાંધવા અંગે ચિંતા વ્યક્ત કરી.છે. ભારત કહે છે કે અમે પોતાના પ્રદેશ પર ચીની કબજાને કદી સ્વીકાર નહીં કરીએ. નવી કાઉન્ટિ બનાવવાથી ન તો ક્ષેત્ર પર પોતાનું સાર્વભૌમત્વ અંગેની ભારતની દીર્ઘકાલીન અને સુસંગત સ્થિતિ પર કોઈ અસર પડશે. ભારતે આ મુદ્દે રાજદ્વારી ચેનલથી પણ વિરોધ નોંધાવ્યો છે.

ડેમની બાબતમાં ભારત કહે છે કે બ્રહ્મપુત્રા નદીના પાણી પર અમારો અધિકાર છે. એક નીચલા તટીય દેશ હોવાથી અમે નિષ્ણાતો અને રાજદ્વારી ચેનલના માધ્યમથી અમે ચીની હાઈડ્રો પ્રોજેક્ટ સામેનો વિરોધ નોંધાવ્યો છે.

જવાબમાં ચીન કહે છે કે તિબેટમાં હાઈડ્રો પ્રોજેક્ટ નાખવાથી પર્યાવરણ કે નીચેની તરફની પાણીની પૂર્તિ પર કોઈ ફરક નહીં પડે. ભારત સાથે બાંગ્લાદેશે પણ આની સામે વિરોધ નોંધાવ્યો છે. યારલુંગ ઝામ્બો નદી તિબેટમાંથી નીકળીને ભારતના અરુણાચલ પ્રદેશ અને આસામ જેવા રાજ્યોમાંથી નીકળીને બાંગ્લાદેશમાં થઈને બંગાળના ઉપસાગરમાં મળે છે. હવે આપણે સમજીએ કે ચીનનો આ હાઈડ્રો પ્રોજેક્ટ ભારત માટે 'વોટર બૉમ્બ' કેમ છે. આ પ્રોજેક્ટથી લાખો લોકોના જીવન, ગુજરાન અને પર્યાવરણ પર માઠી અસર પડશે. ચીન બ્રહ્મપુત્રા નદી જ્યાં યુ-ટર્ન લે છે ત્યાં ડેમ બાંધવા માગે છે. આ પ્રકલ્પથી ૬૦,૦૦૦ મેગા વોટ જેટલી ઊર્જા ઉત્પન્ન થશે. ચીને આ માટે મોટું જળાશય બાંધવું પડશે. વિજ્ઞાનીઓ કહે છે કે આટલા મોટા પ્રોજેક્ટથી ભૂકંપ આવી શકે. અહીં એ વાતની પણ નોંધ લેવી ઘટે કે આ આખા ક્ષેત્રની પ્લેટ ખરાબ છે અને અહીં વારંવાર ભૂકંપો આવે છે. એક વાર ડેમ બાંધી દીધા બાદ નદીનું પાણી કેટલું નીચે આવવા દેવું એની ચાવી ચીનના હાથમાં હશે. ચીન પાણીને રિલીઝ કરી નાખે તો ભારતમાં જબરદસ્ત વિનાશકારી પૂર લાવી શકે. આ ચીને ભારત પર ફેંકેલો વોટર બૉમ્બ જ હશે. બંધ ૧૪૦ અમેરિકન ડોલરના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે.

આ બધી ચીની હરકતો ભારત સાથેના સંબંધો સુધારવા માટેની નથી. ચીન અક્સાઈ ચીનમાં પોતાની પકડ મજબૂત બનાવી રહ્યું છે. હોટેનમાં આ અગાઉ જ સાત કાઉન્ટિ છે અને હવે બે નવી કાઉન્ટિ બનાવવાની વાત થઈ છે. દરેક કાઉન્ટિને પોતાની વહીવટી રાજધાની હશે. ચીન પોતાના માળખાકીય ઢાંચો મજબૂત કરી રહ્યુ છે.

વેપારતુલાની વાત કરીએ તો ભારત પર ચીન મોટી સરસાઈ ધરાવે છે. ભારત આમાં મોટી ખાધ ધરાવે છે. ભારતે ચીનથી મોટા પ્રમાણમાં થતી આયાત બંધ કરવી જોઈએ. ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર ખતમ થઈ ગયું છે. મોટા ભાગનો સામાન ચીનથી આવે છે.

જો ચીન અને પાકિસ્તાન બંને મોરચે ભારતને લડવું પડે તો શું થાય...? ભારતે આની પણ તૈયારી રાખવી પડે. આ માટે આપણે બધી રીતે સુસજ્જ રહેવું પડે. ભારતે આ માટે અમેરિકા, જાપાન, અને યુરોપના દેશો સાથે સારો ઘરોબો કેળવવો પડે.

અમેરિકાના ચૂંટાયેલા નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અકલ્પનીય અને અકળ છે. ટ્રમ્પે ભારત અને ચીન પર ટેરિફ નાખવાની ધમકી આપી છે. અમેરિકા ભારતથી નારાજ લાગે છે. ભારતે અમેરિકાની નારાજગી ઝડપથી દૂર કરવી જોઈએ. ભારત અને અમેરિકાના સારા સંબંધ અહીં એક ડેટરન્ટ-નિરોધાકારી તરીકે કામ કરી શકે. જો ચીન અને અમેરિકા વચ્ચે વેપારયુદ્ધ ફાટી નીકળે તો ભારતે આનો લાભ ઉઠાવવો જોઈએ. જો ચીનના અમેરિકા સાથેના સંબંધો ખરાબ થશે તો તેને જખ મારીને તેના મોટા બિઝનેસ પાર્ટનર ભારત સાથે સંબંધો સુધારવા પડશે. ચીને હાલમાં જાપાન સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો છે. દૂધના દાઝેલા ભારતે ચીન સાથેના સંબંધોમાં અતિશય સાવચેતી રાખવી જોઈએ. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ખોટા પેમેન્ટના બદલામાં સાચી ઉઘરાણીની ઠગાઈ




'હલ્લો સર... આપ ફલાણા ઢીકણા બોલો છો ને?'

'હા ભાઈ, કોણ?'

'સરસ, આપના પપ્પાએ મને ત્રણ હજારનું ઓનલાઈન પેમેન્ટ કરવા કહ્યું છે તો આપનો આ જ નંબર જીપે સાથે જોડાયેલો છે ને!'

'હા, ભાઈ''

'હું આપને હમણાં જ ત્રણ હજાર રૂપિયા ટ્રાન્સફર કરું છું... જુઓ સર, આપને મેસેજ આવ્યો હશે...'

'આપ જુઓ તો એસએમએસ આવ્યો હોય કે આપના ખાતામાં રૂ. ત્રીસ હજાર જમા થયા છે.'

'...પણ તમે તો ૩૦ હજાર રૂપિયા મોકલી દીધા.'

'ઓહ સોરી સર, આપ મારા આ જ નંબર પર ૨૭ હજાર પાછા મોકલાવી દો, પ્લીઝ'

પણ સબૂર. એસએમએસ ધ્યાનથી જુઓ. એમાં અંગ્રેજીમાં મેસેજ છેઃ Rs. 30,000 Credited to a/c XXXabcd on 8-01-25. બધું બરાબર છે. પણ વધુ ચોક્સાઈથી જુઓ ઉપર આપની બૅન્કનું નામ નથી. જે નંબર પરથી ફોન આવ્યો હતો એ જ નંબરથી મેસેજ આવ્યો છે. આ મેસેજ સાવ બનાવટી છે. બોગસ છે અને તમારા ૨૭ હજાર રૂપિયા પડાવી લેવાનો પેંતરો છે.

હાલમાં કંઈક આવી જ પણ બીજી અલગ ટાઈપની છેતરપિંડી થવા માંડી છે. વ્હોટ્સએપ દ્વારા કોલ આવે છે.

'હલ્લો... ભાઈ સાહેબ કેમ છો?'

'તમે કોણ'

'શું ભાઈ સાવ ભૂલી ગયા' નંબર પણ ડિલીટ કરી નાખ્યો મારો?'

'કંઈ યાદ આવતું નથી દોસ્ત?'

'હું શર્મા...'

તમે માથું ખંજવાળીને કંઈક યાદ કરીને પૂછો, 'શર્મા... મનોજ શર્મા... ગાઝિયાબાદ...?'

'હા... મનોજ શર્મા...'

'સોરી કદાચ નંબર જૂના ફોનમાં રહી ગયો... કે પછી આ નવો નંબર છે?'

'ભાઈ, એ બધું જવા દો. એક નાનકડું કામ છે...'

'બોલો, શું કામ છે?'

'એક વેપારી દશ મહિનાથી પેમેન્ટ માટે રખડાવતો હતો. આજે મારા માણસની પકડમાં આવ્યો છે. પણ હવે કહે છે કે ચેકબુક ખલાસ થઈ ગઈ છે. મહાપરાણે એ જીપે કરવા માટે તૈયાર થયો છે. મારું પેમેન્ટ આપના નંબર પર મગાવી લઉં? પ્લીઝ....'

'પણ બીજો કોઈ વિકલ્પ નથી?'

'નથી. એટલે જ તો આપને તકલીફ આપવી પડી. આપના ખાતામાં પેમેન્ટ આવે એટલે આપ મને મોકલાવી આપજો.... પ્લીઝ ભાઈ...'


તમે પરાણે હા પાડો એ વિચારમાં પડી જાઓ કે આ અવાજ ગાઝિયાબાદનાં મનોજ શર્માનો જ હતો ખરો? ત્યાં જ વૉટ્સએપમાં સ્ક્રીન શોટ આવે છે. જેમાં તમારું નામ છે. બૅન્ક એકાઉન્ટનો નંબર હોય અને એમાં ૨૫ હજાર રૂપિયા ક્રેડિટ થયાની માહિતી હોય. ત્યાં ફરી વ્હોટ્સએપ પર ફોન આવે અને એ જ અવાજ સંભળાય.

'આપના એકાઉન્ટમાં ૨૫ હજાર જમા થઈ ગયા હશે એ પ્લીઝ મને તાત્કાલીક મોકલી આપશો.

સબૂર ઉતાવળ ન કરવી. એસ.એમ.એસ. કે સ્ક્રીનશોટને સાચો માની ન લેવો. થોડો સમય શાંતિ રાખવી. દસ-પંદર મિનિટ બાદ બૅન્ક એકાઉન્ટમાં ઓનલાઈન ચેક કરી લેવું. ૧૨૩ ટકા આપના ખાતામાં નવું ફદિયું પણ જમા નહિ થયું હોય.

જો ઉતાવળ કરી અને પૈસા મોકલી દીધા તો સાયબર ક્રિમિનલને બખ્ખા થઈ જવાના. અજાણ્યા નંબર પરથી આવેલા ફોનનો વિશ્વાસ ન કરવો. એ ફોન, એસ.એમ.એસ. કરે કે સ્ક્રીનશોટ મોકલે કે તરત જ મોબાઈલ ફોન પર બૅન્કનું એપ ખોલીને આ તપાસ ન કરવી. ક્યારેક એસએમએસ સાથે વાઈરસ આવ્યા હોય તો કોઈ પાસવર્ડ એ ઠગ સુધી પહોંચી પણ શકે.

આ સંજોગોમાં શું કરવું? એ અજાણ્યા નંબર પર આવેલો સાદો કે વ્હોટ્સએપ કોલ ક્યારે ન ઉપાડવો. કદાચ ઉપાડાઈ જાય તો સામેવાળાની વાત પર લેશમાત્ર વિશ્વાસ ન મૂકવો. જો આ બંને કર્યું તો ..... નુકસાન માટે તૈયારી રાખવી. ■





પ્રકરણઃ ૭

# ચહેરા મોહરા

## જો, તારો ભગવાન પણ ચૂપ છે, કારણ કે અમુક સમસ્યાઓનું સમાધાન ખુદ ભગવાન પાસે પણ નથી હોતું!

પ્રફુલ્લ કાનાબાર



‘મા, સાચું બોલ મારો બાપ કોણ છે? એક વાર હું તારા મોઢે તેનું નામ સાંભળવા માગું છું.’ માની આંખમાં આંસુ તગતગ્યા. ત્યાં જ નશામાં ડોલતાં ડોલતાં બાપુ ઘરમાં આવી પહોંચ્યા. મા- દીકરાની વાત અધૂરી રહી ગઈ. દારૂના નશામાં બાપુનો લવારો ચાલુ હતો. આજ તો મૈ બહોત ખુશ હું...ગણપતની ઉધારીનું પૂરેપૂરું બિલ ચૂકવીને આજે રોકડા આપીને મેં દારૂ પીધો છે.

દારૂના નશામાં ડોલતાં બાપુને જોઇને સોહમનો સોહામણો ચહેરો ગુસ્સાથી લાલ થઇ ગયો હતો. તેણે માની સામે જોયું. માના ચહેરા પર લાચારી દેખાતી હતી. માએ દીવાલ પર લગાવેલા ભગવાનના ફોટા સામે આજીજીપૂર્વક જોયું. સોહમના ચહેરા પર ફિક્કું સ્મિત ફરક્યું.. તે મનમાં જ બોલ્યો : જો, તારો ભગવાન પણ ચૂપ છે, કારણકે અમુક સમસ્યાઓનું સમાધાન ખુદ ભગવાન પાસે પણ નથી હોતું! સાંજના પાંચ વાગ્યા હતા. માએ પ્રાયમસ પર ચા મૂકી. બાપુ બહાર ઓટલે બેઠા હતા. સોહમના મનમાં ઉચાટ હતો. કલાક બાદ મનોહર સોહમને લેવા માટે બહાર ચાર રસ્તે આવવાનો હતો. પચાસ લાખના ડાયમંડનું પેકેટ પહોંચાડવા માટે સૂરત જવાનું હતું. સોહમે એક બેગમાં એક જોડી કપડાં અને ટોવેલ ભરી લીધા. માએ જોયું કે સોહમ બહારગામ જવાની તૈયારી કરી રહ્યો છે. ‘સોહમ, ક્યાં જવાની તૈયારી કરે છે?’ ‘મા, હવેથી મારે મહિનામા વીસ- બાવીસ દિવસ ઓફિસના કામે અમદાવાદની બહાર જવાનું થશે. શેઠે એટલા માટે જ પગાર ડબલ કરી આપ્યો છે.’ સોહમ ધીમેથી બોલ્યો. થોડી વાર બાદ માએ ચા કપમાં કાઢી. સોહમ હાથમાં બેગ સાથે બહાર જવા લાગ્યો. ‘અરે દીકરા ચા તો પીતો જા.’ ‘ના, અત્યારે ઈચ્છા નથી.’ ‘અરે દીકરા, ચાનું નામ લઈને ચા પીધા વગર બહાર જઈએ તો અપશુકન થાય.’

‘મા, એક વાર ના પાડીને કે અત્યારે ઈચ્છા નથી.’ ‘સોહમ, ક્યાં જાય છે? કાંઇક મગનું નામ મરી તો પાડ.. દીકરા.’ માનો અવાજ રૂંધાઇ ગયો. ‘ઓફિસના કામે સૂરત જાઉં છું. કાલે સાંજે પાછો આવીશ.’ સોહમ માની સામે નજર મેળવ્યા વગર જ ઘરની બહાર નીકળી ગયો. સોહમની નારાજગી મા સમજી ગઈ હતી. એક જ છત નીચે રહેતા બાપુ સોહમનો બાપ નથી એવો વહેમ સોહમને ક્યાંથી આવ્યો હશે? મા મનમાં જ વિચારી રહી. સોહમે બહાર નીકળીને ત્રાંસી આંખે નજર કરી. બાપુ બહાર ખાટલા પર ચૂપચાપ બેઠા હતા. હજૂ તેમનો નશો પૂરેપૂરો ઉતર્યો ન્હોતો. સોહમે તેમની સામે જોવાનું ટાળ્યું. સોહમ ચાલીને ચાર રસ્તા સુધી આવ્યો. મનોહર હજૂ આવ્યો ન્હોતો. સોહમ તેની રાહ જોઇને ચાર રસ્તે ઊભો હતો ત્યાં જ અચાનક સામેથી રસ્તો ક્રોસ કરીને શિવાની આવી પહોંચી. ‘અરે સોહમ, ક્યાં જાય છે?’ સોહમના હાથમાં એટેચી જોઇને શિવાનીએ પૂછ્યું. ‘સૂરત.. ઓફિસના કામે’ સોહમે સ્માઈલ આપવાનો નિષ્ફળ પ્રયાસ કરતાં કહ્યું. ‘કેમ યાર.. મૂડમાં નથી?’ સ્માર્ટ શિવાનીએ સોહમ અપસેટ હતો તે તરત પકડી પાડ્યું. ‘શિવાની, પહેલી વાર જ આ રીતે ઘરેથી એકલો અમદાવાદની બહાર જઈ રહ્યો છું.. એટલે.’ ‘ખરેખર?’ શિવાનીને વિશ્વાસ ન આવતો હોય તે રીતે તેણે સોહમની આંખમાં જોઇને પૂછ્યું. કોઈ પણ માણસ ખોટું બોલતો હોય ત્યારે પકડાઈ ન જવાય તે માટે વધારે સતર્ક થઇ જતો હોય છે. સોહમે પણ ચાલાકીપૂર્વક શિવાનીની આંખમાં આંખ મેળવીને કહ્યું :

‘સાચું કહું? ઓફિસમાં પગાર વધારો થયા બાદ હવે તો આ રોજનું થશે....હું ખરેખર તને મિસ કરીશ.’

સોહમ તેના હોઠ શિવાનીના ચહેરાની એકદમ નજીક લઇ ગયો ‘અરે..અરે આ શું કરે છે? આ જાહેર રસ્તો છે.’ શિવાની શરમાઈને પાછળ હટી ગઈ. એકાએક બાજુમાં એક બાઈક સવારે નજીક આવીને જોરદાર બ્રેક મારી. સોહમ ચમક્યો. ‘ઓહ મનોહરભાઈ, તમે આવી ગયા?’ સોહમ ખસીયાણો પડી ગયો. જોકે બીજી જ સેકન્ડે તેણે બાજી સંભાળી લીધી. ‘મનોહરભાઈ, આ શિવાની છે. સામે જે ફ્લેટ દેખાય છે ત્યાં જ રહે છે.’ મનોહરે બંને હાથ જોડીને અભિવાદન કર્યું. શિવાનીએ પણ હસીને પ્રતિભાવ આપ્યો. ‘શિવાની, મનોહરભાઈ મારા કરતાં સિનિયર છે. તેમની પાસેથી જ કામ શીખું છું. અત્યારે તેમની સાથે જ સૂરત જાઉં છું.’ સોહમ હાથમાં બેગ સાથે મનોહરના બાઈકની પાછળ સીટ પર બેસી ગયો. મનોહરે બાઈક સ્ટાર્ટ કર્યું. શિવાનીએ જમણો હાથ હલાવીને સોહમને બાય કહ્યું. સોહમે પણ સામે હસીને બાય કર્યું. મનોહરે બાઈકના સાઈડ મિરરમાં તે જોયું. થોડે દૂર ગયા બાદ મનોહર બોલ્યોઃ

‘સોહમ, તું તો છૂપો રુસ્તમ નીકળ્યો.’ ‘મનોહરભાઈ, તમે માનો છો તેવું કાંઈ નથી.. આ તો જસ્ટ સ્કૂલની ફ્રેન્ડ છે. પહેલાં અમારી ચાલીમાં જ રહેતી હતી. હવે એ લોકો સામેના ફ્લેટમાં રહેવા ગયા છે.’ શેઠજીની સૂચના મૂજબ મનોહરે સીજી રોડના એક જ્વેલરીના શો- રૂમ પર જઈને નાનકડું પાર્સલ કલેક્ટ કરવાનું હતું. મનોહરે શો- રૂમની બહાર બાઈક પાર્ક કર્યું. બંને વિશાળ શો-રૂમની અંદર પ્રવેશ્યા. કાઉન્ટર પર બેઠેલો માણસ મનોહરને સારી રીતે ઓળખતો હતો. એ માણસ બંનેને બેઝમેન્ટ-ભોંયરામાં લઇ ગયો. લોકર ખોલીને એ માણસે જયારે નાનકડું પાર્સલ મનોહરને આપવા માટે હાથ લંબાવ્યો ત્યારે મનોહરે કહ્યુંઃ ‘આને આપો. હું તો માત્ર શેઠજીની સૂચના મૂજબ તેની સાથે આવ્યો છું. આજથી મુખ્ય માણસ આ સોહમ જ છે.’ સોહમને નવાઈ લાગી. તેણે આશ્ચર્યથી મનોહરની સામે જોયું. ‘જો દોસ્ત, કામ શીખવું જ છે તો પૂરેપૂરી જવાબદારી સાથે શીખવું સારું. આમ પણ હું તો આજે પહેલી વાર છે એટલે જ સાથે આવી રહ્યો છું. બીજી વાર તો તારે એકલા એ જ જોખમ ઉઠાવવું પડશેને?’ મનોહરની વાત સોહમને સાચી લાગી. બંને અમદાવાદના રેલવે સ્ટેશને આવ્યા. મનોહરે તેનું બાઈક પાર્કિંગ સ્ટેન્ડમાં પાર્ક કરી દીધું.

સૂરત જવાની ટિકિટ અગાઉથી લેવાઈ ચૂકી હતી તેથી બંને ચાલતાં ચાલતાં સીધા એક નંબરના પ્લેટફોર્મ પર જ પહોંચ્યા. ટ્રેન હજૂ પ્લેટફોર્મ પર આવી નહોતી. ‘સોહમ, જયારે પાસે જોખમ હોય ત્યારે પ્લેટફોર્મ પર અજાણ્યા માણસોની વચ્ચે બિનજરૂરી આંટા નહી મારવાના.. હજૂ તો ખાસ્સી વાર છે. ચાલ, આપણે વેઈટીંગ રૂમમાં જઈને બેસીએ.’ ‘મનોહરભાઈ, તમારી પાસેથી તો ઘણું શીખવાનું છે.’ સોહમ બોલી ઉઠયો. ‘દોસ્ત, તારા કરતાં ઉમરમાં દસ- બાર વર્ષ મોટો છું. વળી આ લાઈનનો દસકાનો અનુભવ પણ છે. માણસની આંખ જોઇને મને તેની નિયતનો ખ્યાલ આવી જાય છે.’




સોહમના ખભા પર હાથ રાખીને મનોહરે કહ્યું. બંને વેઈટિંગ રૂમમાં આવીને બેઠા. ‘સોહમ, હું બાથરુમ જઈ આવું.’ અચાનક મનોહર ઊભો થયો. સોહમે પેન્ટના ખિસ્સામાં રાખેલું નાનકડું પાર્સલ જમણા હાથ વડે ચેક કરી લીધુંઃ ‘હા મનોહરભાઈ, તમે જઈ આવો. હું અહીં જ બેઠો છું.’ મનોહર ગયો. સોહમ વેઈટિંગ રૂમમાં નજર ફેરવી. લગભગ દસેક માણસ બેઠા હતા. સોહમે જોયું કે એ બધા એક જ પરિવારના માણસો હતા. ચારેક પુરુષ અને ત્રણેક સ્ત્રી તેમની વાતોમાં મશગૂલ હતા. ત્રણેક નાનાં બાળકો વિશાળ વેઈટિંગ રૂમમાં દોડાદોડી કરી રહ્યા હતા. બાળકોના અવાજને કારણે વાતાવરણ જીવંત લાગતું હતું.

સોહમે આજે મા અને બાપુની વાત સાંભળી ત્યારથી અપસેટ હતો. જોકે શિવાની સાથેની આજની ટૂંકી મુલાકાત તેના મનના વિષાદને થોડીક ઠંડક જરૂર આપી ગઈ હતી. થોડી વારમાં જ મનોહર આવીને સોહમની બાજુમાં બેસી ગયો. અચાનક વેઈટીંગ રૂમમાં લાઈટ ગઈ. આખા હોલમાં અંધારું છવાઈ ગયું. કોઈ કાંઈ સમજે તે પહેલાં તો બે પડછંદ અજાણ્યા હેલ્મેટધારીઓ અંદર ધસી આવ્યા. એકે વેઈટિંગ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો. બીજાએ નજીક આવીને ડાબા હાથે મનોહરની ફેંટ પકડી.

‘સાલ્લે, માલ નિકાલ’ એ પડછંદ માણસે ત્રાડ પાડી.

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Moan | જાળ |
| Mourn | ગંદવાડ |
| Mess | નિસાસો |
| Mace | વિલાપ |
| Mesh | ગદા |

### ઓળખાણ પડી?

રખડુ પ્રકૃતિના જંગલી માંસભક્ષી પ્રાણીની ઓળખાણ પડી? અન્ય પ્રાણીનો શિકાર છીનવી લેવા માટે જાણીતું છે ને દર બનાવી રહે છે.



અ) કાળિયાર બ) વરુ ક) ઝરખ ડ) બોકમાકીરી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભ | ળ | ૨ ભાં | ૩ ખ | ળું | | ૪ અ | ૫ વ | ૬ મા | ૭ ન |
| ડ | | ૮ ભ | ડ | | ૯ પ | વ | ન | સુ | ત |
| ૧૦ વી | ૧૧ કા | ર | | ૧૨ વ | નિ | તા | | ૧૩ મ | મ |
| ૧૪ ર | મ | વું | | | ૧૫ હા | ર | | | સ્ત |
| | ણ | | ૧૬ સ | ૧૭ વા | રી | | ૧૮ કુ | ૧૯ મ | ક |
| ૨૦ અં | ગા | ૨૧ ર | | સ | | ૨૨ હેં | | હો | |
| ૨૩ ત | રો | તા | જા | | ૨૪ ઘ | | ૨૫ શ | ર | ૨૬ મ |
| ર | | ળુ | | ૨૭ ધ | ર | ૨૮ ખ | મ | | હા |
| ૨૯ દ | ૩૦ ડો | | ૩૧ બા | રી | બા | ર | ણાં | | શ |
| ૩૨ શા | કા | હા | ર | | ૩૩ ર | જ | | ૩૪ ભ | ય |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | | | ૫ | | | | | ૬ |
| ૭ | | | ૮ | | | ૯ | | ૧૦ | |
| | | ૧૧ | | | | ૧૨ | ૧૩ | | |
| | ૧૪ | | | | ૧૫ | | | | |
| ૧૬ | | | ૧૭ | ૧૮ | | | | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | | ૨૨ | | |
| | | ૨૩ | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | | ૨૮ | | ૨૯ | | | |
| | | ૩૦ | | | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. અણુનો નાનો એકમ (૪)
૩. અધ્યાય, ગ્રંથનો વિભાગ (૪)
૭. જખમી, ઈજા પામેલું (૨)
૮. શૃંગાર, હાસ્ય, કરુણ વગેરે રસોની સંખ્યા (૨,૨)
૧૦. દબાણ (૨)
૧૧. ઉચ્ચવર્ણ (૩)
૧૨. પગથિયાંવાળો કૂવો (૨)
૧૪. મારા પપ્પાના ભાઈના પપ્પા (૨)
૧૫. સંદેશ વાહક (૩)
૧૬. અભિમાન (૨)
૧૭. સલાહ (૪)
૧૯. આથમવું તે (૨)
૨૦. --- શંભુ (૨)
૨૧. --- પકડવો એટલે ભૂલ કાઢવી (૨)
૨૨. --- હોય એનો નારા પણ હોય (૨)
૨૩. ખરીદી કરનાર (૪)
૨૫. તરસવું તે (૩)
૨૭. પથ્થરનો નાનો એકમ (૩)
૨૮. ના પાડવી તે (૩)
૩૦. દીપ (૨)
૩૧. સારું નસીબ (૫)

**ઊભી ચાવી**

૧. તપાસ, પરીક્ષા (૪)
૨. માછલી પકડનાર (૨)
૪. ---માં ઊંટ વિના ના ચાલે (૨)
૫. સોનું (૩)
૬. જોરદાર (૫)
૮. એક સંખ્યા (૨)
૯. સૌભાગ્યવતી સ્ત્રી (૪)
૧૧. હંમેશાં (૨)
૧૩. અંધારિયું (૨)
૧૪. પગથિયાં, સોપાન (૩)
૧૫. કાર્ય (૨)
૧૬. મોટાઈ મેળવવાની ઈચ્છા (૫)
૧૭. શિકાર કરનાર (૩)
૧૮. ઉચ્ચ કુળ (૪)
૧૯. કેફી વસ્તુ, અફીણ (૩)
૨૨. જાત, જ્ઞાતિ (૨)
૨૩. પૈસા આપી લેવું તે (૩)
૨૪. હાર, પરાજય (૩)
૨૬. મફતમાં પાણી પીઓ (૩)
૨૯. બાતલ, કેન્સલ (૨)

### ગુજરાત મોરી મોરી રે

‘બીકણ હોવા છતાં બહાદુરી બતાવવી’ કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

બિલાડીથી મારે બીએ વાઘ ને બહાર ઘરમાં

### માતૃભાષાની મહેક

ઘર નામ તરીકે વિવિધ સ્વરૂપ ધારણ કરે છે. જેમ કે નિવાસસ્થાન, રહેઠાણ, વાસ, નિવાસ, આવાસ, મકાનનો માળો, આશિયાના, રહેવાનું સ્થળ, વસવાટ, રહેવા - ઊતરવાની જગ્યા, વીશી, ઉતારો, વિદ્યાપીઠ, નિવાસ, અઠે હિ દ્વારકા, મુસાફરીમાં મુકામ, ગૃહનિવાસ, બોડ, ઘર, લોક નિવાસ.

### સુડોકુ-૭૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૬ | | ૧ | | | ૫ |
| | ૫ | | ૯ | | ૮ | | ૬ | |
| | ૮ | ૬ | | | | ૪ | ૭ | |
| | | ૫ | ૨ | | ૪ | ૬ | | |
| | | | | | | | | |
| | | ૩ | ૮ | | ૬ | ૭ | | |
| | ૬ | ૮ | | | | ૯ | ૩ | |
| | ૯ | | ૩ | | ૫ | | ૧ | |
| ૨ | | | ૪ | | ૯ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ | ૩ | ૬ | ૫ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૧ |
| ૫ | ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ |
| ૬ | ૪ | ૨ | ૩ | ૭ | ૯ | ૧ | ૫ | ૮ |
| ૭ | ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૮ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ |

### ઈર્શાદ

યુગો સુધી હું તને ચાહતો રહી ન શકું,
સૂરજની જેમ ઊગી આથમી ઊગી ન શકું.
-- ભરત વિંઝુડા

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘કાર્યક્રમમાં એમની ગેરહાજરીથી અનેકને કૌતુક થયું’ વિધાનમાં કૌતુક શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) નવાઈ બ) અફસોસ ક) આનંદ ડ) શંકા

### માઈન્ડ ગેમ

એક ફૂટમાં ૧૨ ઇંચ હોય અને એ ઇંચ બરાબર ૨.૫ સેન્ટિ મીટર હોય તો ૫ ફૂટ ૬ ઇંચ બરાબર કેટલા સેન્ટિમીટર થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૧૫૮ બ) ૧૬૦
ક) ૧૬૫ ડ) ૧૭૫

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Lack | અછત |
| Lake | સરોવર |
| Lace | દોરી |
| Less | ઓછું |
| Lapse | ભૂલ |

ઓળખાણ પડી?
Lemur

માઈન્ડ ગેમ
૨૦.૭૯

ગુજરાત મોરી મોરી રે
ઘર હોય તો બે વાસણ ખખડે પણ ખરાં

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
દાયણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) નુતન વિપીન (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) શ્રદ્ધા આશર (૧૪) પ્રવીણ વોરા (૧૫) અશોક સંઘવી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) શીરીન ઔરંગાબાદવાલા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) હર્ષા મહેતા (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) મહેશ દોશી (૨૮) નંદકિશોર સંજાણવાળા (૨૯) કિશોર બી. સંઘરાજકા (૩૦) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૧) જગદીશ ઠક્કર (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) નિતિન બજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) લજિતા ખોના (૩૬) અમીશી બંગાળી (૩૭) સુરેખા દેસાઈ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) અરવિંદ કામદાર (૪૮) દેવેન્દ્ર સપંટ (૪૯) વિણા સંપટ

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ચમત્કાર માટે રાહ જોવી એનું નામ જિંદગી!

આમ તો આપણે કોઈ એક માધ્યમથી મળ્યા, એકબીજાને ઓળખીએ છીએ એ પણ ચમત્કાર નથી? એક કોલમ અથવા સોશિયલ મીડિયાના માધ્યમથી પણ ઓળખીએ છીએ. આમ છતાં, જરૂર પડે કહી દઇએ કે 'કશું કામ હોય તો કહેજો...' આ પ્રકારની ઓળખાણ ચમત્કારથી વિશેષ નથી.

જિંદગી ચમત્કારોથી ભરપૂર છે, કાર કે બાઇક લઇને રખડનારાઓને ખબર હશે કે સહેજમાં વેહિકલ અડી જતું રહી જાય છે. કોઈ થાંભલા સાથે, ડિવાઇડર સાથે કે સામે આવતા વાહન સાથે અકસ્માત થાય એવું હોવા છતાં આબાદ બચી જઈએ છીએ.

ઇશ્વરમાં શ્રદ્ધા નથી એવા ય ૬૫% લોકો જિંદગીમાં ચમત્કાર થવાની રાહ જુએ છે. દરેકને સક્સેસનો-આગવી સફળતાનો ચમત્કાર જોઇએ છે, બાકી અડધા ઉપરાંતની દુનિયા માને છે કે જીવનમાં ચમત્કારનો અનુભવ થઇ ચૂક્યો છે. ઝઘડો થાય, વાત મારામારી સુધી કે પોલીસ સુધી પહોંચે એ પહેલાં વગદાર કે તાકતવર આવીને સામે ઊભો રહે અને મદદ મળે. આ સમયે પહેલો વિચાર એ આવે કે ચમત્કાર થયો અને મદદ મળી. મોડી રાત્રે રસ્તા પર ગાડી બગડે કે સરકારી કામમાં અચાનક ઓળખીતું મળી આવે એટલે થાય કે ચમત્કાર થયો.

ક્યારેક તો ચમત્કાર થશે એની શોધમાં સામાન્ય માણસ જિંદગી જીવી નાખે છે. વર્તમાનમાં વિપરીત સંજોગોમાં પણ સુખી છે એ સત્ય ક્યારેય સમજી નથી શકતો, એ પણ એક ચમત્કાર છે. બીમાર પડવું ને ડોક્ટર ઓછા ખર્ચમાં ઈલાજ કરે એ ય ચમત્કાર છે. ગીચ વિસ્તારમાં પાર્કિંગ મળે એ તો ચમત્કાર જ છે!

જિંદગીની ઉમ્મીદો હોય કે અરમાન, ગમતું મળી જાય એટલે ચમત્કાર. ચમત્કાર થાય છે એટલે તો ઇશ્વરને નમસ્કાર થાય છે. બાકી,એકસરખી મોનોટોનસ લાઇફ હોત તો કોણ ઉપરવાળાને ય પૂછે?

જીવનમાં અથાગ પ્રયાસ કરવા છતાં ક્યારેક સફળતા મળતી નથી અને અન્યને આસાનીથી સફળતા મળે ત્યારે આવા કોઈ ચમત્કાર પર ભરોસો રાખ્યા વગર ધ્યેય માટે વળગી રહેવું એ ય ચમત્કાર છે. જીવનમાં ચમત્કાર થાય તો એને ભગવાનના આશિષ સમજવાને બદલે વોર્નિંગ માનવામાં ભલાઈ છે. 'આ વખતે તો આસાનીથી મળ્યું છે, પણ દરવખતે નહિ મળે' એવી ચેતવણી માનીને પરિશ્રમ કરતાં રહેવું. ઘણીવાર પ્રારંભિક સફળતા પછી વ્યક્તિ ચમત્કાર થશે એની રાહ જોવામાં પ્રયત્ન છોડી દેતો હોય છે ને પછી પટકાય છે.




જિંદગી એક રીતે જોવા જઇએ તો ચમત્કારથી ભરપૂર છે. રોજ નવું નવું જોવા મળે, અપેક્ષિત કે અનપેક્ષિત હોય છે. નાની- મોટી સમસ્યાઓમાં આપણે જે વિકલ્પ વિચાર્યા હોય એના કરતાં અલગ જ પરિસ્થિતિ ઊભી થાય.અહીં સવાલ માત્ર એટલો જ છે કે એ ચમત્કાર કરનારા પર ભરોસો રાખવો પડે. આપણે ઘણી વાર અનુભવતા હોઇએ છે કે અમુક કામ ના કર્યાં તો સારું થયું, બચી ગયાં. જે નોકરી હતી તે સાચવી લીધી એ સારું છે. નવી ઓફરમાં જેટલા સાથી મિત્રો ગયા હતા એ બધાં પસ્તાય છે.

આજકાલ તણાવવાળી જિંદગીમાં નિયમિત જન્મદિવસ અને દિવાળીઓ ઉજવતા રહેવી અને એકસો બે નોટઆઉટ રહેવું એ ગજબ ચમત્કાર છે. હવે ચમત્કારની વ્યાખ્યા બદલાવા લાગી છે. અચાનક કોઈને યાદ કરો અને સાચે જ 'ફેસબૂક'માં એમની ફ્રેન્ડ રિક્વેસ્ટ જોવા મળે એટલે મન ખુશ થઈ જાય. થાય કે ભગવાન તો મારા મનની વાત જાણી જાય, પણ એ ગૂગલને કેવી રીતે જણાવી દે છે આ લિંક શોધવા જેવી છે...!

ભલું થજો ભગવાનનું કે ચમત્કાર સાથે ચમત્કારિક મર્યાદા પણ રાખી છે. એક સમયે -એક સાથે માણસ ત્રણ કે ચાર વાત જ યાદ રાખી શકે છે. માણસને મળેલી આ મર્યાદા આશીર્વાદરૂપ છે. બાકી આ માણસજાત એક સાથે પચાસ કામ પૂરાં કરીને એકપણ કામનો આનંદ લઇ ના શક્તો હોત..

સરળ શબ્દોમાં કહીએ તો ચમત્કાર એટલે જેને વિજ્ઞાન સમજાવી શકતું નથી, બસ થઈ જાય છે. ભારતમાં જ ચમત્કાર પર શ્રદ્ધા છે એવું નથી. પોણું અમેરિકા ચમત્કારો પર વિશ્વાસ રાખે છે. ૬૦% બ્રિટિશરો સુધ્ધાં ચમત્કારો પર વિશ્વાસ રાખે છે. ફિલોસોફરો માને છે કે કુદરત તેના નિયમો તોડીને માનવજાત માટે ચમત્કાર કરતી હોય છે એટલે તો અસ્તિત્વ ટક્યું છે.

એક જમાનામાં સરકારી બસમાં કંડકટરની નોકરી કરતો હતો એ રજનીકાંતની 'રોબોટ' ફિલ્મ રીલીઝ થઈ અને ભારતના ઇતિહાસમાં પહેલી વખત સવારે ચાર વાગે શો શરૂ થાય અને તો ય શો હાઉસફૂલ હોય. રજનીકાંતનું સન્માન કરવામાં આવ્યું ત્યારે એ એક વાક્ય જ બોલ્યો હતો : 'આ તો એક મિરેકલ છે !' જિંદગીનું બીજું નામ જ રોજ થતાં ચમત્કાર છે.

બોસ, જ્યોતિષ શું છે? ચમત્કાર થશે એની ઉમ્મીદ આપતું ચમત્કારનું વિજ્ઞાન છે. તમે જ્યોતિષ પાસે હાથ બતાવો કે કુંડળી બતાવો એટલે જ્યોતિષ ચાર- છ મહિના કે બે -ચાર વર્ષમાં સૌ સારાવાના થશે એવી ઉમ્મીદ આપે છે. ઉમ્મીદો પર તો દુનિયા કાયમ હૈ. આ ઉમ્મીદ શેની હોય છે? સુખાંતનો એક ચમત્કાર થશે. કોઈ સ્વરૂપવાન મહિલા મેસેજ કરીને જણાવે કે 'તમારી વાતો ખૂબ ગમે છે અને વાતો સાથે તમે પણ ગમો છો...! ' તો જાણે અચાનક સુખનો ચમત્કાર થાય. આખો સમય ગીતો અને શાયરીઓ સાથે પેઇન્ટિંગ કરવાનું મન થાય. કોઈની ઉડતી લટો જોઇને સપનાં સારેગમ... સારેગમ રમવા માંડે. અચાનક બે - ચાર મહિના પછી પેલી મહિલા કહી દે કે 'આપ તો ઐસે નહીં હો, જેસા હમને સોચા થા. સપનાં મેરા તૂટ ગયાં....' અને કરુણ શાયર બનવાની શરૂઆત થઈ જાય. બીજી ક્ષણથી નવો ચમત્કાર થાય એની રાહ જોવાની.

આ દુનિયામાં સાચે કશું જ નથી, માત્ર અને માત્ર ચમત્કારો થઇ ગયા છે કે ચમત્કાર થશે એની રાહ જોવા સમય જાય છે. બધાની લાઇફ સચિન, મુકેશ કે અમિતાભ જેવી નથી, પણ આપણે બધાને લકનું નાનું પેકેજ તો જોઈએ છે. આખરે રાહ કોની જોવાની? એકાદું મિરેકલ.... ■

**ધ એન્ડ :**


*ચમત્કાર ધરતીના કોઈ નિયમ તોડતા નથી.*

*- (સી એસ લુઇસ)*

---

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એમની સ્કૂટી શિયાળામાં કેમ શરૂ ન થઇ?



'તૌબા. તૌબા. તૌબા!' રાધારાણી આટલું બોલ્યાં.

આ વાવાઝોડા પહેલાનો માહોલ હતો. તોફાન પહેલાની સ્મશાનવત્ શાંતિ હતી. મેં રાધારાણીના શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કરી છાપાની બખોલમાંથી મારું માથું બહાર કાઢવું મુનાસિબ માન્યું નહીં. શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસેલું રાખ્યું.

'હું તમને કહું છું. તૌબા તૌબા .' રાધારાણીએ મારું છાપું ઝૂંટવતા ક કોપિત સ્વરે કહ્યું. ભજનમાં જ ભંગ પડે તેમ થોડું હોય? વાંચનયજ્ઞમાં તાડકા હાડકા નાંખી ભંગ પાડી શકે છે.

'શું થયું એ કૃપા કરી કહેશો, પ્રિયે?' અમે નાગર નાત સિસ્ટમ અપનાવી. રાધારાણીની તપેલી ફાટું ફાટું થાય એવી ગરમ હતી એટલે અમે સંપૂર્ણ શરણાગતિ અપનાવી .

'ભૈશાબ, તૌબા. તૌબા, તમારીથી તો તૌબા.' આમ કહી કાતિલ નજરે મારી સામે જોયું.

ખલાસ.એમાં ઘુઘવતા ચાલીસા જેવું હકડેઠઠ તોંફાન હતું જેમાં બારે વહાણ ટાઇટેનિકની જેમ ડૂબી જાય. મા કસમ....રાધારાણીએ કૌશિક મુનિ જેવી આગઝરતી નજર મારી સામે જોયું.

'ઓવર રિએકશન વિના વાત કરો.' અમે હિંમત એકઠી કરી.

'તૌબા... આ ખટારાથી!' રાધારાણીએ ગુસ્સાથી કહ્યું. રાધારાણી ગુસ્સામાં કયુટી કયુટી સ્વિટી લાગતાં હતાં. ગાલ પર લાલાશ ધસી આવેલી. જાણે કોઇએ ચૂંટલો ખણ્યો ન હોય! રાધારાણીએ ખટારો કોને કહ્યો એ પણ ખબર ન પડી. મારા તરફ જોયું એટલે મને ખટારો કીધો હશે? રાધારાણીને મારાથી દોઢ સો ટકા અસંતોષ, ફરિયાદ, નારાજગી છે એ સાડી સત્તરવાર કબૂલ, પણ મને ખટારો કહે એ હદે જાય એમ નથી.. છતાં એ દિલ હૈ કે માનતા નહીં..

'હની. તે ખટારો કોને કીધો?' અમે ડોઢડાહ્યાવેડા આચર્યા .

'જે હોય એમને. તમારે બંધબેસતી પાઘડી, સાફો કે કેપ પહેરવી હોય તો મને વાંધો નથી.' રાધારાણીએ કોથળામાં પાંચ શેરી ફટકારી.

'બોલ પ્રિયે, બોલ. આસમાનમાંથી તારા તોડી લાવું?' અમે ટીનએજર લવરિયા જેવું કહ્યું .

'ગિરધરલાલ. તમારા ટાયલાવેડા તમારી પાસે રાખો. તમે વરંડામાં જાવ અને તમારી સગલીને ચાલું કરો.' રાધારાણીનો અધ્યાદેશ....

કોણ આવી હશે ને કોને ચાલુ કરવાની હશે તેની દ્વિધા, અવઢવ, મૂંઝવણમાં અમે કંમ્પાઉન્ડમાં આવ્યા. અમારી પાછળ ધરતી ધ્રુજાવતાં પગ પછાડતાં, ગુસ્સામાં બડબડાટ કરતા રાધારાણી ભેંસની જેમ પાછળ આવ્યાં. ઓતારી! અમારી સામે સ્કૂટી હતી. રાધારાણી આને ખટારો કહેતાં હતાં. આ તો ખટારી હતી.

'આને શું થયું છે? શું કરવાનું છે?' ગર્લફ્રેન્ડના કોમળ ગાલને પસવારતા હોય તેમ મેં સ્કૂટીના સ્ટિયરિંગને પ્રેમથી અડકતા પૂછયું. કેવી રિયલ લવવાળી ફિલિંગ.

'આ તમારી સગલીને ઝોબો આવ્યો છે. મારે જિમમાં વર્કઆઉટ કરવા જવાનું છે અને તમારી સગલી મારી શોકયની જેમ વિતાડે છે. ઓટો સ્ટાર્ટની સ્વિચ દબાવતા આંગળા દુખી ગયા. ખરર્ ખરર્ ખટ સુઉઉઉ અવાજ આવે છે. બેટરી ખલાસ થઇ ગઇ તો મૂઇ મૂંગી થઇ જાય. તમારી સગલીને ચાલુ કરો.'

હવે રાધારાણીની સમસ્યા સમજાઈ. સ્કૂટુડુ ચાલુ ન થાય એટલે ગોરધનને નિર્ધનની જેમ ફાયર કરે.

' ઓહ! ડાર્લિંગ ઇતની સી ગલ? ડોન્ટ વરી. મેં હૂ ના રરર રાધારાણીઅ!' મેં શાહરૂખની ઇસ્ટાઇલમાં સ્કૂટી પર બેસી ગયો.

'હવે સ્ટાઇલ માર્યા વિના કીક મારો.'

રાધારાણીઅ મને 'ડંકી' ફિલ્મનો હીરો બનાવી દીધો.

'ઓકે.' મેં કહ્યું. સ્કૂટીનું સાઇડ સ્ટેન્ડ પગેથી ઊંચું કર્યું. સ્કૂટીનું મેઇન સ્ટેન્ડ ચડાવવા પિલિયન રાઇડરની સીટે ચોંડેલ લોખંડનો સળિયો પકડી સ્કૂટી પાછળથી ઉંચુ કરવાનો પ્રયાસ કર્યો. સ્કૂટી ચાલુ કરવાના બહારના ઓર્ડર મળે નહીં અને ઘરના ઓર્ડરમાં ફાવટ નહીં. પરિણામે હું અને સ્કૂટી આલિંગનબદ્ધ અવસ્થા કહી શકાય એ રીતે ગબડ્યા . મારા મુખમાંથી એની માને એ પ્રકારની સુરતી સરસ્વતી સુઓ મોટો નીકળે એ પહેલાં સ્કૂટી નીચે હું દબાઇ જતાં લાઇવ ચીસ નીકળી ગઇ. રાધારાણીએ જેમ તેમ કરીને સાપ જેમ કાંચળી કાઢે તેમ મારા શરીર પરથી સ્કૂટી કાઢ્યું .

'ગિરધરલાલ . સ્કૂટી ચાલુ કરવું એ બખડજંતર ચેનલ ચલાવવા જેવું બખડજંતર નથી. જેના કામ જેથી થાય. ગધ્ધા ભૂંકે ધોકા ખાય.' રાધારાણીએ હોલસેલ ઉપાલંભ કર્યો. શિયાળાની ઠંડીમાં વાહન ચાલુ ન થાય એ સ્વાભાવિક છે. ઓઇલ જામી ગયું હોય કે પ્લગમાં કચરો ભરાઇ ગયો હોય. કોઇનો હાથ કે પગ ભાંગ્યો હોય તો દરશિયાળે ભરશિયાળે કળતર થાય અને નાની દાદી બધી યાદ આવી જાય.શિયાળામાં ગમે તે વાહન ઘરવાળીની જેમ અસહકાર કે અવિનય કાનૂનભંગની લડત ચાલું કરે. જેનો ભોગ ગોરધન બને. જેમતેમ કરી સ્કૂટી મોટા સ્ટેન્ડ પર ઊભું કર્યું. બાઇકની કીક પગથી મારી શકાય તેવી ફાવટ વાળી હોય. સ્કૂટી કે એક્ટિવાની કીક પાછલા પૈડાની અંદર હોય. આવી કીક મારવાનું ન ફાવે .સ્કૂટીના સ્ટિયરિંગની ડાબી બાજુ એક કાળું બટન હોય. એને 'ચોક' કહેવાય. બ્લેક બોર્ડ પર લખવાનો ચોક સફેદ હોય. સ્કૂટીનો ચોક કાળા રંગનો હોય. ઠંડીમાં સ્કૂટી ચાલુ કરવા ચોક ખેંચવો પડે. મે ચોક ખેંચ્યો. બજાજના સ્કૂટરની મેન્યુફેકચરિંગ ડિફેકટ હોય કે સ્પિશિયાલિટી. જે હોય તે. બજાજના વાહનને ચાલુ કરતા પહેલાં ડાબી બાજુ નમાવવું પડે. પછી કીક બીક મારવાનો પોગરામ કરવો પડે!. સ્કૂટી બજાજ મેક ન હોવા છતાં ડાબી બાજુ નમાવ્યું.

'લે લેતી જા' રાધારાણીને ફટકારતો હોય તેવી મધુર કલ્પના કરી અમે પગના ધક્કાથી કીકને નીચે લઇ જવા પૂરો ફોર્સ કર્યો. ગમે તે થયું. અમારા ગ્રહો ખરાબ હશે, બીજું શું? ઉદ્વેગ કે કાળ ચોઘડિયે કીક મારવા પ્રયત્ન કર્યો હશે! કીક પગના પગના પંજામાંથી છટકીને સીધી પગના નળા પર વેગથી અથડાઇ.

'ઓય, મા!' મેં મરણતોલ ચીસ પાડી.

મોં પર પીડાના પીળા ભાવ. ઉભું થવાય નહીં. રાધારાણીના ખભે હાથ મૂકી લંગડાતા લંગડાતા ડ્રોઇંગ રૂમમાં જઇ સોફા પર પડતું મૂકયું. સોફામાં શૅરબજારની જેમ કડાકો થયો.

પછી શું? તમે વાંચકો છો! શેરલોક હોમ્સ , જેમ્સ બોન્ડ કે એસીપી દયા નથી કે બાલની ખાલની છાલ કાઢો છો?? અમે મિકેનિકમ્ શરણમ્ ગચ્છામિ કર્યું! મિકેનિકે સ્કૂટી ચેક કરી.

'છેલ્લે ક્યારે પેટ્રોલ ભરાવેલ?' અમને સવાલ કર્યો. હમ રાધારાણી કો દેખતે રહે, રાધારાણી મુજ કો દેખતી રહી. મિકેનિકના કહેવા મુજબ સ્કૂટીની પેટ્રોલની ટાંકી સરકારી તિજોરીની માફક તળિયાઝાટક હતી. સમ ખાવા પૂરતું પેટ્રોલનું બુંદ ન હતું! પછી સ્કૂટી ઓટો કે મેન્યુઅલ કેવી રીતે સ્ટાર્ટ થાય? મિકેનિકે આવા સચોટ ડાઇગ્નોસિસ કરવાના બે હજાર રૂપિયા ઠોકી લીધા.

લાગે છે કે અમારી કુંડળીમાં આજકાલ શૅરબજારની જેમ તમામ ગ્રહો ખાડામાં છે. બધી પનોતી, ઢૈયા, મહાદશા, અંતર્દશા અમારી દશે દશા અને દિશા બગાડી રહી છે.■

---

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# પ્રેમ કોઇ માણસની સંગ થઇ જાય તો પ્રેમભર્યું જીવતર પતંગ થઇ જાય!






*'બિના પંખકા પંખી હું મૈ...!*
*ભાસ્કર સે સંદેશો દેને ચલી હું મૈં....!'*

૧૪મી જાન્યુઆરીને 'મકરસંક્રાતિ'નો દિવસ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે...! સૂર્ય (ભાસ્કર) ને ઉર્દૂમાં 'ખુરશીદ'ના નામે સૃષ્ટિમાં તેની ભૂમિકા ઉન્નત, અખંડ, અનંતકાળથી આજપર્યંત સુધી 'નો ચાર્જ નો બિલ' વિના તેજોજ્જવલ ઓજસ્વિત! તેજસ્વિતા પૃથ્વી પર અવિરત પાથરે છે. રાજાથી રંક સુધી અનુપમ પ્રકાશનો ઉપહાર આલે છે...! તેની મૂલ્યવાન નિઃસ્વાર્થ સેવાભાવ પ્રત્યે દરેક બંધુ-ભગિનીને ગુરુત્વાકર્ષણ રહે છે. તેના વિના સૃષ્ટિનું વીજળીતંત્રનું સંચાલન કોણ કરે...? સૂરજનાં કિરણોની પ્રેમાળ હૂંફથી તમે ને હું શ્વેતસૃષ્ટિને નીરખી શકીએ છીએ નહીંતર તમસની ગરતામાં અંધકારમય જીવન શક્ય છે...? આવા સવાલો થાય, એટલે જ સૂર્ય ઉપાસના તથ દાન પુણ્યનું મહાપર્વ 'મકરસંક્રાતિ' છે.

આમ જોઇએ તો સૂર્યની બાર સંક્રાંતિ વર્ષમાં આવે છે. ટોટલ ૧૨ રાશિ અને ૧૨ મહિનામાં દરેક મહિને એક રાશિમાંથી બીજી રાશિમાં મંગલ પ્રવેશ કરે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. ધનારકમાસ (ધનુર્માસ)નો આખરી દિવસે કમૂરતામાંથી છૂટીને શુભાશુભ કાર્યો કરવાની અનુમતિ સાંપડે છે. ૧૪મી જાન્યુઆરીના દિવસે 'મકરસંક્રાતિ'થી સૂરજ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની દિશા ચેન્જ કરે છે. થોડી ઉત્તર તરફ ઢળીને ગતિમાન થાય છે. આ પ્રક્રિયા ૧૪મી જાન્યુઆરી ૬ મહિના સુધી રહે છે. આ બિનાને ઉત્તરાયણ જયોતિષશાસ્ત્રમાં કહે છે. ધન રાશિમાંથી સૂરજ મકર રાશિમાં પ્રવેશે તે ચોક્કસ સમયને દાન પુણ્યકાળને 'મકરસંક્રાતિ' કહે છે. હિન્દુ શાસ્ત્રોકત વિધિમાં બારેય સંક્રાતિમાં 'મકરસંક્રાંતિ'ને અતિ વિશેષ મહત્ત્વ છે. તે દા'ડે પુણ્યદાયક પર્વે દાન-પૂન કરવામાં આવે તો અનેકાનેક ગણું પુણ્ય સાંપડે છે.

*ખલુ યગ્ને વિવાહે સંક્રાંતો ગ્રહણી તથા!*
*પુત્ર જન્મે વ્યતિપાતે દતં્ ભવતું ચાક્ષયઃ !!*

બે લીટીના સંક્ષિપ્ત શ્લોકમાં કહે છે, યજ્ઞમાં વિવાહમાં સંક્રાતિમાં ગ્રહણ સમયે, પુત્ર જન્મ વ્યતિપાત સમયે. આ બધાં કાર્યોમાં અતિ રૂડા કાર્યોમાં લેખા કરેલ છે. તેમાં દાન-પુણ્ય કરવામાં આવે તો અનેકાનેક ગણું અરે આગળ કહે છે! તે પુણ્ય અક્ષયગણું બની જાય છે. આપણા ઋષિમુનિઓ દ્વારા જનકલ્યાણક હેતુથી ગોઠવાયેલ પરંપરા દાનધર્મની અતુલ્ય, અનુપમ, વ્યવસ્થા છે.

સંક્રાંતિકાળમાં એટલે કે ધનમાંથી મકર રાશિમાં સૂર્ય પ્રવેશે તે વેળા તલ-ગોળ-ઘી-શાકભાજી-અનાજ તેમ જ ભૂદેવને, બહેન, ભાણેજ અને ગરીબજનોને દાન-પુણ્ય કરવાથી વિશેષ લાભાલાભનું મહાત્મ્ય છે. તેમ જ ગાયોને ઘાસ ખવડાવાનું ઉત્તમ પુણ્ય મળી શકે જેમાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ છે. તે ગાય માતા તો પૂજનીય છે. આ દા'ડે સૂર્યોદય પહેલાં દેવતર્પણ અને પિતૃતર્પણનું અતિ મહત્ત્વ છે. સુપ્રભાતે ઊઠી ઠંડા પાણીથી સ્નાન કરવાનું મહત્ત્વ અનેકગણું છે. તેમાંય નદી-તળાવ-ઝરણામાં સ્નાન કરવાથી પવિત્રતા વધુ સાંપડે છે. પૂર્વાભિમુખ બેસી પૂજાપો લઇ અષ્ટદલના રૂપમાં સૂર્યદાદાની સ્થાપના કરી પૂજાપોને સુગંધિત દ્રવ્યો મિશ્રિત જળથી સૂર્યનારાયણને પવિત્ર અંજલિ અર્ધ્ય આપવાથી સૂરજદાદા ઉપાસક પર રીજે છે. ઓમ હ્રીં સૂર્યાય નમઃ જપમંત્રની માળા કરવાથી દાદા પ્રસન્ન થાય છે.

૧૪મી જાન્યુઆરીને ઉત્તરાયણ કહીએ છીએ આપણે સંક્રાંતિકાળના લાભાલાભની ચર્ચા તો કરી પણ આ પર્વને પતંગોત્સવપર્વ પણ કહેવામાં આવે છે. તેમાંય ખાસ ગુજરાતમાં પતંગો-દોરા-ફિરકીનો લાખો-કરોડોનો કારોબાર છે. પતંગ રસિયાઓ ઉતરાણના દિવસે ઘરના ધાબા ઉપર ચડી ચીચીયારી-આનંદ-કિલ્લોલ સંગાથે હજારો પતંગો ગગન ગોખે વિહરે છે. પતંગપર્વને હું પ્રેમપર્વ પણ કહીશ.! આકાશે ચગતા પતંગોનો પેચ લડાવે તે શું છે.? જેમ ચાર આંખોના પેચ લડે ને વિના દોરે પેચ લડી જાય છે. તો આ'તો દિલના દોરેથી લાગતો પેચથી પ્રેમ ના થાય ચોક્કસ પ્રેમ-લાગણી સ્નેહની સરિતાના ઝરણા કુદાકુદ કરે છે. આપ એક દર્શક બની જો જો બે પતંગોના પેચ લાગે જે જેની પતંગ કપાય જાય પછી થતો રોમાન્સનો નજારો તન-મનમાં પ્રાણ પૂરે છે. મીઠી મધુર લાગણીના સ્નેહાળ સંદેશાઓ લઇને પતંગબેન સૂરજદાદાનો આભાર વ્યક્ત કરવાનો સિરસ્તો છે.? માણસ સૂરજદાદાનો ઋણી છે. જેથી મકરસંક્રાંતિના દિવસે આપણે આકાશે કઇ રીતે જઇ શકીએ.? તેના વિકલ્પના રૂપમાં બુદ્ધિશાળી મનુએ સૂર્યદાદા પ્રત્યે ગુરુત્વાકર્ષણ લગાવ વધુ છે. તેને આપણે પૂજનીય ગણીએ છીએ તો તેની સન્મુખ જવાનો રસ્તો એટલે પતંગો ગગને ચઢાવીને દિલના દોરેથી લખેલ સ્નેહ-પ્રેમભીનો સંદેશ પ્રકાશ પૂંજના પિતા સમાન સૃષ્ટિના પોષકનો આભાર વ્યક્ત કરવા શાંતિદૂત રૂપે પતંગ ભોળુ કબૂતર જેવી લાગે છે. તમે જેમ ચગાવો તેમ તમારી આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરે છે. હવે તો નવયુવાન પેઢીને પતંગોમાં વધુને વધુ રસ ચસ્કો લાગ્યો છે...! ગુજરાતી લોકો બીબાઢાળ જ એક જ પ્રકારની ચોરસ આકારની પતંગો બનાવે ને ચગાવે છે...! હા તેના રંગો ડિઝાઇન તેમાં ભિન્ન હોય શકે. પતંગો એક્સ્ટ્રાઓર્ડિનરી નિહાળવી હોય તો પરદેશના પતંગ પ્રેમીનો પતંગો જોય' તો દંગ રહી જવાય. અદ્વિતીય અનુપમ તેઓ વામન ને વિરાટ ને ચિત્ર વિચિત્રતા સભર ખરી તેની કવૉલિટી ઉત્તમોત્તમ તેને નિહાળવાનું સૌભાગ્ય ગુજરાતના પનોતા પુત્રને તે વેળાના મુખ્ય મંત્રી મુરબ્બી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં 'કાઇટ ફેસ્ટિવલ'નું અનુપમ આયોજન કરી ગુજરાતના જિલ્લામથકે તેના 'શૉ' યોજીને ગરવી વસુંધરામાં ઓન્લિ ફોર ચોરસ પતંગો નહીં તદન ભિન્ન કૃતિઓવાળી પતંગોની વણઝર રચવાનું ચાલુ કર્યું. તે સિલસિલો આજે પણ બરકરાર છે. તે પતંગોનું ઘેલું આ લેખકને તસવીરકારને લાગ્યું વર્ષો સુધી હજારો પતંગો આકાશે વિહરતી તેની તસવીરો ખેંચી લાક્ષણિક અદામાં પતંગોનો નિખાર ખરેખર ઓરિજનલ લાગે. જોનારને પતંગોની પૂરેપૂરી જાણકારી સાંપડે. જમીન ઉપર કરતા અંબરમાં તેનો રૂઆબ નખરાળ નિરાળો ને સત્ય હોય. ગુજરાત સરકાર 'કાઇટ ફેસ્ટિવલ' જિલ્લા કક્ષાએ યોજે તેમાં હજારો લોકો પ્રેક્ષકો બની નિહાળે પણ જન, જન સુધી કલાત્મક પતંગોને લઇ જવાનું બીડું ભાટી એને ઝડપ્યું. તેણે છાપાના માધ્યમ દ્વારા અસંખ્ય તસવીરોના ફોટા પબ્લિકસ કરી વાહ વાહી બટોરી હવે આ તસવીરોના પ્રદર્શન કરી દૂરશોદૂર વિરાટ પતંગને આમ આદમી નજરે નિહાળે તે માટે તેણે આર્ટ ગેલેરીમાં પ્રદર્શન 'કાઇટ ફોટો ફેસ્ટિવલ' યોજવાનું નક્કી કર્યું. પતંગોની અસંખ્ય તસવીર વિશાળ એન્લાર્જ સાઇઝમાં કઢાવેલને મારા જીગરજાન દોસ્ત ગુજરાતના લોકલાડીલા કવિશ્રી રમેશ પારેખ હું ને રાજેન્દ્ર દવે ચિત્રકાર પ્રતાપસિંહ જાડેજા અમો બધાનો ડાયરો ફૂલછાબની સૌરભપૂર્તિ વિભાગમાં અલાયદો જામે રમેશ પારેખ બીડીના બંધાણીને ગુણીયલ. તેઓ મારી ફોટોકળાના ચાહક મને થયું કે આપણે તસવીરો સંગાથે જરા હટકે જરા જુદું કરીએ તમામ તસવીરો નીચે કવિશ્રી રમેશ પારેખ પાસે પતંગોને અનુરૂપ કવિતા લખાવીએ. પ્રસ્તાવ મેં મુરબ્બી મિત્ર રમેશ પારેખને મુકયો. તેમણે કહ્યું ભાટીભાઇ તમોએ પાડેલ તસવીરો મને બતાવો તો હું ચોક્કસ તેને અનુરૂપ કવિતા લખી આલુ મેં તેમને પતંગોની તસવીરો બતાવી પછી થોડા દિવસોમાં પતંગો વિશેની કવિતાનો થાળ લઇને મને આપ્યો. તેને સુંદર ટાઇપ કરી તસવીર નીચેની ફ્રેમમાં ચીપકાવી રાખીને મારું પ્રદર્શન યોજાણું તેમાં આવનાર પતંગપ્રેમીઓ તસવીરના જેમ વખાણ કરતા તે તેની નીચે લખાયેલ કવિતા વાંચી લોકો મંત્રમુગ્ધ બની જતા રમેશ પારેખની આ કવિતા વારંવાર વાંચતા તેનો આસ્વાદ આપ વાંચકજનો પાસે મૂકતા મને હર્ષોલ્લાસ થાય છે ને રસિક કવિ રમેશ પારેખને પતંગોત્સવ પર્વે હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પું છું. ■



*કવિ શ્રી રમેશ પારેખની ઉત્તરાણ વિશેની કવિતા*

*દોર બાંધીને છોડયો છે મનનો ઉમંગ ઊડે આભે એ થઇને ઉત્તરાણની પતંગ હોય દોર હાથમાં ને હોય દોસ્ત સાથમાં તો તરત ઊડી પતંગ નભને લઇ લે બાથમાં.*

*પતંગ સંગ રંગરંગના લગાવી ફૂમતા પતંગ થે મનુષ્યના નભે ઉમંગ ઘૂમતા.*

*કેટલા ખેલ્યા હતા તેં જંગ? ખુદા પૂછશે તેં લૂંટયો 'તો કેટલો ઉમંગ? ખુદ પૂછશે. કેટલી ઉત્તરાણમાં આભે ચડાવી'તી પતંગ?*

*તેં જીવનમાં કોને વહેંચ્યા રંગ ? ખુદા પૂછશે*

*પ્રેમ કોઇ માણસની સંગ થઇ જાય છે તો પ્રેમભર્યું જીવતર પતંગ થઇ જાય છે.*

*ઉમળકો ઊભરાતો હોય અંગઅંગ દોસ્ત હોય સંગ, હોય મનમાં ઉમંગ.*

*દોર જરા ઢીલો હોય, હોય જરા તંગ તો જ સડસડાટ આભ ચૂમશે પતંગ.*

*પ્રેમ અને મસ્તીનો સંગ થઇ જાય તો માણસનો ચહેરો પતંગ થઇ જાય.*

*કલેશ સાથે જંગનો છે રોકડો હિસાબ હોંશ ને ઉમંગનો છે રોકડો હિસાબ દિલની સંગ રંગનો છે રોકડો હિસાબ દોર ને પતંગનો છે રોકડો હિસાબ.*

*પતંગ રૂપે માણસની આકાશે ઊડતી ભાષા કે અમને છે રંગીન થઇને ઊડવાની અભિલાષા.*

*પતંગ પર લખી એ પ્રશ્ન મોકલી રહ્યા અમે પ્રભુ! તને પતંગ આ રીતે ઉડાડવી ગમે?*

*- 'રમેશ પારેખ'.*

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## આવક કરોડપતિની ખર્ચ રોડપતિનો




સાહસ, મહેનત અને નસીબનો ત્રિવેણી સંગમ થાય તો માણસ રોડપતિમાંથી કરોડપતિ અને પછી અબજોપતિ, પણ એને કુમતિ સૂઝે તો પતી પણ જતો હોય છે. કરોડપતિ બન્યા પછી જીવન શૈલીમાં આમૂલાગ્ર પરિવર્તન આવી જાય છે. 'પૈસા કેમ કમાવા' જેવી ચિંતાની જગ્યાએ 'પૈસા ક્યાં વાપરવા'ની મીઠી મૂંઝવણ થવા લાગે છે.

જોકે, આ અજબ દુનિયામાં ગજબ લોકો વસતા હોય છે. પાણી માંગો ત્યાં દૂધ હાજર થઈ જાય એવી અવસ્થા હોવા છતાં શરબતથી કામ ચલાવી લે છે. એની કોલ અને શાંગ સાવેદ્રા એ બે મહિલા સાહ્યબી છોડી સાદગીમાં જીવે છે.

કરોડપતિ હોવા છતાં રોડપતિની જીવનશૈલી અપનાવે છે. શાંગ પાસે અરબો રૂપિયા છે, પણ પતિ સાથે ચાર બેડરૂમના ભાડાના ઘરમાં રહે છે. સેકન્ડહેન્ડ કાર રાખે છે, પતિ -પત્ની અને બાળકો સામાન્ય કપડાં પહેરે છે અને જ્યાં જ્યાં પણ કરકસર થઈ શકે છે ત્યાં કરે છે.

હા, ધર્માદામાં છુટ્ટે હાથે પૈસા ખર્ચતા વિચાર નથી કરતી. બીજી સન્નારી છે રિસર્ચર ને ફાઇનાન્સ કોચ એની કોલ. એની સંપત્તિ ૧૦ લાખ ડૉલરથી વધુ છે પણ દર મહિને માત્ર ૪૦૦૦ ડૉલરમાં ગુજરાન ચલાવે છે. કાર નથી રાખતી અને વર્ષમાં માત્ર ત્રણ વાર કપડાં લે છે. કેટલીક ચીજવસ્તુ સેકન્ડહેન્ડ ખરીદે છે. 'મિનિમલ લાઈફસ્ટાઈલ' (જરૂરિયાતોમાં ઘટાડો કરી રહેવું) અપનાવવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે.

## લકડી કી બાઈક ઔર બાઈક પે શાહરૂખ!



જુગાડમાં ભારતીયોને કોઈ પછાડી ન શકે એ વૈશ્વિક સત્ય છે. 'ઓક્સફર્ડ' ડિક્શનરીમાં પહોંચી ગયેલા હિન્દી શબ્દ 'જુગાડ'નો અર્થ કોઈપણ સમસ્યાનો આસાન ઉકેલ લાવવા કલ્પના અને આવડતનો સુભગ સંગમ અથવા કોઈ મોંઘી પ્રોડક્ટ સસ્તા ભાવમાં તૈયાર કરવાનો આઈડિયા. આલીશાન મહેલ, અભેદ્ય કિલ્લા અને શાંત સરોવરો માટે પ્રખ્યાત રાજસ્થાનનો અલવર જિલ્લો આજકાલ મોટર બાઈકના જુગાડને કારણે ચર્ચામાં છે. આજના જુવાનિયાઓમાં ટુ વ્હીલર ચલાવવાનું અને એને સજાવવા માટેનું ગાંડપણ જાણીતું છે.

અલવર જિલ્લાના એક નાનકડા ગામના ૨૬ વર્ષના શાહરુખ નામના યુવકે મોટર બાઈક માટે કરેલો જુગાડ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. શાહરૂખે સતત અઢી મહિના મહેનત કરી સ્ટીલ અને લોખંડની બાઈકમાં તળિયાઝાટક ફેરફાર કરી સીસમના લાકડાંથી પેટ્રોલ ટાંકીથી લઈ સાઇલેન્સર સુધી બાઈકનો મેકઓવર પચીસ હજાર રૂપિયા ખર્ચી કર્યો છે. અને હા, એને વોટરપ્રૂફ પોલિશ કરી એવી ચકચકિત બનાવી છે કે શાહરૂખની સવારી નીકળે ત્યારે લોકો કળાનો નમૂનો જોતા હોય એવા ભાવથી એને નીરખે છે.

આ પ્રયાસની પોપ્યુલારિટીથી પોરસાયેલો શાહરુખ હવે ફોર વ્હીલરને લાકડાના ઉપયોગથી મેકઓવર કરવા થનગની રહ્યો છે.

## હાઈ હિલમાં હેન્ડસમ હંક



અજાયબી મનુષ્ય જીવનનો હિસ્સો ગઈ કાલે હતી, આજે છે ને આવતી કાલે સુધ્ધાં રહેશે. એકવીસમી સદીમાં એવા અસાધારણ કિસ્સા જોવા મળી રહ્યા છે કે વાત ના પૂછો. હાઈ હિલના સેન્ડલ પહેરનારી વ્યક્તિની વાત નીકળે એટલે તરત તમારી નજર સામે લાંબા પગ, સુડોળ - કમનીય કાયા અને સ્લીટ ઓપન (કાઠિયાવાડી ભાષામાં એક બાજુથી ફાટેલું- ઉઘાડું !) ગાઉન પહેરેલી યૌવના તરવરવા લાગે. ચીનમાં જોકે હાઈ હિલવાળા સેન્ડલ પહેરેલો હેન્ડસમ હંક (સુદ્રઢ બાંધો ધરાવતો સોહામણો યુવાન) ચર્ચા અને આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

ચેન્ગ નામનો યુવક લિંગભેદના વાડા ઓળંગી લેડીઝ સેન્ડલ પહેરી વીડિયો શૂટ કરી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી બે પૈસાની કમાણી કરે છે. એક મિનિટ, ચેન્ગ એ પૈસા જલસા કરવા નથી વાપરતો, બલ્કે કેન્સરગ્રસ્ત માતાની સારવાર માટે ખર્ચ કરે છે. ચીલો ચાતરી આગળ વધવામાં પરિવાર અને ગામના રહેવાસી ચેન્ગને બનતી મદદ કરી રહ્યા છે. છેલ્લા ત્રણેક વર્ષથી ૨૫ વર્ષનો ચેન્ગ પોતાનું સ્ત્રૈણ સ્વરૂપ છતું કરી લોકોને મનોરંજન પીરસી રહ્યો છે. મહત્ત્વની વાત એ છે કે એનું આ 'સ્ત્રૈણ સ્વરૂપ' ટીકા કે હાંસીને પાત્ર નથી બન્યું. ગામવાસીઓના સાથ સહકાર મળ્યા છે અને માતા - પિતાએ તેને હાઈ હિલના સેન્ડલ પહેરવા રાજીખુશીથી છૂટ આપી છે. ચેન્ગના પિતા તો કહે છે કે 'મારે ત્રણ બાળક છે, એક દીકરી અને એક દીકરો + દીકરી.' કારણ કે ચેન્ગમાં બંનેના ગુણ છે.

## યાદ રખુંગા, તુઝે યાદ રખુંગા



આ જગત અજાયબીઓથી અને અચરજોથી ભરેલું છે. અહીં સિંહ, વાઘ કે દીપડા-ચિત્તા જેવા ખૂંખાર શિકારી પ્રાણીઓ ભેંસ, ઝેબ્રા કે જિરાફ જેવાં પ્રાણીઓ પર જીવલેણ હુમલો કરીને એનું ભક્ષણ કરી જાય છે તો બીજી તરફ કદાવર વનરાજ એક હરણના નવજાત શિશુને રક્ષણ આપી એ હેમખેમ પાછું પોતાના પરિવાર પાસે પાછું ફરી શકે એની કોશિશ કરતો જોવા મળે છે.

આવી જ એક અજાયબી કાંગારુના દેશ ગણાતા ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે. મેગપાઈ તરીકે ઓળખાતું પક્ષી વસંત ઋતુમાં માનવ દેખાતા એના પર હુમલો કરીને એને ઈજા પહોંચાડે છે. એને કલ્પિત ભય હોય છે કે માનવી માળામાં મૂકેલા એના ઈંડાં તફડાવી જશે અથવા એનો નાશ કરી દેશે એટલે સ્વબચાવ કે રક્ષણના પ્રયાસમાં એ હુમલો કરીને તેમને ભગાડી મૂકવાના પ્રયત્નો કરતા જોવા મળે છે. આ પંખી અગાઉ કોઈએ તેમની સાથે છેડછાડ કરી હોય તો એનો ચહેરો યાદ રાખીને એની પર હુમલો કરે છે.

ગયા વર્ષે એક આઠ વર્ષની બાળકીએ કરેલા સંશોધનમાં એક તારણ એ હતું કે માથામાં ઓછા વાળ હોય, ટાલ પડતી હોય એવા લોકો પર એ વધુ આક્રમક બની જાય છે...!

## લ્યો કરો વાત!

*ચોર લોકોની હાથફેરો તરકીબ તો હેરત પમાડનારી તો હોય જ છે, પણ ક્યારેક ચોરેલી ચીજ વસ્તુઓનું લિસ્ટ જુઓ તો અચંબો થાય. બિહારમાં ચોરીના કેસ વધી રહ્યા છે. બૌદ્ધ તીર્થ અને મહાવીર સ્વામીના જન્મ સ્થાન તરીકે પ્રસિદ્ધ વૈશાલી જિલ્લામાં ચોરીનો કિસ્સો જાણી પહેલા હસવું આવશે અને પછી થોડી પીડા થશે.*

*જાણકારી મુજબ જિલ્લાના કોઈ ગામમાં ચોરી થઈ. ચોરીની નવાઈ નહીં હોવાથી બગાસું ખાઈ ફરિયાદ લખતા પોલીસનું મોઢું પહોળું થઈ ગયું. કેમ? ચોરાયેલી ચીજવસ્તુઓમાં આભૂષણ, ટીવી, કપડાં ઉપરાંત લસણ, કાંદા અને દાળ પણ હતા. લસણ-કાંદા ઊગે છે જમીન નીચે, પણ એના ભાવ આકાશને આંબવાની કોશિશ કરી રહ્યા હોવાથી એની પણ ચોરી સમજાય છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પતંગપ્રેમી ધાબા પર પ્રેમના પેચ લગાવે તો?**
* પ્રેમનો પતંગ ચગે, હવા ના મળે તો ફંટાઈ જાય...

**પતંગ અહિંસક કે હિંસક?**
* હવામાં ઉડતો રાખો તો અહિંસક અને પેચ લડાવો તો હિંસક...

**ચાંલ્લો કપાળ પર કેમ થાય છે?**
* કાન-નાક - ગાલ કરતાં કપાળ સપાટ હોય છે ને જગા પણ મોટી મળે !

**નેતાજી વૃક્ષારોપણ કરે તો ફળ ક્યારે મળે?**
* જનતાનું ખબર નથી, પણ નેતાજીને તો પબ્લિસિટીનું ફળ ઇન્સ્ટન્ટ મળે...

**દેશી ખાવા અને દેશી પીવા મળે તો કેવું?.**
* યાર, સ્વદેશીના નામે તમારા શોખ ઊંચા છે..!

**માતા-પિતા માટે માતૃ અને પિતૃ તર્પણ હોય...**
**તો પત્ની માટે શું?**
* પત્નીને સમર્પણ કરી દેવું -એનો મહિમા વધુ છે...

**યુવાનો ઓનલાઇન કેમ પસંદ કરે છે?**
* કારણ કે એમાં લાઈનની ધક્કા-મુક્કી નથી હોતી....

**મોંઘવારી ક્યારે કાબૂમાં આવશે?**
* સ્મશાન બંધ રહેશે ત્યારે !

**અમુક જાહેર જગ્યાઓમાં 'મે આઈ હેલ્પ યુ ' કેમ લખ્યું હોય છે?**
* કોઈને હેલ્પ-મદદ ન કરવાના છૂપા ઈરાદા સાથે..

**ગ્લુકોઝનો બાટલો ચઢાવવો અને ગેસનો બાટલો લગાવવો... બંને બાટલામાં ફરક શું?**
* એકનું જોડાણ સોય સાથે હોય છે ને બીજાનું રસોઈ સાથે !

**મિશન અને કમિશન વચ્ચે કેટલો ભેદ?.**
* પ્રવૃત્તિ અને પૈસાનો.

**ઘડીના કેટલાં નામ હશે?**
* અબ ઘડી, રેત ઘડી અને વારે ઘડી..

**શ્રીખંડની જન્મભૂમિ કઈ?**
* દૂધ...

**ગૌ- પ્રેમી અને ગોરી- પ્રેમી વચ્ચે શું તફાવત?**
* ગૌ- પ્રેમી ગાયને સ્પર્શીને નમન કરી શકે, જ્યારે ગોરી-પ્રેમી ...વેલ ! ■

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# આ પ્રતીકો કોનું પ્રતિનિધિત્વ કરે છે?

એક સરસ મજાની ચોવક છેઃ **'સિજ સામૂં થુક ઉડાઈયોંત અચી પે યોં તે'** અહીં જે પહેલો શબ્દ 'સિજ' છે તેનો અર્થ થાય છેઃ સૂરજ. અને 'સામૂં' એટલે સામે. 'થુક'નો અર્થ થાય છેઃ થૂંક અને 'ઉડાઈયોં' એટલે ઉડાડીએં, 'અચી પે' બે શબ્દોનો સમૂહ છે જેનો અર્થ થાય છેઃ આવીને 'પે' એટલે પડે અને 'મોં તે' એ બે શબ્દનો સમૂહ છે જેનો અર્થ થાય છેઃ મોંઢા પર. ચોવકનો શબ્દાર્થ છેઃ સૂરજ સામે થૂંક ઉડાડીએં તો આવીને પાછી આપણા મોઢા પર જ પડે. પરંતુ ચોવકનો ભાવાર્થ ઘણો ગહન છે. ચોવક કહે છે કેઃ 'જો તાકાત ન હોય તો આપણાથી વધારે બળવાન સાથે વેર બાંધવાથી આખરે આપણને જ નુકસાની થાય છે.

આપણને સૌને અનુભવ હશે કે, કોઈ વાતનો, ઘણા માણસો મહિમા જ ન સમજે! આવા લોકો માટે એક ચોવક પ્રચલિત છેઃ **'સીધી જમાધાર ચંધર ડિસો, ત ચેં પિંઢઈ પ્યો ડિસાંધો!'** કચ્છમાં રાજાશાહીના સમયથી સીદ્દી લોકો વધારે હતા અને એ 'જમાદાર' હોય કે ન હોય પણ કચ્છના લોકો એ દરેક વ્યક્તિને જમાદાર તરીકે જ બોલાવતા! એ શબ્દોનો પ્રયોગ કરીને ચોવક રચાઈ છે. 'સીધી - જમાદાર' એટલે સીદ્દી વ્યક્તિ. એ માત્ર અહીં પ્રયોગપાત્ર છે. 'ચંધર' એટલે ચંદ્ર. 'ડિસો'નો અર્થ થાય છે જુઓ. 'ત'નો અર્થ અહીં 'તો' થાય છે અને 'ચેં' એટલે કહે. 'પિંઢઈ' શબ્દનો અર્થ છેઃ પોતે જ. એની સાથે 'પ્યો' શબ્દ ઉમેરાતાં એ બે શબ્દોનો અર્થ થાય છેઃ પોતાની મેળે! 'ડિસાંધો' એટલે દેખાશે. શબ્દાર્થ છેઃ સીદ્દી જમાદાર ચંદ્રનાં દર્શન કરો, તો કહે, ઈ પોતાની મેળે જ દેખાશે! પૂછનારનો હેતુ એ હોય છે કે, ચંદ્રનાં દર્શન કર્યાં? પણ પ્રશ્નનો મહિમા સમજવાના બદલે જવાબ મળે છે કે, 'એ પોતે જ દેખાશે'! મતલબ કે, વાતનો મહિમા જ ન સમજવો. સીદ્દી જમાદાર તો ચોવકમાં માત્ર પ્રતીક જ છે, જે સમાજના ઘણા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે!

જેમની શારીરિક હાલત સારી ન હોય અને તેમ છતાં પણ હાકલા-પડકારા કરતા હોય તેવા લોકો માટે પણ કચ્છીમાં એક ચોવક બહુ પ્રચલિત બની છે. ચોવક છેઃ 'સા સૂંઢે મેં ખણેતો' પહેલો શબ્દ છેઃ 'સા' અને તેનો અર્થ થાય છેઃ શ્વાસ. 'સૂંઢે' એટલે મોટો સુંડલો અને તેની સાથે એકાક્ષરી શબ્દ જોડાયો છેઃ 'મેં' જેનો અર્થ થાય છે 'માં'. બન્ને શબ્દો જોડીએં તો તેનો અર્થ થાય છેઃ સુંડલામાં! 'ખણે તો એટલે લે છે. શબ્દાર્થ થાય છેઃ શ્વાસ સુંડલામાં લે છે. આ ચોવક એક કટાક્ષ ઉક્તિ છે. અર્થ આપણે શરૂઆતમાં જ જોઈ લીધો છેઃ શ્વાસ માંડ લઈ શકે છે અને હાકલા-પડકારા મારે છે!

એક ચોવક છેઃ **'વિંધાણૂં સે મોતી'** 'વિંધાણું' શબ્દનો અર્થ થાય છેઃ વિંધાવું. એ શબ્દ સાથે પણ એક એકાક્ષરી 'સે' શબ્દ જોડાય છે ત્યારે તેનો અર્થ થાય છેઃ 'જે વિંધાણું તે'. 'મોતી' એટલે મોતી. શબ્દાર્થ છેઃ જે વિંધાણું તે મોતી. મોતી એને કહેવાય કે જેને સરળતાથી વિંધી શકાય. પણ ચોવકને કહેવું એમ છે કેઃ જે કામ સમયસર થાય તેને જ કામ કર્યું કહેવાય!

જીવનમાં કામનું મહત્ત્વ વધારે છે. કામ કર્યા વગર કમાણી ન થાય. કમાણી ન થાય તો આજીવિકાનો સવાલ ઊભો થાય. બાપ-દાદાનું કમાવેલું જ ખાવા માંડીએ, કે વાપરવા માંડીએ તો તિજોરીનું તળિયું જ દેખાય! એટલે અકર્મી લોકો માટે ચોવક બની છેઃ **''વિઠે-વિઠે ખાધે જાગીરું ખુટી પૅ''** 'વિઠે-વિઠે' એટલે બેઠાં-બેઠાં. 'ખાધે'નો અર્થ થાય છેઃ ખાવાથી. 'જાગીરું'નો અહીં અર્થ થાય છે વૈભવ અને 'ખુટી પૅ' એટલે ખૂટી પડે. 'પૅ' એટલે પડે. મૂળમાં ચોવક જીવનમાં કામનું મહત્ત્વ જ દર્શાવે છે. ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com




ભારતમાં રાષ્ટ્રીય યુવા દિવસ દર વર્ષે ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવવામાં આવે છે. ૧૯૮૫માં આ દિવસની શરૂઆત થઈ હતી.૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે ૪૦મો રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવાશે.

આ દિવસની ઉજવણીનો હેતુ યુવાનોને સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રેરિત કરવાનો છે. યુવાનો આપણા દેશની તાકાત છે,જો દેશના યુવાનો વિવેકાનંદના વિચારોને અનુસરે તો આપણો દેશ શક્તિશાળી બની શકે. દેશના વિકાસમાં યુવાનોનું બહુ મોટું યોગદાન છે.

સ્વામી વિવેકાનંદજીએ યુવાનોને પોતાના જીવનમાં આ ચાર વાત આત્મસાત કરવાની શીખ આપી છેઃ

**લક્ષ્ય નિર્ધારઃ**

સ્વામી વિવેકાનંદના મતે વ્યક્તિનો ખરેખર જન્મ લક્ષ્યની સાથે જ થાય છે. એ કહેતા હતા કે,'જેના જીવનમાં લક્ષ્ય નથી એ તો રમતી- ગાતી-હસતી-બોલતી લાશ જ છે.'

જયારે કોઈ વ્યકિત પોતાના જીવનના વિશિષ્ટ લક્ષ્યને ઓળખી શકતી નથી ત્યાં સુધી તો એનું જીવન વ્યર્થ જ છે. યુવાનોએ પોતાના જીવનમાં શું કરવું છે એનો નિર્ણય કરવો જોઈએ.આપણે બાળપણથી જ શું બનવું છે તેનો વિચાર કરતાં કરતાં પોતાની જાતે જ કારકિર્દીના મર્યાદિત વિકલ્પોમાં ઘેરી વળીએ છીએ અને જીવનમાં કરવા યોગ્ય બાબતોનો વિચાર જ નથી કરતા. કરવા યોગ્ય વાતનો વિચાર કરીશું તો બનવાનું તો પોતાની મેળે જ બનીને રહેશે.

આમ, લક્ષ્ય નિર્ધાર જ જીવન કર્મ છે.એના આધારે આજીવિકા મેળવવાનું સ્વાભાવિક રીતે જ નિશ્ચિત બની જશે.

**આત્મવિશ્વાસઃ**

જીવનમાં જે નક્કી કર્યું છે તે કરવા માટે સૌથી વધુ જરૂર છે પોતાનો આત્મવિશ્વાસ. સ્વામી વિવેકાનંદ ઈશ્વરમાં વિશ્વાસની સાથે સાથે પોતાનામાં વિશ્વાસ વ્યકત કરવાનું જણાવે છે. પહેલાં કહેવાતું હતું કે, 'ઈશ્વરમાં વિશ્વાસ નહીં કરવાવાળો નાસ્તિક છે. હું કહું છું કે,જેને પોતાનામાં વિશ્વાસ નથી એ નાસ્તિક છે.'

આપણે આપણી શક્તિની પરીક્ષા કર્યા વગર જ તેને મર્યાદિત કરી દીધી છે.આપણે એમ માનીને ચાલીએ છીએ કે આપણે આટલું જ કરી શકીએ, જયારે આપણી શક્તિ તો અમર્યાદ છે. જો યુવાનો દ્રઢ નિર્ધાર કરે તો પોતાના માટે શું અશક્ય છે? આપણે સામાન્ય વ્યક્તિની અસામાન્ય સિદ્ધિઓથી આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ અને એનાં વખાણ પણ કરીએ છીએ, પરંતુ શું આપણે એનામાંથી પ્રેરણા મેળવી લઈએ છીએ ખરાં? શું આપણી ભીતર આ આત્મવિશ્વાસ પેદા થાય છે કે આપણે પણ આવું કંઈક કરી શકીએ?

સ્વામીજી આપણને એ પ્રેરણા પૂરી પાડે છે કે જીવનમાં આપણી આજુબાજુ બનનાર નાની મોટી, સકારાત્મક - નકારાત્મક બધીજ ઘટના આપણને આપણી અમર્યાદ શક્તિને પ્રકટ કરવાની તક પૂરી પાડે છે.

**સમર્પણઃ**

કોઈપણ કાર્યમાં સફળતા મેળવવા માટે સમર્પણ અનિવાર્ય છે.સ્વામીજી તેને અધ્યવસાય(મહેનત)ની સંજ્ઞા આપે છે. 'અધ્યવસાયી આત્મા કહે છે કે, હું સાગરને પી જઈશ. સ્વાતિ નક્ષત્રના એક ટીપાંને પ્રાપ્ત કરવા માટે મોજાંની ઉપર આવીશ. એક ટીપું પ્રાપ્ત થયા પછી સમુદ્રની અગાધ ઊંડાઈમાં જઈને ધીરજપૂર્વક બેસી જઈશ, જયાં સુધી તેનું મોતી ન બની જાય !'

આપણા યુવાનોને આવા અધ્યવસાયની જરૂર છે.આપણે કોઈપણ કાર્યની શરૂઆત કરવામાં તો ખૂબ મોટી મહાનતાનો પરિચય આપીએ છીએ, પરંતુ થોડા જ સમયમાં સ્વાભાવિક રીતે જ તેનાથી વિમુખ થઈ જઈએ છીએ.આજના સ્પર્ધાત્મક યુગમાં આવા આરંભ શૂરાઓનું કામ નથી.સંપૂર્ણ સમર્પિત ભાવથી હાથ પર લીધેલા કાર્યને પૂર્ણ કરવાની ધગશથી જ યુવાનોને સફળતા મળી શકે છે.

**સંગઠનઃ**

વર્તમાન યુગ સંગઠનનો યુગ છે.કોઈપણ ક્ષેત્રમાં પછી તે વ્યાવસાયિક ક્ષેત્ર હોય કે વિજ્ઞાનનું,આજે ટીમ દ્વારા કાર્ય થાય છે. વ્યક્તિગત સિદ્ધિઓના સ્થાને સમૂહ દ્વારા આજે કાર્ય ઝડપથી પૂરાં થાય છે. પછી તે વહીવટનું ક્ષેત્ર હોય કે સોફટવેરનું. મહત્ત્વ એને જ મળે છે, જે ટીમ સ્પિરિટથી કામ કરવામાં સક્ષમ હોય. વિશ્વના તમામ માનવ સંસાધન તજજ્ઞો આજે એજ ગુણને મહત્ત્વ આપે છે. સ્વામી વિવેકાનંદ અમેરિકામાં સંગઠન કાર્યના ચમત્કારથી પ્રભાવિત થયા હતા. એમણે નક્કી કર્યું હતું કે, ભારતમાં પણ આ સંગઠન કૌશલ્યને પુનર્જીવિત કરવું છે. એમણે પોતે જ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને, સંન્યાસીઓ સુદ્ધાંનું સંગઠન કરીને સમૂહમાં કામ કરવાની તાલીમ આપી હતી.

જો આજના મોડર્નએજ- વર્તમાન યુગમાં ભારતના યુવાનો, સ્વામીજીના દર્શાવેલા આ યુવા મંત્રો : લક્ષ્ય નિર્ધાર,આત્મવિશ્વાસ,સમર્પણ અને સંગઠનને પોતાના જીવનમાં ઉતારે તો ભારતને વિશ્વમાં અગ્રણી બનવામાં વાર નહીં લાગે. આમેય ભારત આજે વિશ્વમાં સૌથી યુવાન દેશ છે. વસતિના રૂપમાં પણ આપણે વિશ્વમાં સૌથી વધુ યુવાન હોવા ઉપરાંત સુશિક્ષિત રોજગાર સક્ષમ યુવાનોની સંખ્યામાં પણ આજે ભારત મોખરે છે માટે સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જયંતીએ આપણા જીવનને સાર્થક બનાવીએ અને દેશને પણ વિશ્વમાં યોગ્ય સ્થાન પર સ્થાપિત કરીએ. ■

# મહારાષ્ટ્રમાં પહેલી એપ્રિલથી બધા ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ ફરજિયાત

## ફાસ્ટેગ વગરનાં વાહનો અથવા યોગ્ય ટેગ વગર સમર્પિત લેનમાં પ્રવેશ કરનારા વાહનોએ બમણો ટોલ ચૂકવવો પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે કેબિનેટની બેઠકમાં લીધેલા નિર્ણયને પગલે હવે પહેલી એપ્રિલથી રાજ્યમાં ફાસ્ટેગ દ્વારા ટોલ વસૂલાત ફરજિયાત કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટે જાહેર બાંધકામ વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપી છે કે રાજ્યભરના ટોલ પ્લાઝા પર ટોલ વસૂલાત પહેલી એપ્રિલથી ફક્ત ફાસ્ટેગ દ્વારા કરવામાં આવશે.

આ ફેરફારને સરળ બનાવવા માટે તેણે જાહેર-ખાનગી ભાગીદારી નીતિ ૨૦૧૪માં સુધારાને પણ મંજૂરી આપવામાં આવી છે.

ફાસ્ટેગ એ રાષ્ટ્રીય ધોરીમાર્ગો માટે ભારતની ઇલેક્ટ્રોનિક ટોલ વસૂલાત ચિપ પદ્ધતિ છે.

સરકારી નિવેદનમાં જણાવાયું છે કે, આ પગલાથી ટોલની વસૂલાતમાં કાર્યક્ષમતા અને પારદર્શિતા આવશે અને ટોલ પ્લાઝા પર વાહનોની ભીડ ઓછી (જુઓ પાનું ૪) ▶▶

# અધિકારીઓ માટે સીએમનો વિશેષ સાત સૂત્રી કાર્યક્રમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના તમામ અધિકારીઓ માટે સામાન્ય નાગરિકોના રોજિંદા જીવનને વધુ સરળ બનાવવા (ઇઝ ઑફ લિવિંગ) માટે સાત મુદ્દાનો એક્શન પ્રોગ્રામ નક્કી કર્યો છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વીડિયો કમ્યુનિકેશન સિસ્ટમ દ્વારા તમામ વિભાગીય કમિશનરો, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરો, પોલીસ કમિશનરો અને પોલીસ અધિક્ષકો સાથે વાતચીત (જુઓ પાનું ૪) ▶▶

# નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ કેસ મળ્યા

## બંને દરદીના નમૂના પુણેની એનઆઈવીને મોકલાયા છે

મુંબઈઃ નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા. જોકે બંને દર્દીના નમૂના લેવામાં આવ્યા છે. દરમિયાન બંનેનાં સ્વાસ્થ્ય સ્થિર છે, એવું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

બંને દર્દીને સારવાર અપાયા બાદ ઘરે જવા દેવામાં આવ્ય હતા અને તેઓના લેવામાં આવેલા નમૂનાને નાગપુરની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (એઆઈઆઈએમએસ) અને પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (એનઆઈવી)ને મોકલી આપવામાં આવ્યા છે, એવું અધિકારી જણાવ્યું હતું.

નાયબ કલેક્ટર વિપિન ઈતનકરે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે નાગપુરમાં બે દર્દીને એચએમપીવી થયું હોવાના મીડિયાના અહેવાલો ખોટા હતા. ૭ અને ૧૪ વર્ષની ઉંમર ધરાવનાર બંનેને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી અને તેઓના નમૂનાને લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ઈતનકરે વધુમાં કહ્યું હતું કે બે દર્દી નાગપુરમાં શંકાસ્પદ રીતે મળી આવ્યા હતા, પણ આ માટે ગભરાવાની બિલકુલ જરૂર નથી.■

### ગભરાશો નહીં, કાળજી રાખજો...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એચએમપી (હ્યુમન મેટા ન્યુમો) શ્વસન વાઇરસ નવા નથી, પરંતુ ૨૦૦૧થી અહીં જ છે. આ રોગમાં વાઇરસ પરિવર્તિત થતો નથી એટલે નાગરિકોએ કોઈપણ રીતે ગભરાવું જોઈએ નહીં, એમ જણાવતાં તબીબી શિક્ષણ વિભાગના પ્રધાન હસન મુશ્રીફ અને આરોગ્ય ખાતાના પ્રધાન પ્રકાશ આબિટકરે મંત્રાલયમાં સંયુક્ત રીતે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં વ્યક્તિગત સ્વચ્છતાનું ધ્યાન રાખીને કાળજી લેવાની નાગરિકોને અપીલ કરી હતી.

આ અંગે કેન્દ્ર સરકારની સૂચના અને માર્ગદર્શન મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી (જુઓ પાનું ૪) ▶▶

### એચએમપીવી સતર્કતા માટે સરકારને એક્શન લેવા આદેશ આપોઃ કોર્ટમાં અરજી

નાગપુરઃ આપણા દેશમાં પા પા પગલી કરી રહેલા હ્યુમન મેટાન્યુમોવાઇરસ (એચએમપીવી) અંગે ફેલાઈ રહેલી ચિંતાઓની નોંધ લેવા અને મહારાષ્ટ્ર સરકારને સક્રિય પગલાં લેવા નિર્દેશ આપવા એક વકીલે મંગળવારે બોમ્બે હાઇકોર્ટની નાગપુર બેન્ચને અરજી કરી હતી. વકીલ શ્રીરંગ ભંડારકરે અરજીમાં જણાવ્યું હતું કે હાઈકોર્ટે ૨૦૨૦ માં કોવિડ -૧૯ રોગચાળાની સુઓ મોટો (જાતે જ) નોંધ લીધી હતી, અને એચએમપીવીની આસપાસ વધતી વૈશ્વિક અને પ્રાદેશિક ચિંતા વચ્ચે હવે એવું જ કરવાની જરૂર છે. હાઈકોર્ટ ૧૦ જાન્યુઆરીએ અરજીની સુનાવણી કરે તેવી સંભાવના છે.

ભંડારકર કોવિડ -૧૯ અરજીમાં અમિકસ ક્યુરી (સહાય માટે કોર્ટ દ્વારા નિયુક્ત) તરીકે હાજર થયા હતા. ઓગસ્ટ, ૨૦૨૦માં નાગપુર બૅન્ચે રોગચાળાની આપમેળે નોંધ લીધી (જુઓ પાનું ૪) ▶▶

# ટૉરેસ સ્કૅમ: કૌભાંડ સેંકડો કરોડોનું?

## વિદેશી સહિત ત્રણની ધરપકડ છતાં રોકાણકારો હજી અંધારામાંઃ વધુ ને વધુ ઈન્વેસ્ટરો આગળ આવી રહ્યા છે

મુંબઈઃ રોકાણ પર સપ્તાહમાં ૬થી ૧૧ ટકા વ્યાજે વળતર આપવાને બહાને રોકાણકારો સાથે ૧૩ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવા બદલ ટોરેસ બ્રાન્ડ ચલાવતી કંપનીના સંચાલક સહિત પાંચ વિરુદ્ધ ગુનો દાખલ કરાયા બાદ શિવાજી પાર્ક પોલીસે મંગળવારે વિદેશી નાગરિક સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી.

ગઇ કાલે પણ રોકાણકારોના ટોળા ટોરેસની ઓફિસ બહાર જોવા મળ્યા હતા. જોકે મોટા ભાગનાને પૈસા પાછા મળવાની આશા નથી. ઇન્વેસ્ટરો હજી અંધારામાં છે અને તેઓ ધીરે-ધીરે આગળ આવી રહ્યા છે. આ જોતાં આંકડો સેંકડો કરોડોને આંબી જાય તો નવાઇ નહીં.

શિવાજી પાર્ક પોલીસે સોમવારે પ્લેટિનમ હર્ન પ્રા.લિ.ના (જુઓ પાનું ૪) ▶▶

### રોકાણ કઇ રીતે કરાતું?

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સોનું-ચાંદી અને મોજનાઇટ રત્ન ખરીદી કર્યા બાદ તેના પર રોકાણ કરેલા રૂપિયા પર ૪૮, ૯૬ અને ૫૨૦ ટકાનું વાર્ષિક વળતર આપવાનું આશ્વાસન રોકાણકારોને અપાયું હતું. શરૂઆતમાં અમુક સમય સુધી વળતર આપવામાં આવ્યું હતું. જોકે ૩૦ ડિસેમ્બર બાદ તેમને કોઇ પણ વળતર અપાયું નહોતું અને રોકેલા રૂપિયા પણ પાછા આપ્યા નહોતા.



**ક્યારે મળશે પૈસા?ઃ** દાદરની ટોરેસની ઓફિસની બહાર ભેગા થયેલા રોકાણકારો. (અમય ખરાડે)

### શાકભાજીવાળાના ચાર કરોડ ડૂબ્યા

મુંબઈઃ રોકાણ પર દર અઠવાડિયે દસ ટકા વ્યાજ અપાવવાની લાલચ આપીને રોકાણકારોના કરોજો રૂપિયા લઈ ટોરેસ કંપનીના સંચાલક, વ્યવસ્થાપક સહિત અન્ય અધિકારીઓ ફરાર થઈ ગયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. દાદર ખાતેની ટોરેસ કંપનીના શોરૂમની બહાર રોકાણકારોએ ભીડ કરતા આ કૌભાંડ સપાટી પર આવ્યું હતું. શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં એક શાકભાજી વેચનારાએ ફરિયાદ નોંધાવતા ટોરેસ કંપનીના પાંચ અધિકારી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે જે શાકભાજીવાળાએ ફરિયાદ કરી છે તેણે પોતે ટોરેસ કંપનીમાં ચાર કરોડ રૂપિયાનાં વધુનું રોકાણ કર્યું છે.

શાકભાજી વેચાણકાર પ્રદીપકુમાર મામારાજ વૈશ્યે પોલીસ સ્ટેશનનામાં ફરિયાદ કરી હતી. કંપની દ્વારા લોકોને કેવી રીતે છેતરવામાં આવ્યા એ અંગે પણ માહિતી આપી હતી. શરૂઆતમાં કંપની દ્વારા લોકોને દર અઠવાડિયે સાત ટકા વ્યાજ આપવામાં (જુઓ પાનું ૪) ▶▶

નાશિકના જૈન પરિવારમાં ટ્રેજેડી

# દીકરાના વરઘોડાને બદલે નીકળી માતા-પિતાની અંતિમયાત્રા...

## નાના પુત્રના લગ્નને ૨૦ દિવસ જ બાકી હતા ત્યાં જયેશ અને રક્ષા શાહે શું કામ ઝેર પી લીધું હશે?

નાશિકઃ નાશિકમાં એક ચોંકાવનારી ઘટના બની છે. દીકરાના લગ્નની તૈયારી કરી રહેલા દંપતીએ જીવનલીલા સંકેલી લીધી હોવાનો કારમો પ્રસંગ બન્યો છે. માતા - પિતાએ આવું આત્યંતિક પગલું શા માટે ભર્યું તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ નથી થયું. જે ઘરમાં શરણાઈના સૂર રેલાવાના હતા એ જ ઘરમાંથી ઠાઠડી નીકળતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મળતી માહિતી પ્રમાણે શાહ પરિવાર નાશિક શહેરના તિલકવાડી વિસ્તારમાં રહે છે. શાહ પરિવારના સૌથી નાના પુત્રના લગ્ન પ્રસંગને ૨૦ દિવસ જ બાકી હોવાથી જોરદાર તૈયારી ચાલી રહી હતી. જોકે આ લગ્ન ઉકલે એ પહેલા શાહ દંપતીએ ઝેર પીને જીવનનો અંત આણ્યો હતો. નાશિક શહેરના (જુઓ પાનું ૪) ▶▶

# માર્વે-મનોરી બ્રિજને મંજૂરી

## ૧.૫ કિ.મી.ના ચાર લેનના આ બ્રિજને કારણે ટ્રાફિક હળવો થશે

મુંબઈઃ મનોરી, ગોરાઈ અને ઉત્તનની સાથે માર્વેને જોડતા ચાર લેનના ૧.૫ કિ.મી. બ્રિજના પ્રસ્તાવને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)એ મંજૂર કરી દીધો છે. હાલમાં માર્વે અને મનોરી વચ્ચે બોટની ફેરી ચાલે છે અને આ બંને વિસ્તારો વચ્ચે રોડની કોઇ પણ કનેક્ટિવિટી ન હોવાને કારણે વાહનચાલકોએ મીરા-ભાઈંદર થઇને ૨૯ કિ.મી.ની ચકરાવો લગાવવો પડે છે. આ પ્રવાસ દરમિયાન ધસારાના સમયે બે કલાકનો સમય થઇ જાય છે.

૧૨મી ડિસેમ્બરે એમસીઝેડએમએની મીટિંગ દરમિયાન કેબલ સ્ટેડ બ્રિજ માટેની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. આ અઠવાડિયે મળેલી બેઠકની મિનિટ્સમાં એવું જણાવાયું હતું કે બ્રિજ માટે ૪૫ મેનગ્રોવ્સ વૃક્ષોને કાપવાં પડશે અને વળતર આપનાર મેનગ્રોવ્સ પ્લાન્ટેશનની જરૂર પડશે, જેને પાલઘરના વિરાથન બુદ્રુક ગામમાં હાથ ધરવામાં આવશે. ૨૦૧૯ કોસ્ટલ રેગ્યુલેટરી (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં કેબલ કાર પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની લીલી ઝંડી

થાણેઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે મંગળવારે જણાવ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં અમલમાં મૂકવા માટે પ્રસ્તાવિત કેબલ કાર પ્રોજેક્ટને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. અહીં જારી કરાયેલા એક નિવેદનમાં સરનાઈકે જણાવ્યું હતું કે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાને મંગળવારે નવી દિલ્હીમાં આયોજિત રાજ્ય પરિવહન મંત્રીઓની બેઠક દરમિયાન આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. સરનાઈકે જણાવ્યું હતું કે મીટિંગ દરમિયાન, તેમણે કેબલ કાર પ્રોજેક્ટ રજૂ કર્યો હતો અનેએમએમઆરના શહેરી પરિવહનમાં પરિવર્તન લાવવાની તેની સંભવિતતા દર્શાવી હતી. એમએમઆરમાં વધતા શહેરીકરણ અને પરિવહનના પડકારોને ધ્યાનમાં લેતા પ્રસ્તાવિત પ્રોજેક્ટને જાહેર ખાનગી ભાગીદારી મોડલ અથવા (જુઓ પાનું ૪) ▶▶


**ઘર કે કિલ્લો?ઃ** અભિનેતા સલમાન ખાનના બાંદ્રામાંના ઘરની બાલ્કની પર બુલેટપ્રૂફ કાચ લગાડાયો છે અને બહારના રસ્તા પરની આવન જાવન પર નજર રાખતી હાઈટેક સીસીટીવી કેમેરા સિસ્ટમ લગાડાઈ છે. એપ્રિલ ૨૦૨૪માં કથિત સ્વરૂપે લોરેન્સ બિશ્નોઇ ગેંગ સાથે સંકળાયેલા બે શખસે બિલ્ડિંગની બહાર ગોળીબાર કર્યો હતો એના કેટલાક મહિના પછી સલમાન ખાને રાખેલી પ્રાઈવેટ સિક્યોરિટી આ રીતે વધુ મજબૂત બનાવવામાં આવી છે. કોઈ શંકાસ્પદ હિલચાલ શોધી કાઢવા માટે બિલ્ડિંગની સામે એક હાઈટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યો છે અને તેની આસપાસ રેઝર વાયર ફેન્સિંગ પણ લગાવવામાં આવી રહ્યું છે એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# સીએસએમટી નજીક ગોળીબાર કરી ૪૭ લાખના દાગીનાની લૂંટઃ બે પકડાયા

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક સોમવારે રાતે વેપારીના ભત્રીજા પર ગોળીબાર કરીને વેપારી પાસેના ૪૭.૨૭ લાખ રૂપિયાના દાગીના લૂંટનારી ટોળકીના બે સભ્યને એમઆરએ માર્ગ પોલીસે આઠ કલાકમાં ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ૧૬.૫૦ લાખના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હોઇ પોલીસ હવે ફરાર આરોપીઓની શોધ ચલાવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. એમઆરએ માર્ગ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ કિરણ ધનાવડે અને અરૂણ મદિયા તરીકે થઇ હતી, જેઓ દક્ષિણ મુંબઈમાં રહે છે. બંને આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેમને પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. કાલબાદેવી વિસ્તારમાં રહેતો ફરિયાદી ચિરાગ પ્રવીણકુમાર ધંધુકિયા સોમવારે રાતે તેના ભત્રીજા સાથે દાગીના લઇને સ્કૂટી પર જઇ રહ્યો હતો ત્યારે સીએસએમટી નજીક પી. ડીમેલો રોડ પર બ્લ્યુ ગેટ નજીક ત્રણથી ચાર અજાણ્યા શખસોએ તેમને રોક્યા હતા.

# દાદર સ્ટેશન પર કોણે કાપ્યો વિદ્યાર્થિનીનો ચોટલો?

## ૨૦૧૭માં ઉત્તર ભારતમાં ૫૦થી વધુ આવી ઘટનાઓ બની હતી

મુંબઇ : દાદર રેલવે સ્ટેશન પર સોમવારે એક ગંભીર ઘટના બની હતી. જયારે એક શખસે કોલેજની વિદ્યાર્થિનીનો ચોટલો કાપ્યો હતો. અને વિદ્યાર્થિનીને તેની જાણ પણ થઇ નહોતી. આ ઘટના બાદ ૨૦૧૭ની 'ચોટી કટવા' ૫૦થી વધુ ઘટનાની યાદ આવી ગઇ. જયારે દિલ્હી, રાજસ્થાન, હરિયાણા સહિતના ઉત્તર ભારતમાં મહિલાઓના વાળ રહસ્યમય રીતે કાપી નાખવામાં આવ્યા હતા.

પીડિત વિદ્યાર્થિની મુંબઇની જાણીતી કૉલેજમાં ભણે છે. વિદ્યાર્થિની કલ્યાણથી પશ્ચિમ રેલવેના માટુંગા જવા મહિલા વિશેષ ટ્રેન પકડી હતી. તે સવારે ૯.૨૯ કલાકે દાદર સ્ટેશન પર પહોંચી ત્યારે તેના પર આ હુમલો થયો હતો.

દાદર સ્ટેશનના ફૂટ ઓવર બ્રિજ પર કંઇક થયું હોવાનો અનુભવ થયો ત્યારે તેણે પાછળ વળીને જોયું તો એક અજ્ઞાત વ્યક્તિ ત્યાંથી ઝડપથી પસાર થઇ રહી હતી. નીચે વળીને જોયું તો તેના વાળ જમીન પર પડયા હતા. ત્યારે જાણ થઇ કે તેના અડધા વાળ કાપી નાખ્યા હતા, એમ વિદ્યાર્થિનીએ જીઆરપી સમક્ષ પોતાનું નિવેદન નોંધાવ્યું હતું.

પીડિત વિદ્યાર્થિનીએ તાત્કાલિક દાદરના રેલવે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ)માં ફરિયાદ નોંધાવી હતી. સીસીટીવી ફૂટેજમાં જોયા બાદ તેને એફઆઇઆર નોંધાવવા કહ્યું હતું. મુંબઇ સેન્ટ્રલ જીઆરપીમાં સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં તપાસ ચાલી રહી છે. ■

# વિલેપાર્લેમાં ઘરમાં ઘૂસી વૃદ્ધા અને નોકરાણીને સેલો ટેપથી બાંધીને સોનાના દાગીનાની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘરમાં ઘૂસેલા બે લૂંટારાએ ૮૦ વર્ષની વૃદ્ધા અને તેની નોકરાણીને બંધક બનાવ્યા પછી સેલો ટેપથી બાંધી સોનાના દાગીનાની લૂંટ ચલાવી હોવાની ઘટના વિલે પાર્લેમાં બની હતી. બપોરે વૃદ્ધાનો પુત્ર ઘરે આવ્યા પછી બન્નેને છોડાવી પોલીસને જાણ કરી હતી. પોલીસે આરોપીઓની શોધ માટે પોલીસ અધિકારીની ચાર ટીમ બનાવી હતી.

વિલે પાર્લે પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની બપોરે ૧૨ વાગ્યાની આસપાસ વિલે પાર્લે પૂર્વમાં તેજપાલ સ્કીમ રોડ પરની એક સોસાયટીમાં બની હતી. ઘટના સમયે ઘરમાં રાધિકા ઢીચવળકર (૮૦) અને તેની નોકરાણી સંગીતા (૪૦) હતી.

પોલીસ ફરિયાદ અનુસાર બપોરે ૧૨ વાગ્યે ઘરની ડૉરબેલ વાગતાં સંગીતાએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખૂલતાં જ બન્ને લૂંટારા જબરદસ્તી ઘરમાં ઘૂસ્યા હતા અને દરવાજાને અંદરથી લૉક કરી દીધો હતો.

લૂંટારાઓએ ધમકાવીને રાધિકા અને સંગીતાને બંધક બનાવી હતી. પછી સેલો ટેપથી બન્નેના હાથ-પગ બાંધી દીધા હતા. તેમના મોં પર પણ સેલો ટેપ લગાવી દેવામાં આવી હતી.

બાદમાં આરોપીએ કબાટના લૉકરમાંથી સોનાના દાગીના લૂંટ્યા હતા. વૃદ્ધાએ પહેરેલા દાગીના પણ કાઢી લઈ આરોપી ફરાર થઈ ગયા હતા. બપોરે લગભગ બે વાગ્યે રાધિકાનો પુત્ર ઘરે પાછો ફર્યો ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. દરવાજનો દરવાજો ખુલ્લો જોઈ તેને શંકા ગઈ હતી.

ઘરમાં જઈને જોયું તો માતા અને નોકરાણી સેલો ટેપથી બાંધેલી હાલતમાં નજરે પડી હતી. બન્નેને છોડાવી પુત્રએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

ઘરમાંથી ૧૭ તોલા સોનાના દાગીના લૂંટારા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■

# હાઉસિંગ સોસાયટીમાં મહિલાની મારપીટ

થાણેઃ નવી મુંબઈની હાઉસિંગ સોસાયટીમાં મીટિંગ દરમિયાન ૪૪ વર્ષની મહિલાની મારપીટ કરવા અને તેને ઇજા પહોંચાડવા બદલ પાંચ જણ સામે ગુનો દાખલ કરાયો હતો. રબાળે વિસ્તારમાં આવેલી હાઉસિંગ સોસાયટીમાં રવિવારે આ ઘટના બની હતી અને સોસાયટીનો ચેરમેન તથા પદાધિકારીઓ મારપીટમાં સામેલ હતા.

સોસાયટીમાં મીટિંગ દરમિયાન મહિલાએ અમુક પ્રશ્નો ઉઠાવ્યા હતા, જે આરોપીઓને ગમ્યું નહોતું. આથી તેમણે મહિલાને ગાળો ભાંડી હતી અને તેને ધક્કો મારીને જમીન પર પાડી હતી અને તેને મુક્કા માર્યા હતા. મારપીટમાં ઘવાયેલી મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, એમ પોલીસે કહ્યું હતું. (પીટીઆઇ) ■

# પચીસ ટકા લાડકી બહેનના ૧૫૦૦ રૂપિયા બંધ થઇ જશે

## સરકારની આકરી ચકાસણી પછી અઢી કરોડ લાભાર્થીમાંના પચીસ ટકાને લાભ મળતો બંધ થશે ને સરકાર ૯૦૦ કરોડ રૂપિયા બચાવે એવી શકયતા

મુંબઈઃ રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ (ડબલ્યુસીડી) વિભાગે મુખ્ય પ્રધાન 'માઝી લાડકી બહીણ' યોજના માટે એકત્ર કરવામાં આવેલી લાભાર્થીઓની માહિતીને અન્ય તમામ હાલની યોજનાઓ સાથે સાંકળવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પ્રયાસથી લાભાર્થીઓનો મોટો હિસ્સો દૂર કરવામાં મદદ મળશે અને સરકાર પરનું આર્થિક ભારણ ઘટી શકશે. આ પગલાં દ્વારા ૨.૪૬ કરોડ લાભાર્થીઓમાંથી ઓછામાં ઓછા પચીસ ટકા લાભાર્થીઓને દૂર થવાની સંભાવના છે. એ શક્ય બનશે તો આ યોજના પાછળ દર મહિને ૩,૬૯૦ કરોડ રૂપિયા ખર્ચતી સરકારને ૯૦૦ કરોડ રૂપિયાની બચત થશે. આવકવેરો ભરનારાઓ ઉપરાંત, સરકાર એવા લાભાર્થીઓને શોધી કાઢશે જેમને સંજય ગાંધી નિરાધાર યોજના (નિરાધાર મહિલાઓ માટે પેન્શન યોજના) જેવી યોજનાઓમાંથી પણ લાભ મળી રહ્યો છે. આ યોજના હેઠળ પચીસ લાખથી વધુ મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા, મળી રહ્યા છે. નમો શેતકરી સન્માન યોજના (૨૦૧૯ માં કેન્દ્ર ખાતે પીએમ-કિસાન સન્માન નિધિ હેઠળ જાહેર કરાયેલ રોકડ લાભ અને રાજ્ય દ્વારા પુનરાવર્તિત) જેવી યોજના હેઠળ ૯૪ લાખ લાભાર્થીઓને મહિને એક હજાર રૂપિયા મળે છે. અન્ય સરકારી યોજનાઓ કે જેના દ્વારા ખેડૂતોને કૃષિ ઉપકરણો ખરીદવા માટે રોકડ લાભ મળે છે. ■

# ઑસ્ટ્રેલિયાને કેવી રીતે હરાવવું એની બહુ સારી તરકીબ અમારી પાસે છેઃ રબાડા

## જૂનમાં લૉર્ડ્સમાં ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાનો સાઉથ આફ્રિકા સામે થશે મુકાબલો

કેપ ટાઉનઃ અહીં સોમવારે પાકિસ્તાનને બીજી ટેસ્ટમાં ૧૦ વિકેટે હરાવીને સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરનાર સાઉથ આફ્રિકા આગામી જૂનમાં લૉર્ડ્સમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે રમશે અને એની માઇન્ડ-ગેમ અત્યારથી જ શરૂ થઈ ગઈ છે. સાઉથ આફ્રિકાના ટોચના ફાસ્ટ બોલર કૅગિસો રબાડાએ કહ્યું છે કે 'ઑસ્ટ્રેલિયાને કેવી રીતે હરાવવું એ અમે બહુ સારી રીતે જાણીએ છીએ.'




રબાડાનો સીધો સંકેત ભારતીય ટીમ તરફ હશે, કારણકે ભારતે તાજેતરમાં જ બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં પ્રથમ ટેસ્ટ ૨૯૫ રનથી જીતવા છતાં છેવટે ટેસ્ટ-સિરીઝ ૧-૩માં પરાજય જોવો પડ્યો.

રબાડાએ એક જાણીતી ચૅનલના પત્રકાર સાથેની વાતચીતમાં એવું પણ કહ્યું હતું કે 'જૂનની ઑસ્ટ્રેલિયા સામેની ડબ્લ્યૂટીસીની ફાઇનલને આડે હજી ઘણા મહિના છે, પરંતુ અમે અત્યારથી જ એ મુકાબલા માટેની તૈયારી શરૂ કરી દીધી છે. ડબ્લ્યૂટીસી જેવી મોટી મૅચ માટેનો જોશ અત્યારથી આવી જાય. સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે હંમેશાં ઉગ્ર હરીફાઈઓ થઈ છે, કારણકે ક્રિકેટ રમવાની અમારા બન્ને દેશની સ્ટાઇલ એકસરખી છે. અમે અસરદાર રમવામાં કોઈ કસર નથી છોડતા અને તેઓ પણ અમારી સામે અસરદાર રમવા કોઈ કસર બાકી નથી રાખતા. તેમને કેવી રીતે હરાવવા એની સારી તરકીબ અમારી પાસે છે.'

ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં સાઉથ આફ્રિકા (૬૯.૪૪ ટકા પૉઇન્ટ-પર્સન્ટેજ) સાથે મોખરે છે, જ્યારે ઑસ્ટ્રેલિયા (૬૩.૭૩ ટકા) બીજા નંબરે છે. બન્ને વચ્ચે ફાઇનલ રમાવાની છે. ભારત (૫૦.૦૦) તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામે હારી ગયું એટલે ફાઇનલની રેસની બહાર થઈ ગયું હતું. ન્યૂ ઝીલૅન્ડ (૪૮.૨૧) ચોથા નંબરે અને શ્રીલંકા (૪૫.૪૫) પાંચમા ક્રમે રહી ગયું હતું. ■

# એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા બહાદુર સિંહ એથ્લેટિક્સ ફેડરેશનના અધ્યક્ષ બનશે

ચંડીગઢઃ એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા શોટપુટ (ગોળાફેંક) ખેલાડી બહાદુર સિંહ સાગૂની મંગળવારે એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની વાર્ષિક સામાન્ય બેઠકમાં પ્રમુખ પદ પર બિનહરીફ ચૂંટાશે જે લગભગ નક્કી છે. તેઓ વર્તમાન અધ્યક્ષ આદિલ સુમારિવાલાનું સ્થાન લેશે. ૫૧ વર્ષીય સાગૂએ ૨૦૦૨ બુસાન એશિયન ગેમ્સમાં શોટ પુટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે ૨૦૦૦ અને ૨૦૦૪ની ઓલિમ્પિક ગેમ્સમાં પણ ભાગ લીધો હતો. તેઓ એથ્લેટ્સ કમિશનના પ્રતિનિધિ તરીકે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય પણ છે તેઓ વરિષ્ઠ પસંદગી સમિતિના સભ્ય પણ છે.

એએફઆઇના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અંજુ બોબી જ્યોર્જે પોતાનું નામ પાછું ખેંચી લીધા પછી સાગૂ એકમાત્ર ઉમેદવાર બાકી છે. અંજૂ બીજા કાર્યકાળમાં પણ સિનિયર ઉપાધ્યક્ષ રહેશે. બે દિવસીય એજીએમમાં આગામી ચાર વર્ષ માટે નવા હોદ્દેદારોની પસંદગી કરવામાં આવશે. ■

# '૨૦૨૧માં રહાણે વશમાં નહોતો આવ્યો, પણ આ વખતે રોહિત આવી ગયો એટલે ઑસ્ટ્રેલિયનો સિરીઝ જીતી શક્યા'

## ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સ્પિનરે કમિન્સ ઍન્ડ કંપનીની વ્યૂહરચના પરથી પડદો ઊંચક્યો

સિડનીઃ ૮૫ ટેસ્ટના અનુભવી બૅટર અને ઑસ્ટ્રેલિયામાં ભારતને ૨૦૨૧ની સાલમાં ઐતિહાસિક ટેસ્ટ-વિજય અપાવી ચૂકેલા અજિંક્ય રહાણેને ત્યારે ટિમ પેઇનના સુકાનમાં ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ તેમ જ ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર્સ તેમ જ ઑસ્ટ્રેલિયન અખબારો માનસિક દબાણમાં નહોતા લાવી શક્યા અને પરિણામ એ આવ્યું કે ભારતે બ્રિસ્બેનમાં ગૅબા ખાતેની નિર્ણાયક ટેસ્ટ-મૅચ રહાણેના સુકાનમાં જીતી લીધી હતી તેમ જ સિરીઝની ટ્રોફી પર ૨-૧થી કબજો કર્યો હતો, પરંતુ આ વખતની ભારતીય ટીમનો મુખ્ય કૅપ્ટન રોહિત શર્મા ઑસ્ટ્રેલિયાની વિવિધ પ્રકારની તરકીબનો શિકાર થયો અને છેવટે ભારતે ૧-૩થી પરાજય જોવો પડ્યો.



અજિંક્ય રહાણે તથા રોહિત શર્મા


કેરી ઑકીફ

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સ્પિનર કેરી ઑકીફે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલને જણાવ્યું છે કે ૨૦૨૧માં કૅપ્ટનપદે રહાણેની એકાગ્રતા તોડવામાં ઑસ્ટ્રેલિયનો નિષ્ફળ ગયા હતા, પણ ૨૦૨૪માં રોહિતની એકાગ્રતા તોડવામાં તેમને સફળતા મળી છે જેમાં રોહિત બૅટર તરીકે તો સુપર-ફ્લૉપ રહ્યો જ, તેની કૅપ્ટન્સીની પણ ટીકા થવા લાગી અને છેવટે સિડની ખાતેની છેલ્લી ટેસ્ટમાંથી તેણે પોતાને જ 'આરામ' આપ્યો હતો.

રોહિત પર્થની પ્રથમ ટેસ્ટમાં અને સિડનીની અંતિમ ટેસ્ટમાં નહોતો રમ્યો. પાંચ મૅચની સિરીઝની ત્રણ મૅચમાં તે કુલ ફક્ત ૩૧ રન બનાવી શક્યો હતો.

કેરી ઑકીફે ચૅનલને કહ્યું, 'તેઓ (પૅટ કમિન્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયન ખેલાડીઓ) જસપ્રીત બુમરાહને વશમાં નહોતા કરી શક્યા, કારણકે બુમરાહનો પર્ફોર્મન્સ ઉત્કૃષ્ટ હતો. મેદાન પર તે જરાય મચક આપે એવો નહોતો. એટલે તેમણે રોહિત શર્મા પર ડોળો રાખ્યો હતો અને તેની સામે ધાર્યું કરવામાં સફળ રહ્યા. રોહિત સિડની ખાતેની નિર્ણાયક ટેસ્ટમાં ન રમ્યો. ઑસ્ટ્રેલિયનોની તરકીબ એ હતી કે જો ભારતીય કૅપ્ટનને વશમાં કરી શકાશે તો આખી ભારતીય ટીમ પર હાવી થઈ શકાશે.'

થોડાં વર્ષો પહેલાં ગ્લેન મૅક્ગ્રાને એવી આદત હતી જેમાં તે ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ પહેલાં બ્રિટિશ ખેલાડીઓનું મનોબળ તોડવા ઑસ્ટ્રેલિયાની તરફેણમાં આગાહી કરતો હતો અને મૅક્ગ્રાની એ તરકીબ એ સમયના બ્રિટિશ કૅપ્ટન માઇકલ આથર્ટન સામે કારગત નીવડતી હતી.


રોહિતની પત્ની રિતિકા બીજા બાળકને જન્મ આપવાની તૈયારીમાં હતી એટલે રોહિત પર્થની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો. તે બીજી, ત્રીજી અને ચોથી ટેસ્ટમાં રમ્યો, પરંતુ એમાં બૅટિંગમાં સાવ ફ્લૉપ રહ્યો હતો. સિડનીની પાંચમી ટેસ્ટમાં તે નહોતો રમ્યો. બીજી બાજુ, બુમરાહના સુકાનમાં ભારત પર્થની ટેસ્ટ ૨૯૫ રનથી જીત્યું અને ખુદ બુમરાહ દરેક મૅચમાં શાનદાર પર્ફોર્મ કરતો ગયો અને સિરીઝમાં ૩૨ વિકેટ સાથે મોખરે રહ્યો. જોકે છેલ્લી ટેસ્ટમાં તે પીઠના દુખાવાને લીધે બીજા દાવમાં બોલિંગમાં નહોતો આવી શક્યો.

ઑસ્ટ્રેલિયા વતી ૨૪ ટેસ્ટ અને બે વન-ડે રમનાર ઑકીફે એવું પણ કહ્યું કે '૨૦૨૧માં ભારતીય કૅપ્ટનને માનસિક દબાણનો શિકાર બનાવવાની તરકીબ અજમાવવામાં આવી હતી, પરંતુ ત્યારે રહાણે વશમાં નહોતો આવી શક્યો અને તેની કૅપ્ટન્સીમાં ભારત ૨-૧થી સિરીઝ જીતી ગયું હતું.'

જાન્યુઆરી, ૨૦૨૧માં ત્યારે બ્રિસ્બેનમાં વૉશિંગ્ટન સુંદરની એ કરીઅરની પહેલી જ ટેસ્ટ હતી. તેણે પ્રથમ દાવમાં ત્રણ અને બીજા દાવમાં એક વિકેટ લીધી હતી. ભારતને જીતવા ૩૨૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતે મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ, પૅટ કમિન્સ, નૅથન લાયન અને કૅમેરન ગ્રીન જેવા જાણીતા બોલર્સની હાજરીમાં શુભમન ગિલના ૯૧ રન, ચેતેશ્વર પુજારાના ૫૬ રન, કૅપ્ટન રહાણેના ૨૪ રન, વૉશિંગ્ટનના બાવીસ રન તેમ જ ખાસ કરીને (મૅન ઑફ ધ મૅચ બનેલા) રિષભ પંતના લડાયક ૮૯ રનની મદદથી ૯૭ ઓવરમાં સાત વિકેટના ભોગે ૩૨૯ રન બનાવીને વિજય મેળવ્યો હતો. ફાઇટર પંતે એ યાદગાર અણનમ ઇનિંગ્સમાં ૧૮૧ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૩૮ બૉલનો સામનો કર્યો હતો અને એક ફોર તથા નવ સિક્સર ફટકારી હતી. ■

# પુત્ર આર્યવીર પિતા સેહવાગની ફરારી કારની ઑફર ૨૩ રન માટે ચૂકી ગયો, પણ ગમે ત્યારે જીતી શકે

નવી દિલ્હીઃ બૅટિંગ-લેજન્ડ વીરેન્દર સેહવાગનો પુત્ર આર્યવીર તાજેતરમાં પિતાએ એક શરત સાથે ઓફર કરેલું ફરારી કારનું ઇનામ જરાક માટે ચૂકી ગયો હતો, પરંતુ આવનારા સમયમાં તે અથવા તેનો નાનો ભાઈ વેદાંત આ આકર્ષક પ્રાઈઝ જીતી શકે એમ છે. ખાસ કરીને આર્યવીરમાં પિતાની જેમ બહુ સારી બૅટિંગ-ટૅલન્ટ છે.






સેહવાગનો મોટો પુત્ર આર્યવીર ૧૭ વર્ષનો અને નાનો દીકરો વેદાંત ૧૪ વર્ષનો છે. બંને ટીનેજર બહુ સારું ક્રિકેટ રમે છે. સ્કૂલ સ્તરની મૅચોમાં તેમણે કેટલાક સારા પર્ફોર્મન્સ બતાવ્યા છે.

ખાસ કરીને આર્યવીર બહુ સારો બૅટર છે.

સેહવાગે ૧૦ વર્ષ પહેલાં નિવૃત્તિ બાદ બન્ને પુત્રોને ઓફર કરી હતી કે તેનો ૩૧૯ રનનો હાઈએસ્ટ ટેસ્ટ-સ્કોર બેમાંથી જે પુત્ર (સ્કૂલ ક્રિકેટ સહિતની કોઈ પણ મૅચમાં) સૌથી પહેલાં તોડશે તેને ઇનામમાં ફરારી કાર મળશે. સેહવાગે આ ઓફર ૨૦૧૫માં એક તહેવાર વખતે દિલ્હીમાં ભારત-સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મૅચ વખતે જાણીતા કૉમેન્ટેટર હર્ષા ભોગલે સાથેની વાતચીત દરમ્યાન કરી હતી.

૧૭ વર્ષના આર્યવીર સેહવાગે દોઢ મહિના પહેલાં કૂચ બિહાર ટ્રોફીની અન્ડર-૧૯ મૅચમાં દિલ્હી વતી ૨૯૭ રન બનાવ્યા હતા અને પિતાએ કરેલી ફરારી કારની ઓફર ફક્ત ૨૩ રન માટે ચૂકી ગયો હતો. તેણે જો બાવીસ રન બનાવ્યા હોત તો પિતા જેટલા ૩૧૯ રન બન્યા હોત અને બીજો એક રન (એટલે કે ૩૨૦મો રન બનાવીને) તેણે ઈનામી કાર જીતી લીધી હોત. આર્યવીર એક વર્ષ પછી ૧૮ વર્ષની ઉંમરે ડ્રાઇવિંગ લાઇસન્સને પાત્ર બનવાનો હોવાથી એ કાર તેને ચલાવવા મળી હોત.

જોકે તે ખૂબ ટેલન્ટેડ બૅટર હોવાથી તેમ જ પિતાની જેમ મોટી ઇનિંગ્સ રમવાની ક્ષમતા ધરાવતો હોવાથી હવે તે પિતા વીરેન્દરની ઓફર ગમે ત્યારે જીતી શકે.

આર્યવીરે નવેમ્બર, ૨૦૨૪માં ૨૯૭ રન ૩૦૯ બૉલમાં ત્રણ ઊંચી સિક્સર અને ૫૧ ફોરની મદદથી બનાવ્યા હતા. હરીફ ટીમના બોલર આર. એસ. રાઠોરે તેને ક્લીન બોલ્ડ કરીને તેને ટ્રિપલ સેન્ચુરી નહોતી ફટકારવા દીધી.

પિતા વીરેન્દરે પુત્ર આર્યવીરની ૨૯૭ રનની ઇનિંગ્સથી પ્રેરાઈને સોશિયલ મીડિયામાં હૃદયસ્પર્શી પોસ્ટમાં લખ્યું હતું કે વેલ પ્લેઇડ આર્યવીર. ૨૩ રન માટે ફરારી ચૂકી ગયો, પણ તું ખૂબ સારું રમ્યો. આવી જ ઇનિંગ્સ રમવાનો જોશ જાળવી રાખજે. આશા રાખું છું કે ભવિષ્યમાં તું ડૅડીની માફક ઘણી સેન્ચુરી, ડબલ સેન્ચુરી અને ટ્રિપલ સેન્ચુરી ફટકારીશ. ખેલ જાઓ.'

સેહવાગ ભારતનો એકમાત્ર ખેલાડી છે જેના નામે ટેસ્ટમાં બે ટ્રિપલ સેન્ચુરી (૩૧૯ અને ૩૦૯ રન) છે. એક વાર તે શ્રીલંકા સામે ૨૯૩ રન પર આઉટ થઈ જતાં ઑર એક ટ્રિપલ સેન્ચુરી ચૂકી ગયો હતો. સેહવાગની ક્રિકેટ ઍકેડેમીમાંથી તાલીમ લઈને ૨૩ ખેલાડીઓ રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તર સુધી પહોંચી શક્યા છે. ■

# ઈશાન કિશન હાલમાં સુપરમૉડેલ ગર્લફ્રેન્ડ અદિતીને લીધે જ ચર્ચામાં ચમકી રહ્યો છે!

મુંબઈઃ ભારત વતી કુલ ૬૧ આંતરરાષ્ટ્રીય મૅચ રમી ચૂકેલો વિકેટકીપર-બૅટર ઇશાન કિશન દોઢ વર્ષથી ટીમ ઇન્ડિયામાં નથી એટલે બહુ ચર્ચામાં નથી આવતો, પણ ઘણા દિવસે તેનું નામ સોશિયલ મીડિયામાં અને ઇન્ટરનેટ પર જોવા મળ્યું છે. આ વખતે તે પોતાના કોઈ પર્ફોર્મન્સને લીધે નહીં, પણ કથિત ગર્લફ્રેન્ડ સુપરમૉડેલ અદિતી હુંડિયાને લીધે ચર્ચામાં છે.



૨૬ વર્ષનો ઇશાન અને બાવીસ વર્ષીય અદિતી થોડા સમયથી ડેટિંગ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. તેમની વચ્ચેની રિલેશિનશિપની અફવા વચ્ચે અદિતીનું બૅકગ્રાઉન્ડ ફરી એકવાર મીડિયામાં વાયરલ થયું છે. તેઓ બે વર્ષથી એકબીજાના સંપર્કમાં હોવાનું મનાય છે.

ઇશાન કિશન આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ અને ૨૦૧૭ની ગુજરાત લાયન્સ ટીમ વતી રમી ચૂક્યો છે. તેને ૨૦૨૫ની આઇપીએલની સીઝન માટે સનરાઇઝર્સ હૈદરાબાદે ૧૧.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

ઇશાને આઇપીએલ સહિતની ટી-૨૦ મૅચોમાં ત્રણ સેન્ચુરીની મદદથી ૪,૯૧૬ રન બનાવ્યા છે જેમાં તેની ૨૨૪ સિક્સર અને ૪૮૬ ફોરનો સમાવેશ છે.

ઇશાનની કહેવાતી ગર્લફ્રેન્ડ અદિતી હુંડિયા સુપરમૉડેલ છે. તેનો જન્મ ૧૯૯૭માં જયપુરમાં થયો હતો. તે ઇન્ડિયા ઇન્ટરનૅશનલ સ્કૂલમાં અને જયપુરની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણી હતી. ૨૦૧૭માં 'મિસ ઇન્ડિયા રાજસ્થાન'નું ટાઇટલ જીતનાર અદિતી ૨૦૧૮માં 'મિસ સુપ્રાનૅશનલ'નું ટાઇટલ જીતી હતી તેમ જ 'મિસ દિવા' સ્પર્ધામાં રનર-અપ બની હતી.

અદિતીને ક્રિકેટ-ક્રેઝી છે. તે ઇશાન કિશનની ફૅન છે જ, વિરાટ કોહલી અને એમએસ ધોની તેના ફેવરિટ ક્રિકેટર છે. અદિતી ઇન્સ્ટાગ્રામ પર વિવિધ બ્રૅન્ડને પ્રમોટ કરે છે. એક્સ (ટ્વિટર) પર તેના ૨,૬૪,૦૦૦ ફૉલોઅર્સ છે.

ઇશાન કિશન અને અદિતી સોશિયલ મીડિયામાં એકમેકના ફોટો શૅર કરતા ક્રિકેટચાહકોનું દૃઢપણે માનવું છે કે તેઓ ડેટિંગ કરી જ રહ્યા છે.

૨૦૧૯માં મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચેની મૅચ વખતે હૈદરાબાદના સ્ટેડિયમમાં અદિતી મુંબઈની ટીમને ચિયર-અપ કરતી જોવા મળી હતી. રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ સામેની મુંબઈની મૅચમાં ઇશાને ૫૮ બૉલમાં ૯૯ રન ફટકાર્યા હતા ત્યારે અદિતીએ સોશિયલ મીડિયામાં 'આય ઍમ સો સો પ્રાઉડ ઑફ યુ, બૅબી' એવું લખ્યું હતું ત્યારે જ તેમની રિલેશનશિપને પુષ્ટિ મળી ગઈ હતી. ■

# મેલબર્નમાં ૧૨૧ મીટર લાંબી સિક્સર

## બિગ બૅશમાં હિલ્ટન કાર્ટરાઈટે 'લૉન્ગેસ્ટ સિક્સર' અને ચોક્કા સાથે મેલબર્ન સ્ટાર્સને અપાવી જીત

મેલબર્નઃ ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારતીય ટીમ મેલબર્નમાં સિરીઝની ચોથી ટેસ્ટ ૧૮૪ રનના તોતિંગ માર્જિનથી હારી ગઈ એ સાથે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)માં હજારો પ્રેક્ષકોએ જીત સેલિબ્રેટ કરી એના માંડ ચાર દિવસ પછી એ જ સ્થળે ઑર એક યાદગાર ઉજવણી થઈ હતી અને એ જલસો હતો સૌથી લાંબી સિક્સરનો.




વાત એવી છે કે ૩૦મી ડિસેમ્બરે ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની બૉક્સિંગ-ડે ટેસ્ટ પૂરી થઈ ત્યાર બાદ ચોથી જાન્યુઆરીએ એમસીજીમાં બિગ બૅશ લીગ (બીબીએલ)ની મૅચ રમાઈ હતી જેમાં મેલબર્ન સ્ટાર્સના હિલ્ટન કાર્ટરાઇટ નામના બૅટરે જે લાંબી સિક્સર ફટકારી એનું ૧૨૧ મીટરનું અંતર મેદાન પર રાખવામાં આવેલા ડિવાઇસમાં નોંધાયું હતું. મેલબર્ન રેનેગેડ્સ સામેની આ મૅચ રોમાંચક અને રસાકસીભરી બની હતી. ૧૨૧ મીટરની સિક્સર કમસે કમ બીબીએલનો રેકૉર્ડ હોવાનું મનાય છે.

મેલબર્ન સ્ટાર્સે ફીલ્ડિંગ લીધા પછી મેલબર્ન રેનેગેડ્સની ટીમને ૨૦ ઓવરમાં ૧૬૮/૭ના સ્કોર સુધી મર્યાદિત રાખી હતી.

આ મૅચ છેલ્લી ઓવરના ચોથા બૉલ સુધી ચાલી હતી. મેલબર્ન સ્ટાર્સે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે જે ૧૭૧ રન બનાવ્યા એમાં બેન ડકેતના ૬૭ રન, કૅપ્ટન માર્કસ સ્ટોઇનિસના ૪૮ રન તેમ જ ગ્લેન મૅક્સવેલના અણનમ ૨૦ રનનું તો યોગદાન હતું જ, સાતમા ક્રમના બૅટર હિલ્ટન કાર્ટરાઇટ (૨૪ અણનમ, ૧૨ બૉલ, બે સિક્સર, એક ફોર)એ છેલ્લી પળોમાં મૅચને અત્યંત રોમાંચક બનાવી દીધી હતી. તેની બેમાંથી એક સિક્સર ૧૨૧ મીટર લાંબી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાહિદ આફ્રિદીની ૧૫૩ મીટરની લૉન્ગેસ્ટ સિક્સરનો વિશ્વવિક્રમ નોંધાયો છે. ત્યાર પછી બ્રેટ લી (૧૪૩ મીટર) બીજા સ્થાને અને જેકબ ઑરમ (૧૩૦ મીટર) ત્રીજા નંબરે છે.

મૅચની છેલ્લી ઓવર મેલબર્ન રેનેગેડ્સના ૩૦ વર્ષીય ઑસ્ટ્રેલિયન પેસ બોલર ટૉમ રોજર્સે કરી હતી. એ ઓવરની શરૂઆતમાં મેલબર્ન સ્ટાર્સે જીતવા ૧૨ રન બનાવવાના હતા. પહેલા બે બૉલમાં કુલ બે રન બન્યા બાદ આ મૅચ સુપર ઓવરમાં જશે એવું લાગતું હતું. જોકે કાર્ટરાઇટે મૅચને ત્યાં સુધી નહોતી પહોંચવા દીધી. તેણે ત્રીજા બૉલમાં ગગનચુંબી છગ્ગો ફટકાર્યો હતો. એ સિક્સર ૧૨૧ મીટરની હોવાનું રેકૉર્ડ થયું હતું. ખુદ કાર્ટરાઇટ પોતાના આ શૉટથી ચોંકી ગયો હતો અને મોં ખુલ્લું રાખીને ઊભો-ઊભો બૉલ સામે જોતો રહ્યો હતો. કાર્ટરાઇટે એ પછીના જ બૉલમાં ચોક્કો મારીને (બે બૉલ બાકી રાખીને) મેલબર્ન સ્ટાર્સને શાનદાર વિજય અપાવ્યો હતો. બેન ડકેતને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ■

# ઑલરાઉન્ડર રિશી ધવને સાડાઆઠ વર્ષ રાહ જોયા પછી હવે નિવૃત્તિ લીધી

નવી દિલ્હીઃ ૩૪ વર્ષની ઉંમરના રાઇટ-આર્મ મિડિયમ પેસ બોલર અને રાઇટ-હૅન્ડ બૅટર રિશી ધવને ભારતની મર્યાદિત ઓવરોની ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી, પરંતુ તેના રિટાયરમેન્ટને પગલે ચર્ચા એ થઈ રહી છે કે ડોમેસ્ટિક ક્રિકેટમાં ઉમદા પર્ફોર્મ કરનાર ખેલાડીને કેમ દેશ વતી ફક્ત ચાર મૅચ રમવાનો મોકો મળ્યો? હકીકત એ છે કે ફરી ટીમ ઇન્ડિયામાં સ્થાન મેળવવા રિશી ધવને સાડાઆઠ વર્ષ સુધી રાહ જોઈ અને ત્યાર પછી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ જાહેર કર્યું છે. રિશી ધવન ભારત વતી ત્રણ વન-ડે અને એક ટી-૨૦ રમ્યો હતો.



રિશી ભારત વતી છેલ્લે જૂન, ૨૦૧૬માં હરારેમાં ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦માં રમ્યો હતો. આ તેની એકમાત્ર ટી-૨૦ હતી અને એમાં ઓપનર ચામુ ચિભાભા (૨૦ રન)ની વિકેટ લીધી હતી. ઝિમ્બાબ્વે એ મૅચ જીતી ગયું હતું.

રિશી ભારત વતી છેલ્લી વન-ડે જાન્યુઆરી, ૨૦૧૬માં રમ્યો હતો જેમાં તેણે જ્યોર્જ બેઇલી (છ રન)ની વિકેટ લીધી હતી. તે કરીઅરની ત્રણેય વન-ડે ઑસ્ટ્રેલિયા સામે રમ્યો હતો.

૨૦૨૧-'૨૨માં હિમાચલ પ્રદેશને સૌથી પહેલી વિજય હઝારે ટ્રોફી અપાવવામાં રિશી ધવનનું મોટું યોગદાન હતું.

આઇપીએલમાં ૨૦૧૩થી ૨૦૨૪ દરમ્યાન પંજાબ અને મુંબઈ વતી રમી ચૂકેલો રિશી ધવન વિજય હઝારે ટ્રોફીની એક જ સીઝનમાં ટૉપ-ફાઇવ બૅટર્સમાં તેમ જ ટૉપ-ફાઇવ બોલર્સમાં સ્થાન મેળવનાર પ્રથમ પ્લેયર છે. એ સીઝનમાં તેણે ૪૫૮ રન બનાવ્યા હતા તેમ જ ૧૭ વિકેટ લીધી હતી.

રિશીએ સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું, 'હું ભારે મનથી ભારતની મર્યાદિત ઓવર્સની ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.' ■

# પાકિસ્તાન હાર્યું અને પછી આઈસીસીએ દંડ ફટકાર્યો

કેપ ટાઉનઃ શાન મસૂદના સુકાનમાં પાકિસ્તાનની ટીમ સોમવારે અહીં યજમાન સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ ૧૦ વિકેટે હારી ગઈ અને સિરીઝમાં પાકિસ્તાનનો ૦-૨થી વાઇટ-વૉશ થયો એ પછી હવે પાકિસ્તાને ત્રીજી ફટકાર ખાવી પડી છે. સ્લો ઓવર-રેટ બદલ આઇસીસીએ પ્રત્યેક પાકિસ્તાની ખેલાડીની પચીસ ટકા મૅચ-ફી કાપી લીધી છે તેમ જ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં આ ટીમના પાંચ પૉઇન્ટ કાપી લેવામાં આવ્યા છે. બીજી તરફ, સાઉથ આફ્રિકાની ટીમ સતત સાતમી ટેસ્ટ જીત્યું છે. ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં પાકિસ્તાન આઠમા સ્થાને વેસ્ટ ઇન્ડિઝ નવમા અને છેલ્લા સ્થાને છે.

દરમ્યાન, સાઉથ આફ્રિકાએ સોમવારે પાકિસ્તાનને ૧૦ વિકેટે હરાવ્યું હતું. સાઉથ આફ્રિકાએ રાયન રિકલ્ટનના ૨૫૯ રનની મદદથી ૬૧૫ રન બનાવ્યા ત્યાર બાદ ખાસ કરીને કૅગિસો રબાડાની ત્રણ વિકેટને પગલે પાકિસ્તાનની ટીમ ૧૯૪ રન પર આઉટ થઈ ગઈ હતી. ફૉલો-ઑન બાદ બીજા દાવમાં કૅપ્ટન મસૂદના ૧૪૫ રન અને બાબર આઝમના ૮૧ રનની મદદથી પાકિસ્તાને ૪૭૮ રન બનાવતાં સાઉથ આફ્રિકાને જીતવા ફક્ત ૫૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે વિના વિકેટે મેળવી લીધો હતો.

પાકિસ્તાન હવે ૧૬મી જાન્યુઆરીથી ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝ સામે ટેસ્ટ-સિરીઝ રમશે. ■

# રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, એલએન્ડટી જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શૅરોની લેવાલીએ બે દિવસથી પછડાટ ખાતા સેન્સેક્સને ટેકો આપ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં મજબૂત વલણ વચ્ચે સ્તાનિક સ્તરે રિલાયન્સ, આઇસીઆઇસીઆઇ બેંક, એલએેન્ડટી જેવા ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોની તેજીના કારણે શેરબજારની બે દિવસની પીછેહઠને બ્રેક લાગી હતી અને બે દિવસના ઘટાડા પછી બજારના બેન્ચમાર્કમાં સુધારો જોવા મળ્યો હતો.

જોકે ટેકિનકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટીની બેરિશ પેટર્ન જોતાં સુધારો ટકવો મુશ્કેલ જણાય છે. તેમના મતાનુસાર, કમાણીની સીઝન પહેલા આઇટી શેરોમાં ઘટાડો અને ગ્રીનબેક સામે નબળો રૂપિયો બજારની તેજીને મર્યાદિત કરે છે.

બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૩૪.૧૨ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા વધીને ૭૮,૧૯૯.૧૧ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૮૭.૭૫ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા વધીને ૭૮,૪૫૨.૭૪ પર પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૧.૮૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૩,૭૦૭.૯૦ પર સ્થિર થયો છે.

ટાટા મોટર્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેંક, એશિયન પેઇન્ટ્સ, નેસ્લે ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, લાર્સન એન્ડ ટુબ્રો અને અદાણી પોટ્ર્સ સેન્સેક્સના શેરોમાં ટોપ ગેઇનર્સ બન્યા હતા, જ્યારે તેનાથી વિપરીત, ઝોમેટો, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક અને ઈન્ફોસિસના શેરો ઘટ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં હેલ્થકેર સેગમેન્ટમાં આયુર્વેદિક પ્રોડકટ્સમાં સ્પેશિયલાઇઝ્ડ કંપની સત કરતાર શોપિંગ લિમિટેડ ૧૦ જાન્યુઆરીએ તેની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, જેનો ઉદ્દેશ રૂ. ૩૩.૮૦ કરોડ એકત્ર કરવાનો છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૭થી રૂ. ૮૧ પ્રતિ શેર છે. ભરણાં મારફત પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ એક્વિઝિશન સહિતના કોર્ય માટે થશે, ભરણું ૧૪ જાન્યુઆરીએ બંધ થશે. ક્વાડ્રન્ટ ફ્યુચર ટેક લિમિટેડ અને કેપિટલ ઇન્ફ્રા ટ્રસ્ટ ઇન્વિટનો ઇશ્યુ નવમી જાન્યુઆરીએ બંધ થશે. સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનિંગ આઇપીઓ આઠ જાન્યુઆરીએ બંધ થશે. એ વન સ્ટીલ ઇન્ડિયાએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. એવેન્યુ સુપરમાર્ટે ડિસેમ્બર ક્વાર્ટર માટે સ્ટેન્ડઅલોન ધોરણે રેવન્યૂમાં ૧૭.૫ ટકાનો વધારો નોંધાવ્યો હતો. મારુતિનું વેચાણ ડિસેમ્બરમાં ૩૦ ટકા વધીને ૧,૭૮,૨૪૮ યુનિટ સુધી પહોંચ્યું છે. જર્મન કાર મેકર ઓડી ઇન્ડિયાએ ૨૦૨૪માં ૨૭ ટકાના ઘટાડા સાથે ૫૮૧૬ કારનું વેચાણ નોંધાવ્યું છે. રોયલ એનફિલ્ડનું વેચાણ ૨૫ ટકા વધીને ૭૯,૪૬૬ યુનિટ રહ્યું છે.

ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને તેને સંલગ્ન સર્વિસ પ્રોવાઇડર, કોર ડિજિટલ લિમિટેડે ફ્રેન્કન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડ, વોલ્ટર ઇન્ફ્રાટેક પ્રાઇવેટ લિમિટેડ અને કેડીએલ રિયલિન્ફ્રા પ્રાઇવેટ એમ ત્રણ કંપનીમાં, તેમના હાલના શેરધારકો પાસેથી ૯૮ ટકા ઈક્વિટી હિસ્સો ખરીદ્યો હોવાનું જાહેર કર્યું છે. તાજેતરની બોર્ડ મીટિંગ દરમિયાન ઉક્ત એક્વિઝિશનને મંજૂરી આપવામાં આવી હતી. જેફ્રીઝે રેટિંગ ડાઉનગ્રેડ કર્યુ હોવાના અહેવાલો વચ્ચે ઝોમેટોમાં સત્ર દરમિયાન ચાર ટકાથી મોટો કડાકો નોંધાયો હતો.

પ્રિસિઝન ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગની અગ્રણી ઉત્પાદક, નિકાસકાર અને સપ્લાયર, કેપ્ટન ટેક્નોકાસ્ટ લિમિટેડ રૂ. ૮.૪ કરોડની ઇક્વિટી ફાળવણીની માહિતી જાહેર કરી છે. કંપનીએ સમાન સંખ્યામાં વોરંટના રૂપાંતર દ્વારા ૧૪ લાખ ઇક્વિટી શેરની ફાળવણી પૂર્ણ કરી છે. આ ફાળવણી સાથે, કંપનીની પેઇડ ઇક્વિટી મૂડી રૂ. ૧૦.૨૧ કરોડથી વધીને રૂ. ૧૧.૬૧ કરોડ થઈ છે. ટાટા ડીજીટલે રિટેલ ઇન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. આગામી સમયમાં ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનની આસપાસની અનિશ્ચિતતા શેરબજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. આગામી સત્રોમાં, અગાઉ જણાવ્યા અનુસાર કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક પરિણામો પર બજારનું ખાસ ધ્યાન રહેશે. વધુમાં, રોકાણકારો અંદાજપત્ર અગાઉની અપેક્ષાઓના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરે તેવી શક્યતા છે. એ જ સાથે ફેડરલ ઓપન માર્કેટ કમિટીની મિનિટ્સ, યુએસ નોન-ફાર્મ પેરોલ અને બેરોજગારી દર જેવા મુખ્ય ડેટા પોઈન્ટ બજારના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે.




એશિયન બજારોમાં, સિયોલ, ટોક્યિો અને શાંઘાઈ પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા જ્યારે હોંગકોંગ નીચા સ્તરે ગબડ્યો હતો.

મધ્ય સત્રના સોદામાં યુરોપિયન બજારો ઊંચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા સ્તરે બંધ રહ્યા હતા. મંગળવારે યુએસ ડોલર સામે રૂપિયો પાંચ પૈસા ઘટીને ૮૫.૭૩ (પ્રોવિઝનલ)ની સપાટી પર સ્થિર થયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૨,૫૭૫.૦૬ કરોડના મૂલ્યની ઇક્વિટી ઑફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૨ ટકા ઘટીને ૭૬.૨૧ પ્રતિ બેરલ થઈ ગયું. અગાઉના સત્રમાં, બીએસઇ બેન્ચમાર્ક ૧,૨૫૮.૧૨ પોઈન્ટ અથવા ૧.૫૯% ઘટીને ૭૮,૦૦૦ની નીચે ૭૭,૯૬૪.૯૯ પર બંધ થયો હતો. નિફ્ટી ૩૮૮.૭૦ પોઈન્ટ અથવા ૧.૬૨% ઘટીને ૨૩,૬૧૬.૦૫ પર આવી ગયો. રોકાણકારો માટે હવે કોર્પોરેટ પરિણામા શેરલક્ષી કામકાજ માટે મુખ્ય ટ્રીગર બનશે. એ જ સાથે, ફોરેક્સ માર્કેટની વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવ અને અમેરિકાના આર્થિક ડેટા બજારના સેન્ટિમેન્ટને અસર કરશે. ત્રીજી જાન્યુઆરીએ પૂરા થયેલા સતત બીજા સપ્તાહમાં બજારે ઉર્ધ્વગામી સફર જાળવી રાખવામાં સફળતા મેળવી હતી, જોકે તે મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો, નબળો પડતો ભારતીય રૂપિયો અને વધતા ક્રૂડ ઓઇલના ભાવ ટ્રેક કરતા શેરબજારીયાઓ દ્વારા અપનાવવામાં આવેલી ઉછાળે વેચવાલીની વ્યૂહરચનાને કારણે બજાર તમામ ઉછાળો જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યું હતું. ઓટો, એફએમસીજી, ફાર્મા અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ખરીદી સાથે ડીઆઈઆઈના પ્રવાહમાં ખરીદીએ બજારને ટેકો આપ્યો હતો.

નિફ્ટી ઇન્ડેક્સ સપ્તાહ દરમિયાન ૦.૮૦ ટકા વધીને ૨૪,૦૦૫ના સ્તરે પહોંચ્યો હતો અને સેન્સેક્સ ૦.૬૭ ટકા વધીને ૭૯,૨૨૩ની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સોએ બેન્ચમાર્ક શેરઆંકો સામે અનુક્રમે ૧.૬૪ ટકા અને ૧.૬૪ ટકા વધીને આઉટપરફોર્મન્સ બતાવ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં કોમોડિટીઝ, ક્ન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી અને એનર્જી વધ્યા, જ્યારે ફોકસ્ડ આઈટી, સર્વિસીસ અને ટેક ઘટ્યા હતા. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૭,૯૬૪.૯૯ના બંધથી ૨૩૪.૧૨ પોઈન્ટ્સ (૦.૩૦ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૫૬ લાખ કરોડ વધીને રૂ.૪૪૧.૭૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૮,૦૧૯.૮૦ ખૂલીને ઊંચામાં ૭૮,૪૫૨.૭૪ અને નીચામાં ૭૭,૯૨૫.૦૯ સુધી જઈને અંતે ૭૮,૧૯૯.૧૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૮૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૬૨૪ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૩૫૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૦૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૭૪ ટકા વધ્યા હતા.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૩૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૯ ટકા વધ્યા હતા.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ કોમોડિટીઝ ૧.૫૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૪૭ ટકા, એનર્જી ૧.૪૩ ટકા, એફએમસીજી ૧.૩૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૧૯ ટકા, હેલ્થકેર ૧.૧૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૧૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૦૩ ટકા, યુટિલિટીઝ ૦.૬૫ ટકા, ઓટો ૦.૬ ટકા, બેન્કેક્સ ૦.૫૮ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૫ ટકા, મેટલ ૦.૨૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૧ ટકા, પાવર ૦.૦૯ ટકા અને રિયલ્ટી ૦.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૦.૬૨ ટકા, સર્વિસીસ ૦.૫૧ ટકા અને ટેક ૦.૩૬ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે તાતા મોટર્સ ૨.૨૫ ટકા, રિલાયન્સ ૧.૮૬ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૪૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૧૦ ટકા, લાર્સન ૧.૦૮ ટકા, નેસ્લે ૧.૦૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧ ટકા, અદાણી પોટ્ર્સ ૦.૮૮ ટકા, તાતા સ્ટીલ ૦.૮૭ ટકા અને ટાઈટન ૦.૭૨ ટકા વધ્યા હતા.

જ્યારે ઝોમેટો ૪.૫૯ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૭૩ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૬૨ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૪ ટકા, મારુતિ ૦.૩૭ ટકા, કોટક બેન્ક ૦.૩૩ ટકા, આઈટીસી ૦.૩૨ ટકા પાવર ગ્રીડ ૦.૨૮ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૨૭ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૭૧.૪૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૭૪૬ સોદામાં ૩,૧૭૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૭,૧૧,૪૮૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૮૭,૭૯,૫૯૨.૪૯ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો વધુ પાંચ પૈસા ઘટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૫.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૭૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૦ અને ઉપરમાં ૮૫.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૫.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ગબડીને ૮૫.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને વ્યાજદરમાં ઓછી કપાતની શક્યતાને ધ્યાનમાં લેતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૫૦થી ૮૫.૯૦ આસપાસની રહે તેમ જણાય છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ગત ડિસેમ્બર મહિનાનો દેશનો સર્વિસીસ પીએમઆઈ આંક આગલા નવેમ્બર મહિનાના ૫૮.૪ સામે વધીને ચાર મહિનાની ઊંચી ૫૯.૩ની સપાટીએ રહ્યો હોવાથી પણ અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૨ ટકા વધીને બેરલદીઠ ૭૬.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ગઈકાલે સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ રૂ. ૨૫૭૫.૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો.

જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી ૦.૩૦ ટકા ઘટીને ૧૦૭.૯૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૪.૧૨ પૉઈન્ટનો અને ૯૧.૮૫ પૉઈન્ટનો સુધારો આવતાં રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોનામાં ₹ ૩૫ ઘટાડો, ચાંદીમાં ₹ ૩૨૨નો સુધારો

## નવેમ્બરમાં રિઝર્વ બૅન્કની સોનામાં આઠ ટનની ખરીદી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓ અપેક્ષા કરતાં ઓછી આક્રમક રહેવાના ટ્રેડરોનાં આશાવાદે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. જોકે, રોકાણકારો અમેરિકાના જોબ ડેટાની રાહ જોઈ રહ્યા હોવાથી તેઓની લેવાલી પાંખી રહી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૨નો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫નો સાધારણ ઘટાડો આવ્યો હતો.

દરમિયાન વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનાં તાજેતરના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪માં રિઝર્વ બૅન્કની લેવાલી જળવાઈ રહેતાં ગત નવેમ્બર મહિનામાં આઠ ટનની ખરીદી રહી હતી. આ સાથે જ નવેમ્બર મહિના સુધીની કુલ ખરીદી ૭૩ ટનની સપાટીએ રહેતાં પોલેન્ડ પછી સોનાની ખરીદીમાં ભારતે બીજો ક્રમાંક જાળવી રાખ્યો છે. તેમ જ રિઝર્વ બૅન્કનું સોનાનું કુલ હોલ્ડિંગ ૮૭૬ ટનના સ્તરે રહ્યું હોવાનું કાઉન્સિલે જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં




વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૨ના સુધારા સાથે રૂ. ૮૯,૪૭૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયામાં વધુ પાંચ પૈસાનો ઘટાડો આવતા આયાત પડતરોમાં વધારો થયો હોવા છતાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૮૧૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૭,૧૨૬ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની નરમાઈના ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૬૪૨.૩૨ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૨૬૫૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલમાં ડૉલર ઈન્ડેક્સમાં તેજી શાંત થતાં સોનાના ભાવ સ્થિર થવા મથી રહ્યા છે, પરંતુ અમેરિકી ટ્રેઝરીની ઊંચી યિલ્ડ મોટો સુધારો રૂંધી રહી હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે હાલ અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ વધીને મે, ૨૦૨૪ પછીની ઊંચી સપાટીએ પહોંચી છે, જ્યારે આજે ડૉલર ઈન્ડેક્સ એક સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો છે.

ડૉનલ્ડ ટ્રમ્પનાં સહયોગીઓ અમેરિકાનાં રાષ્ટ્રીય સલામતી અને આર્થિક સલામતી માટેનાં મહત્ત્વના ક્ષેત્રોમાં જ ટેરિફનાં ઊંચા દરની યોજના ધરાવશે, એવાં અહેવાલો વહેતા થતાં આજે ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ અને સોનામાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, ટ્રમ્પે આ અહેવાલને રદીયો આપ્યો હોવાથી પુનઃ ટ્રમ્પની નીતિઓ અંગેની અનિશ્ચિતતા સપાટી પર આવી હોવાના અહેવાલ હતા. સામાન્યપણે આર્થિક અને રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા તથા વધતા ફુગાવાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે. જોકે, હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના એડીપી એમ્પ્લોયમેન્ટ ડેટા અને આવતીકાલે જાહેર થનારી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર સ્થિર થઈ છે.

જો અમેરિકામાં બેરોજગારીનો દર ૪.૨ ટકા આસપાસ સ્થિર રહે તો ફેડરલ રિઝર્વ માટે વર્ષ દરમિયાન બે કરતાં વધુ વખત વ્યાજદરમાં કપાતનો અવકાશ રહેશે અને જો આ શક્ય બને તો સોનામાં સુધારાને ટેકો મળશે, એમ યીપે વધુમાં ઉમેર્યું હતું.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે વધુ સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડા અને બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન, નિકલ અને કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૯નો સુધારો આવ્યો હતો. ચીનના સ્ટિમ્યુલસ પેકેજના આશાવાદ અને ડૉલર નબળો પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૮૯૮૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ, કોપર વાયરબાર અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૨૫૭૩, રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૨૮, રૂ. ૧૦ વધીને રૂ. ૮૨૫ અને રૂ. સાત વધીને રૂ. ૭૮૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્ટોકિસ્ટો તથા વપરાશકારોની માગને ટેકે કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૮૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૭૬, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૨૫ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૧૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિરસ માગે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૪૨ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં નરમાઈ, સ્મોલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં એકંદરે રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૫૬૦થી ૩૬૮૨ આસપાસ ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડમાં વેપાર નીચલા મથાળેથી



ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૮૨થી ૩૮૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૫૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૦થી ૩૬૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૦નો ઘટાડો અન્ય ખાદ્યતેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૩૬ અને ૪૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૩૫ અને ૪૧ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતા માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને આરબીડી પામોલિન તથા સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં નિરસ માગે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૧૫ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવતા સ્થાનિકમાં પણ સિંગતેલમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, ગોકુલના સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ તથા ઈમામી, અલાના અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૪૦, રૂ. ૧૩૪૦ અને રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૧૫ ઘટીને રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૦ ઘટીને રૂ. ૧૪૦૦ના મથાળે થયા હતા.

# અમરેલીમાં પાયલ ગોટીને લઈ જતી વખતે પરેશ ધાનાણીએ પોલીસને અટકાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં બનાવટી લેટરકાંડ મુદ્દે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં તપાસ કમિટીની ટીમ પાયલ ગોટીને મેડિકલ ચેકઅપ માટે લઈને જઈ રહી હતી. તે સમયે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી દ્વારા ટીમને રોકવામાં આવી હતી.

આ ઉપરાંત આ લેટરકાંડમાં હાલ ખળભળાટ મચાવતા સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા છે. જેને પગલે આ કેસમાં હવે નવો ચોંકાવનારો વળાંક આવ્યો છે.

આરોપી મનીષ વઘાસિયા દ્વારા પાયલ ગોટી મારફતે કુરિયર કરાવ્યું હતું. જેમાં પાયલ ગોટી દ્વારા કરિયર કરવામાં આવ્યું તેના મહત્ત્વના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે. કૌશિક વેકરીયા ઉપર લગાવેલા આક્ષેપો વાળો લેટર કમલમ સહિત ભાજપ કાર્યાલય કુરિયર કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ભાજપ મહામંત્રી રત્નાકર સહિત કમલમને કુરિયર કર્યા તે સમયમાં સીસીટીવી બહાર આવ્યા હતા.

આ કુરિયરનું પેમેન્ટ પાયલ ગોટીએ એક દિવસ ઓનલાઈન અને બીજા દિવસે રોકડેથી કર્યું હતું. જેના સીસીટીવી પણ સામે આવ્યા છે. સમગ્ર મામલે કોબા કમલમ દિલ્હી સુધી બે દિવસ માટે અલગ અલગ કુરિયર કરવામાં આવ્યા હતા.

બીજી તરફ આજે તપાસ કમિટી પોલીસ દ્વારા મેડિકલ ચેકઅપ માટે પાયલ ગોટીને લઈ જવામાં આવતી હતી તે સમયે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી દ્વારા પોલીસને રોકવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા પાયલ ગોટીને પરિવાર સાથે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવી રહી હતી. જોકે કોંગ્રેસ નેતા દ્વારા પોલીસની ટીમને રોકીને અત્યારે નહીં પણ મેડિકલ સવારે કરવા માટેની માંગ કરવામાં આવી હતી. જોકે આ સમગ્ર મામલે હવે જે સીસીટીવી વાયરલ થયા હતા. ■



એચએમપીવી વાયરસની ભયાનકતાને પગલે રાજકોટમાં તંત્ર એલર્ટ બન્યું છે, સિવિલ હોસ્પિટલમાં ખાસ ૧૦ બેડનો વોર્ડ ઊભો કરાયો. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## રાજકોટ માર્કેટ યાર્ડમાં લાલ ડુંગળીની બમ્પર આવકઃ ભાવ ન મળતા ખેડૂતો નિરાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ માર્કેટ યાર્ડના પોપટભાઈ સોરઠિયા સબયાર્ડમાં ડુંગળીની બમ્પર આવક નોંધાઈ હતી. યાર્ડમાં ડુંગળી ભરેલા ૫૦૦થી વધુ વાહનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેમાં કુલ ૪૫ હજાર કટ્ટા અને ૨૩,૫૦૦ ક્વિન્ટલ લાલ ડુંગળીની આવક થઈ હતી.

રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીની મબલક આવક થઈ હતી. યાર્ડમાં ૪૫ હજાર કટ્ટા ઉતારવામાં આવી હતી. માર્કેટ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, વાઈસ ચેરમેન, ડિરેક્ટરઓ તેમજ માર્કેટ યાર્ડ સ્ટાફ દ્વારા ડુંગળીની ઉતરાઈ અને ટ્રાફિક વ્યવસ્થા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૧૫થી ૪૨૦ સુધી રહ્યા હતા. જોકે, ખેડૂતોમાં નિરાશા જોવા મળી કારણ કે તેમને અપેક્ષિત ભાવ મળ્યા ન હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ માર્કેટયાર્ડમાં યોગ્ય ભાવોને કારણે માત્ર સ્થાનિક નહીં પરંતુ મોરબી, સુરેન્દ્રનગર અને હળવદ જેવા આસપાસના વિસ્તારોના ખેડૂતો પણ તેમનો પાક વેચવા આવે છે. આ બજાર પ્રાદેશિક કૃષિ વેપારનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે. ■

## અમદાવાદ ફ્લાવર શોને સતત બીજા વર્ષે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૩ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થયેલા અમદાવાદ ફ્લાવર શોએ ગણતરીના જ દિવસોમાં મોટો રેકોર્ડ બનાવ્યો હતો. આ રેકોર્ડને ગિનીસ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. સતત બીજા વર્ષે અમદાવાદ ફ્લાવર શોને ગિનીસ બુકમાં સ્થાન મળ્યું હતું. આ વર્ષે વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર બુકે માટે ફરી એક વાર ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવી અમદાવાદને ફરી એક વાર વિશ્વ ફલક પર મૂક્યું હતું. પહેલા આ રેકોર્ડ યુનાઇટેડ આરબ એમિરેટસની અલ-એઇન મ્યુનિસિપાલિટી પાસે હતો. આ એવોર્ડ ૭ બાય ૭ મીટરના ફ્લાવર સ્ટ્રક્ચર માટે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ એનાયત કરવામાં આવ્યો હતો. ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગિનીસ બુકની ટીમ દ્વારા કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા ૧૦.૨૪ મીટર હાઇટ અને ૧૦.૮૪ મીટર ત્રિજ્યાવાળા ફ્લાવર બુકેને વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકે તરીકે સ્થાન પ્રાપ્ત થયું હતું. ગિનીસ બુકના અધિકારીઓની હાજરીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. ■

## કચ્છ કાંઠેથી પકડાયેલા ૩૦૦ કરોડના ડ્રગ્ઝ કેસના માંડવીના આરોપીના પરિવારે ત્રણ સાક્ષીને ફોડવા પ્રયાસો કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓ દ્વારા કચ્છના સાગરકાંઠે લેન્ડ કરાતાં કરોડોની કિંમતના ડ્રગ્સ પ્રકરણના આરોપી એવા માંડવીના શાહિદ કાસમ સુમરાના પરિવારજનો દ્વારા કેસના ત્રણ સાક્ષીઓને ફોડવા યેનકેન રીતે દબાણ કરાતું હોવા અંગે શાહિદની માતા અને તેના ભાઈ સામે માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ભારે ચકચાર પ્રસરી હતી. માંડવી શહેરના વાઘેર ફળિયામાં રહેતા જુનસ ઊર્ફે ઈકલાબ મંઢાએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮માં ગુજરાતની ત્રાસવાદ વિરોધી શાખાએ નોંધેલા ડ્રગ્ઝ કેસમાં પોતે તેમજ માંડવીના મોટા સલાયામાં રહેતો તૈયબ ઊર્ફે તેલંગ મંધરા અને મુંદરાના નવીનાળ રહેતા ઝાકીર વાઘેર ફરિયાદ પક્ષે સાક્ષી તરીકે છે. જે-તે સમયે એટીએસએ ત્રણેયની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ જુબાની લેવડાવી હતી. આ કેસમાં સાક્ષી તરીકે ફરી જવા માટે છેલ્લાં દસેક દિવસથી શાહિદ સુમરાના પરિવાર દ્વારા દબાણ શરૂ કરાયું હતું.

થોડાક દિવસ અગાઉ શાહિદની માતાએ અલ્તાફ આમદ આગરીયા નામના યુવકને તેના ઘેર મળવા મોકલ્યો હતો. અલ્તાફે શાહિદની માતાનું નામ આપીને જુબાનીમાં ફરી જવા મૌખિક વિનંતી સૂચના આપેલી.જુનસે આ કેસના લીધે પોતાની બોટ જપ્ત થઈ હોવાનું, સગાઈ તૂટી ગઈ હોવાનું અને સમાજમાં બદનામ થયો હોવાનું જણાવીને જુબાનીમાંથી ફરી જવા ઈનકાર કર્યો હતો. અલ્તાફે જુનસને શાહિદની માતા અને વકીલ જોડે ફોન પર વાત કરવા આગ્રહ કર્યો હતો પરંતુ તેણે વાત કરી નહોતી.

થોડા દિવસો બાદ તેને અજાણ્યા નંબરથી આવેલા ફોન પરના શખ્સ દ્વારા મળવા માટે માંડવીના નવા પુલ પર બોલાવવામાં આવ્યો હતો. ફરિયાદી પહોંચ્યો ત્યારે એક કારમાં ચાર શખ્સો તેને મળવા આવ્યા હતા. જે પૈકી ગુલામ હુસેન મૌલાનાને તે ઓળખતો હતો. આ શખ્સોએ તે સમયે વકીલ જોડે સ્પીકર પર ફોન કરતાં સામે રહેલી વ્યક્તિએ એવી સૂચના આપેલી કે કોર્ટમાં એટલું જ કહેજે કે હું શાહિદને ઓળખતો નથી. ત્યારબાદ તે જ દિવસે રાત્રે ત્રણ અજાણ્યા શખ્સો કાર લઈને તેના ઘેર તેને મળવા આવેલા પરંતુ ડર લાગતાં તે મળ્યો નહોતો.

આ કેસના અન્ય એક સાક્ષી ઝાકીર બાબુ વાઘેરને પણ ગુલામ હુસેન મૌલાના નામના શખ્શે ફોન કરી મળવાની ઈચ્છા પ્રકટ કરી હતી, જો કે, તે મળવા ગયો નહોતો. મૌલાનાએ ફરિયાદીને શાહિદના ભાઈ ફૈઝ કાસમ સુમરા જોડે વોટસએપ પર વાત કરવા જણાવ્યું હતું. આમ, શાહિદની માતા અને ભાઈ જુબાનીમાંથી ફરી જવા સતત દબાણ કરતાં હોવાનું જણાવતાં માંડવી મરીન પોલીસે બીએનએસ કલમ ૨૩૨ (૧) અને ૫૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■



રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૨૧૬ કરોડથી વધુના વિકાસકામને મંજૂરી અપાઈ હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

## રાજકોટ ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળા સામે સગી બહેને ૨૦૦ કરોડની જમીન હડપવા ખોટી સહી કરાવ્યાનો આક્ષેપ કરતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળા સહિત તેના ભાઈ-ભત્રીજા સામે સગી બહેને જ ખોટી સહી કરાવી જમીન હડપવાનો આરોપ લગાવતા ખળભળાટ મચી ગયો હતો. રૂપિયા ૨૦૦ કરોડની જીન રમેશ ટીલાળા અને તેના મોટાભાઈ મગનભાઈ સહિતનાઓ હડપ કરવા માગતા હોવાનો આક્ષેપ ખુદ તેમના જ બહેન દયાબેન ઉંધાડે કર્યો હતો. શાપરમાં આશરે ૨૦૦ કરોડ રૂપિયાની વડીલોપાજીર્ત જમીન અંગે કોર્ટમાં કેસ ચાલે છે. આ જમીન હડપ કરવા રમેશભાઈ ટીલાળા, તેમના મોટાભાઈ મગનભાઈ અને તેનો પુત્ર પ્રકાશ સહિતનાઓ પ્રયાસો કરી રહ્યા છે. આ માટે દયાબેન અને કિરણબેન સુદાણીની ખોટી સહીઓ પણ કરવામાં આવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય ટીલાળાના ભાણેજ ચેતનભાઈ ઉંધાડે જણાવ્યું કે ૨૦૦ કરોડ રૂપિયાની વડીલોપાર્જિત જમીન અંગે કોર્ટમાં ચાલી રહેલા કેસ અંગે તેના માતા દયાબેન શાપર ગયા હતા.તેમના મોટા મામા મગનભાઈ પણ ત્યાં પહોંચી ગયા હતા. જેમણે તેની માતાને ગાળો દઈ કહ્યું હતું કે તમારી આ જગ્યા નથી, ભીખ માંગવી હોય તો રોડ ઉપર જતા રહો, તમે આ જમીનમાંથી નીકળી જાવ, અહીં ભીખ મળશે નહીં. ત્યાર પછી શાપર પોલીસને જાણ કરી હતી. જેથી તેનો સ્ટાફ આવી તેની માતા દયાબેનને પોલીસ સ્ટેશને લઈ ગયો હતો. જ્યાં સવારે ૧૦.૩૦ વાગ્યાથી રાત્રે નવેક વાગ્યા સુધી કોઈપણ ગુના વગર બેસાડી રાખ્યા હતા. પોલીસ તેના મામા રમેશભાઈ કહે એટલું જ કરે છે, અમારી કોઈ ફરિયાદો નોંધતી નથી. ગઈકાલે રાત્રે શાપર પોલીસ મથકમાં હાજર પોલીસમેનોએ તેની માતા દયાબેનને સામાવાળા જયાં કહે ત્યાં સહી કરી દેવા અને દોઢ કરોડ લઈ લેવા ધમકાવ્યા હતા. સગી બહેન અને ભાણેજ દ્વારા રમેશ ટીલાળા તથા તેના ભાઈ પર આક્ષેપ કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. ■

## બેટ દ્વારકાના કેશવરાયજી મંદિરને ડિમોલિશનની નોટિસ અપાતા આક્રોશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેટ દ્વારકામાં કેશવરાયજી મંદિરના દબાણને હટાવવા તંત્રની નોટિસ મળતા પુષ્કર્ણા બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ દ્વારા હાઈ કોર્ટમાં ફરિયાદ કરાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બેટ દ્વારકામાં હનુમાન દાંડી જવાના માર્ગે શંખ સરોવર પાસે કૃષ્ણ ભગવાનના જ એક રૂપ એવા કેશવરાયજીનું પૌરાણિક મંદિર મુખ્ય રસ્તાથી ૫૦ મીટર અંદરની તરફ આવેલું છે. આ મંદિરથી ગૌચરની જમીન પર દબાણ થયું હોવાનું તેમજ બેટ દ્વારકા કોરીડોર વિકાસને નડતરરૂપ હોવાનું જણાવી તંત્ર દ્વારા કેશવરાયજી મંદિરને નોટિસ આપવામાં આવી હતી. દબાણ નહીં હટાવાય તો મંદિર સંચાલકોના જોખમે તંત્ર દબાણ હટાવવા કાર્યવાહી કરશે તેવી નોટિસ અપાતા ભારે ચર્ચા જામી હતી.

પુષ્કર્ણા બ્રાહ્મણોના ઇષ્ટદેવ એવા કેશવરાયજી મંદિરને તોડી પાડવાની તંત્રની તજવીજ સામે સમગ્ર ભારતમાં રહેતા પુષ્કર્ણા બ્રહ્મ સમુદાયમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ હતી. આ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર, ધારાસભ્ય, પ્રાંત અધિકારી, ઓખા નગરપાલિકાના સત્તાવાળાઓને પણ પુષ્કર્ણા બ્રહ્મ સમુદાયના અગ્રણીઓએ રજૂઆત કરવામાં આવી હતી તેમજ આ અંગે હાઈ કોર્ટમાં પણ ફરિયાદ કરવામાં આવી હતી. ■

## ડિસેમ્બરમાં ભર શિયાળે વીજચોરીના સૌરાષ્ટ્ર, કચ્છમાં ૭૭૬૮ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડિસેમ્બર ૨૦૨૪માં પીજીવીસીએલના સૌરાષ્ટ્ર અને કચ્છ ડિવિઝને ૭૭૬૮ વીજ જોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. વીજચોરોને ૨૮.૯૭ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર, કચ્છમાં હિટર, ગીઝર સહિતના ઉપકરણોનો વપરાશ વધે છે અને આ માટે કેટલીક ગેરરીતી આચરવામાં આવે છે. આ ગેરરીતીમાં ડાયરેક્ટ લંગર, વાયરથી મીટર બાયપાસ, ટેરીફ ચેન્જ, લોડ વધારો વગેરે જોવા મળ્યા હતા. અમરેલીમાંથી ૨.૨૪ કરોડ, અંજારમાંથી ૪.૪૬ કરોડ, ભાવનગરમાંથી ૪.૮૦ કરોડ, ભૂજમાંથી ૧.૩૪ કરોડ, બોટાદમાંથી ૧.૨૧ કરોડ, જામનગરમાંથી ૪.૭૮ કરોડ, જૂનાગઢમાંથી ૧.૦૫ કરોડ, મોરબીમાંથી ૦.૯૬ કરોડ, પોરબંદરમાંથી ૧.૮૭ કરોડ, રાજકોટ સિટીમાંથી ૧.૬૨ કરોડ, રાજકોટ રૂરલમાંથી ૨.૩૨ કરોડ અને ભાવનગરમાંથી ૨.૩૨ કરોડ એમ કુલ ૨૮.૯૭ કરોડની વીજ ચોરી પકડાઈ હતી. પીજીવીસીએલ દ્વારા દંડની કાર્યવાહી કરવામાં આવતાં કરચોરોમાં ફફડાટ ફેલાયો હતો. ■

## ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દ્વારા સતત ૧૩માં વર્ષે વિદ્યાર્થીઓને પતંગ ફિરકીઓનું વિતરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ આગામી મકરસંક્રાંતિના ઉજવણીના ભાગ રૂપે ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દ્વારા સતત ૧૩માં વર્ષે પણ દીકરા-દીકરીઓ મકરસંક્રાંતિનું પર્વ ઉત્સાપૂર્વક ઉજવી શકે તેવા ઉમદા હેતુથી આ વખતે પણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર પશ્ચિમની વોર્ડની કાળીયાબીડ, બોરતળાવ, વરતેજ તેમજ દિવ્યાંગ બાળકો શાળાના વિદ્યાર્થીઓને પતંગો અને બિસ્કિટ અને ચિક્કીનું વિતરણ કર્યું હતું, તેમણે અંદાજિત ૫૦,૦૦૦ પતંગ સાથે ફીરકીઓ અને ૧૦,૦૦૦ બિસ્કિટના પેકેટોનું વિતરણ કર્યું હતું.

પશ્ચિમની શાળામાં ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઈ બારડ, સહિતની ઉપસ્થિતિમાં પતંગો તથા બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ■

## ભાવનગરના તળાજા પંથકમાં એકીસાથે ચાર વાહનનો અકસ્માત એકનું મોત, ત્રણ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં અલગ અલગ બે બનાવમાં બે વ્યક્તિનાં મોત અને વાહનમાં મુસાફરી કરનાર ત્રણ વ્યક્તિને ઇજાઓ થઈ હતી. બંને બનાવની તળાજા રેફરલ હોસ્પિટલ પરથી મળતી વિગતો મુજબ તળાજા ભાવનગર નેશનલ હાઇવે પર બપાડા ગામના પાટિયા પાસે સાંજઢળે તે પહેલાં એકીસાથે ચાર ચાર વાહનો વચ્ચે અકસ્માત થયોહતો.વેરાવળ-ભાવનગર રૂટની બસ, બોલેરો, છોટાહાથી અને બાઈક એમ ચાર વાહન વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં તાલુકાના મૂળ ભાલર ગામના અને હાલ બપાડા ના પાટીએ રહેતા બાઈક ચાલક સુરેશ જીણાભાઈ રાઠોડ ઉ.વ. ૩૫નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બસમાં સવાર ભાવનગર ના જગદીશ માલજીભાઈ જાદવ અને રાજુ અરજણભાઈ ચીણોલ તથા બોલેરો ચાલક અમજદ અહેમદભાઈ મલેક રે.સા.કુંડલા ને ઇજાઓ થવા પામી હતી. બોલેરો ચાલક એ કહ્યું હતુંકે ઘણા હોર્ન મારવા છતાંય બાઈક આડી આવીને અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતના કારણે કારના બે કટકા થઈ ગયા હતા. અકસ્માતના બનાવને લઈ ડે.કલેકટર સોલંકી,મામલતદાર જાનીને ખબર મળતા જ તેઓએ દોડીજઈ ઇજાગ્રસ્તોને બે ૧૦૮ મારફતે તળાજા હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવાની માનવીય ફરજ નિભાવી હતી. સાથે હોસ્પિટલની પણ વિઝિટ કરી હતી. બીજો એક અપમૃત્યુનો બનાવ મોટી માંડવાળી ગામે બન્યો હતો. સરવૈયા ડાયાભાઈ વિરાભાઈ ઉ.વ.૬૮ અહીં અકસ્માતએ કૂવામાં પડી જતા તેઓનું મૃત્યુ થતા પી. એમ માટે અહીં લાવવામાં આવ્યા હતા. ■

## કચ્છમાં ઠંડીનું મોજું યથાવત્‌ઃ નલિયા ૬.૨ ડિગ્રી સાથે બન્યું શીતાગાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ અને બનાસકાંઠાના રણ વિસ્તારમાં ગાત્રો થીજાવતી ઠંડીનું મોજું બરકરાર રહેવા પામ્યું છે અને કચ્છના અબડાસા,નખત્રાણા,રાપર અને પાડોશી બનાસકાંઠાના કેટલાક વિસ્તારોમાં વહેલી સવારે હિમ પડ્યો હતો, જયારે અબડાસામાં કેટલાંક સ્થળોએ વાહનો અને ખેતરોમાં આવેલાં કાચાં મકાનોનાં છાપરાં પર આછા બરફની ચાદર ફેલાઈ ગઈ હતી. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે આજે લઘુતમ તાપમાનનો આંક ૬.૨ ડિગ્રી સે.પર સ્થિર રહેવા પામ્યો છે અને આ ખૌફનાક ઠંડીએ જનજીવનને પણ જાણે ‘ઠાર’ કરી નાખ્યું હતું.

અબડાસા તાલુકાના નલિયા ઉપરાંત ભવાનીપર, વાયોર, મોટી બેર, બીટ્ટા, તેરા,કંકાવતી જેવાં સ્થળોએ ખેતરોમાં જમીન પર આછા બરફનું આવરણ જોવા મળ્યું હતું, તો બીજી તરફ ભુજ ખાતે પણ લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી સે. જેટલું નોંધાયું હતું પણ પવનોની ઝડપ ઉત્તર-પૂર્વીય દિશામાં ૧૪ કિલોમીટરની થઇ જતાં ઠંડીની તીવ્રતા વધી છે. કચ્છમાં આ પોષ મહિનાની પ્રીત સમી મારકણી ઠંડીનો માહોલ હજુ બરકરાર રહેશે તેવી મોસમ વિભાગે આગાહી કરી છે. ■

## કચ્છના ગોધરાની યુવતીની ઘાતકી હત્યાના માત્ર સાત દિવસમાં તપાસ પૂર્ણ કરી લેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના ગોધરા ગામે વહેલી સવારે ગત ૩૦મી ડિસેમ્બરના રોજ બસ સ્ટોપ પાસે ઊભીને, તુંબડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કરાર આધારિત જગ્યા પર નોકરી પર જવા બસની પ્રતીક્ષા કરી રહેલી ૩૨ વર્ષીય ગવરી તુલસીદાસ ગરવા નામની પરિચારિકાને મોટરસાઇકલ પર આવેલા બે શખ્સ પૈકીના પ્રેમાંધ યુવાન દ્વારા તલવાર અને ગુપ્તી વડે ઘાતકી હત્યા કરવાના રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલા ગુનામાં પોલીસે એક જ સપ્તાહની અંદર હત્યારા સામે ચાર્જશીટ રજૂ કરી દીધી હતી.

ગવરી ઘરેથી પગપાળા નીકળી બસ સ્ટેન્ડ તરફ જતી હતી ત્યારે કોડાય રહેતા સાગર સંઘાર નામના યુવકે તલવાર અને ગુપ્તી વડે હુમલો કરી સ્થળ પર હત્યા નીપજાવી હતી. આ ઘટનાના પ્રત્યાઘાતરૂપે ગત શનિવારે ભુજમાં સર્વ સમાજ અને રાજકીય પક્ષોએ મૌન રેલી યોજી હતી. આરોપી સામેનો ખટલો ઝડપથી પૂરો થાય તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ચલાવવા, હતભાગીને ન્યાય મળે તે માટે વિશેષ સરકારી વકીલની નિમણૂક કરવા, મૃતકના પરિવારજનોને સરકારી રાહે વળતર આપવા સહિતની માગણીઓ મુકાઈ હતી. લોકમાંગણીનો પડઘો પડતો હોય તેમ રેન્જ આઈજી ચિરાગ કોરડીયાની સૂચનાના પગલે એસસી/એસટી સેલની ટુકડીએ ફક્ત સાત દિવસમાં જ જરૂરી સજજડ પૂરાવા એકત્ર કરી લઈને આરોપી સામેની તપાસ પૂરી કરી દઈ કોર્ટમાં તહોમતનામું દાખલ કરી દીધું છે.

આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર નીમવા માટે પણ પોલીસ તંત્રએ સંબંધિત સરકારી વિભાગોને ભલામણ કરતો પત્ર પાઠવ્યો છે.

પોલીસ તપાસમાં સ્પષ્ટ થયું છે કે આરોપી સાગર સંઘાર અને મૃતક વચ્ચે છએક માસથી પ્રેમ સંબંધ હતો. સાગર ગવરી જોડે લગ્ન કરવા ઈચ્છતો હતો પરંતુ ગવરીએ લગ્ન કરવાનો સાફ ઈનકાર કરી દેતાં રોષે ભરાઈને તેણે તેની હત્યા કરવાનું ષડયંત્ર ઘડ્યું હતું. ગવરીના નિત્યક્રમથી વાકેફ સાગર મોટરસાઇકલ પર બનાવ સ્થળે આવ્યો હતો અને તાલિબાની પદ્ધતિથી ગવરીનું ઢીમ ઢાળી દીધા બાદ પોતે ઝેર પીધું હોવાનું કહીને સરકારી હોસ્પિટલમાં દાખલ થઈ ગયો હતો. ■

## ભાવનગરમાં ટ્રકમાં શેરડીની આડમાં મહુવા લઈ જવાતો દારૂ, બિયરના જથ્થા સહિત ₹ ૭.૬૬ લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર એલ.સી.બી. પોલીસ સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે બાતમી મળી હતી કે, ટ્રકમાં બહારનાં રાજયમાંથી શેરડીની આડમાં ભારતીય બનાવટનો પરપ્રાંત ઇંગ્લિશ દારૂનો જથ્થો ભરેલ ટ્રક લઇને કોબડી ટોલનાકા પસાર કરી મહુવા તરફ જવાનો હતો. બાતમી આધારે વોચમાં રહેતાં ટ્રકમાં શેરડીની આડમાં ભારતીય બનાવટનાં ઇંગ્લિશ દારૂની નાની-મોટી પ્લાસ્ટિક/ કાચની કંપની સીલપેક ફોર સેલ ઇન મહારાષ્ટ્ર સ્ટેટ ઓન્લી લખેલ બોટલો તથા બિયર ટીનનો ૨.૬૩ લાખનો જથ્થો મળી આવ્યો હતો. આથી મનોજગીરી ભુપતગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૮) પ્રભાત ભોળાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦,) મળી આવતા ધરપકડ કરાઈ હતી. જ્યારે યુનુસ અને નટુભાઇ જોધાભાઇ બારૈયા (રહે. બંને મહુવા) ના નામ ખૂલ્યા હતા.

ચારેય તેઓ વિરુદ્ધ ભાવનગર, વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ટ્રક મળી કુલ કિ. રૂ.૭,૬૬,૧૦૪/-નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ■